# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

09 FEBRUARY, 2026 MONDAY



પેજ 2



ડભોઈના અંગૂઠણ ગામે મા સિકોતર ધામનો 42મો અખંડ નવચંડી યજ્ઞ હર્ષોલ્લાસ સાથે સંપન્ન

પેજ 3



એશિયાની સૌથી મોટી બારડોલી સુગર ફેક્ટરીમાં ભ્રષ્ટાચારના કારણે ખેડુતોને શેરડીના યોગ્ય ભાવ નથી મળતા

પેજ 7



નરહરી અમીને બંધ કરાવેલો કટ ખોલાવવા લોકો ફરી રસ્તે ઉતર્યા

પેજ 5



ગોધરા ખાતે કેન્સર જાગૃતિને લઈને "આરોગ્યમ વોકાથોન - 2026 નું ભવ્ય આયોજન



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 316 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


### પાકિસ્તાન-ચીન સામે અમેરિકાનું 'ગદ્દર' ; શાહબાઝ ને જિનપિંગ સમસમી ગયા

# અમેરિકાએ PoK અને અક્સાઈ ચીનને ભારતના નકશામાં બતાવી દીધા

## અમેરિકા પહેલાના નકશાઓમાં PoK ને અલગથી દર્શાવતું હતું. આંતરરાષ્ટ્રીય મંચો અને પશ્ચિમી દેશોના સરકારી નકશાઓમાં પણ વિવાદિત ભાગોને અલગ રંગ અથવા 'ડોટેડ લાઈન્સ'થી દર્શાવવામાં આવે છે

• વોશિંગ્ટન ડીસી

ભારત અને અમેરિકાએ શુક્રવારે એક વચગાળાની ટ્રેડ ડીલનું ફ્રેમવર્ક જાહેર કર્યું. આ જાહેરાત સાથે અમેરિકી ટ્રેડ ઓફિસ (USTR)એ ઈન્ડિયન મેપ શેર કર્યો.આ મેપમાં આખો જમ્મુ-કાશ્મીર પ્રદેશ, જેમાં પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર (PoK) અને અક્સાઈ ચીન (ચીનના કબજા હેઠળનો વિસ્તાર) બતાવાયો છે, તેમને ભારતનો ભાગ દર્શાવવામાં આવ્યો છે. આ નકશો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયો. અમેરિકા પહેલાના નકશાઓમાં PoK ને અલગથી દર્શાવતું હતું. આંતરરાષ્ટ્રીય મંચો અને પશ્ચિમી દેશોના સરકારી નકશાઓમાં પણ વિવાદિત ભાગોને અલગ રંગ અથવા 'ડોટેડ લાઈન્સ'થી દર્શાવવામાં આવે છે.આ વખતે ટ્રમ્પ સરકારે જાણીજોઈને કે અજાણતામાં એક એવો નકશો શેર કર્યો, જે ભારતની સીમાઓને સંપૂર્ણપણે માન્યતા આપે છે.ભારત હંમેશાંથી જમ્મુ-કાશ્મીરને પોતાનો અભિન્ન અંગ માનતું આવ્યું છે.ભારત અને પાકિસ્તાન વચ્ચે PoK વિવાદ જમ્મુ-કાશ્મીર ક્ષેત્ર સાથે સંકળાયેલો સૌથી જૂનો વિવાદ છે. આ 1947થી ચાલી રહ્યો છે અને બંને દેશો વચ્ચે યુદ્ધ, તણાવ અને રાજદ્વારી લડાઈનું કારણ બન્યો છે.

1947: ભારત-પાકિસ્તાન વિભાજનભારતના વિભાજન સમયે જમ્મુ-કાશ્મીર એક રજવાડું (પ્રિન્સલી સ્ટેટ)હતું, જેના મહારાજા હરિ સિંહ હિન્દુ હતા, પરંતુ વસતિમાં મુસ્લિમ બહુમતી હતી. વિભાજનના નિયમ મુજબ, રજવાડાં ભારત કે પાકિસ્તાનમાં જોડાઈ શકતાં હતાં અથવા સ્વતંત્ર રહી શકતાં હતાં.

1947-48: પહેલું ભારત-પાકિસ્તાન યુદ્ધપાકિસ્તાનથી આવેલા મિલિશિયાએ કાશ્મીર પર હુમલો કર્યો. મહારાજા હરિ સિંહે મદદ માટે ભારતનો સંપર્ક કર્યો અને 26 ઓક્ટોબર 1947ના રોજ ઈન્સ્ટ્રુમેન્ટ ઓફ એક્સેસન (વિલય પત્ર) પર હસ્તાક્ષર કર્યા, જેનાથી જમ્મુ-કાશ્મીર ભારતનો ભાગ બની ગયું. ભારતે સૈન્ય મદદ મોકલી.યુદ્ધ દરમિયાન પાકિસ્તાને પ્રદેશના પશ્ચિમી અને ઉત્તરીય ભાગ




પર કબજો કરી લીધો, જેને હવે PoK કહેવાય છે. 1949માં UNની મધ્યસ્થીથી યુદ્ધવિરામ થયો અને સીઝફાયર લાઈન (પછીથી લાઈન ઓફ કંટ્રોલ - LoC) બનાવવામાં આવી, જે બંને દેશોના નિયંત્રણને અલગ પાડે છે.ભારતનો દાવોભારત કહે છે કે આખું જમ્મુ-કાશ્મીર (PoK સહિત) તેનો અભિન્ન અંગ છે, કારણ કે મહારાજાએ ભારતમાં વિલય કર્યો હતો. 2019માં અનુચ્છેદ 370 હટાવ્યા પછી જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યા. ભારત PoKને ગેરકાયદે કબજો માને છે અને એને પાછો લેવાની વાત કરે છે.પાકિસ્તાનનો દાવોપાકિસ્તાન કહે છે કે કાશ્મીર મુસ્લિમ બહુલ ક્ષેત્ર છે, તેથી તે પાકિસ્તાનનો ભાગ હોવો જોઈએ. પાકિસ્તાન PoKને આઝાદ કાશ્મીર કહે છે અને ત્યાં પોતાની રીતે સરકાર ચલાવે છે. પાકિસ્તાન UNના જૂના પ્રસ્તાવોનો હવાલો આપે છે, જેમાં કાશ્મીરીઓને જનમત સંગ્રહનો અધિકાર આપવાની વાત હતી.અમેરિકાએ આ મેપ શેર કરીને પાકિસ્તાનને કડક સંદેશ આપ્યો છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે 5 ફેબ્રુઆરીએ નિવેદન જારી કરીને કહ્યું હતું કે કાશ્મીર પાકિસ્તાનનો ભાગ બનશે. શાહબાઝ શરીફે કહ્યું કે પાકિસ્તાન કાશ્મીરીઓ સાથે મજબૂતીથી ઊભું છે અને જમ્મુ-કાશ્મીર વિવાદનો ઉકેલ કાશ્મીરના લોકોની ઈચ્છા મુજબ થવો જોઈએ. શાહબાઝે કહ્યું કે જમ્મુ-કાશ્મીર વિવાદનું સમાધાન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ના પ્રસ્તાવોને લાગુ કરવાથી જ થઈ શકે છે.તેમણે કહ્યું, 'હું પાકિસ્તાની લોકો અને પાકિસ્તાની નેતૃત્વ વતી કાશ્મીરના મારા ભાઈઓ સાથે એકતા દર્શાવવા આવ્યો છું.' તેમણે કહ્યું કે પાકિસ્તાનના સ્થાપક મહમદ અલી ઝીણાએ આ ક્ષેત્રને પાકિસ્તાનની લાઈફ લાઈન ગણાવ્યું હતું.શાહબાઝ શરીફે કહ્યું કે કાશ્મીરનો મુદ્દો પાકિસ્તાનની ફોરેન પોલિસીનો આધાર છે. શાહબાઝે ભારત અને પાકિસ્તાન વચ્ચે મે 2025માં થયેલા ચાર દિવસીય સૈન્ય સંઘર્ષને પણ યાદ કર્યો. તેમણે દાવો કર્યો કે આ સંઘર્ષ પછી કાશ્મીર મુદ્દો ફરી એકવાર આંતરરાષ્ટ્રીય સ્તરે પૂરી તાકાત સાથે ઉઠાવવામાં આવ્યો છે.તેમણે આરોપ લગાવ્યો કે ભારત હવે પ્રોક્સી દ્વારા આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યું છે. પાકિસ્તાન દાવો કરે છે કે મિલિટન્ટ ગ્રુપ બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA)ને ભારતનો ટેકો મળે છે, જ્યારે ભારત આવા આરોપોને હંમેશાં નકારતું રહ્યું છે.અક્સાઈ ચીન વિવાદ ભારત અને ચીન વચ્ચેના સૌથી જૂના અને સૌથી સંવેદનશીલ સરહદી વિવાદોમાંનો એક છે.

---

### મોબાઇલ પર કોઈપણ ક્લાસનું લેક્ચર મનપસંદ શિક્ષકના અવાજમાં મળશે

# એજ્યુકેશનમાં AI- અભ્યાસ માટે UPI જેવું પ્લેટફોર્મ બનશે

• નવી દિલ્હી

AI થી દેશની શિક્ષણ વ્યવસ્થામાં મોટો બદલાવ થવા જઈ રહ્યો છે. અભ્યાસ માટે UPI જેવું રાષ્ટ્રીય ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવી રહ્યું છે.આના દ્વારા સ્કૂલ-કોલેજના કોઈપણ વિષયનો કોઈપણ ટોપિક મોબાઈલ પર ઓડિયો અને વીડિયોમાં ઉપલબ્ધ થશે. વિદ્યાર્થીઓ પોતાની પસંદગીની ભાષા અને શિક્ષકના અવાજમાં લેક્ચર સાંભળી શકશે. આ પ્લેટફોર્મ 'ભારત બોધન AI સ્ટેક'ના નામથી વિકસાવવામાં આવી રહ્યું છે.જેમ ભીમ, ગૂગલપે, પેટીએમ અને ફોનપે જેવી એપ્સ UPI પર કામ કરે છે, તેવી જ રીતે શિક્ષણ સાથે જોડાયેલી મોબાઈલ એપ્સ 'ભારત બોધન' AI સ્ટેક પર કામ કરશે.આ પ્લેટફોર્મ સંપૂર્ણપણે કસ્ટમાઈઝ્ડ હશે. વિદ્યાર્થી જેવો પ્રશ્ન પૂછશે, તે મુજબ લેક્ચર તૈયાર થશે. વિદ્યાર્થીઓ ઓડિયો કે વીડિયોનો વિકલ્પ પસંદ કરી શકશે. ભાષા બદલવા છતાં પણ શિક્ષકનો ટોન અને ભણાવવાની રીત એ જ રહેશે. આ ઈન્ટરેક્ટિવ હશે, જેનાથી વિદ્યાર્થીઓ પ્રશ્નો પૂછીને તરત જ જવાબ મેળવી શકશે.શિક્ષણમાં AIના સંસ્થાકીય ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે 12 ફેબ્રુઆરીના રોજ નવી દિલ્હીના ભારત મંડપમમાં 'બોધન AI' પહેલની ઔપચારિક શરૂઆત કરવામાં આવશે. આ પ્રસંગે 'ભારત બોધન AI કોન્ક્લેવ'માં પસંદગીના AI સોલ્યુશન્સનું પ્રદર્શન પણ કરવામાં આવશે.ભારત બોધન AI સ્ટેક હેઠળ શાળાકીય શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, કૌશલ્ય વિકાસ, AI સંશોધન અને ડીપ ટેકનોલોજી સંબંધિત દરખાસ્તો મંગાવવામાં આવી છે. આ તમામ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાને અનુરૂપ હશે. પ્લેટફોર્મને તબક્કાવાર રીતે દેશભરમાં લાગુ કરવામાં આવશે. શિક્ષણ મંત્રાલયે આઈઆઈટી મદ્રાસમાં એઆઈ ઈન એજ્યુકેશન માટે સેન્ટર ફોર એક્સેલન્સની સ્થાપના કરી છે. તેને 'આઈઆઈટી મદ્રાસ બોધન એઆઈ ફાઉન્ડેશન' નામ આપવામાં આવ્યું છે. આ કેન્દ્રને ભારત બોધન એઆઈ સ્ટેક હેઠળ સ્કેલેબલ એઆઈ સોલ્યુશન્સ વિકસાવવાની જવાબદારી સોંપવામાં આવી છે.મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અનુસાર, જો ધોરણ 12નો કોઈ વિદ્યાર્થી ઓપ્ટિક્સનો અભ્યાસ કરવા માગે છે તો તે પ્લેટફોર્મ પર વિષય પસંદ કરી શકશે. એનસીઈઆરટી અને રાજ્ય બોર્ડની પાઠ્યપુસ્તકોને AI રિપોઝીટરીનો ભાગ બનાવવામાં આવશે. તેને બે વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

---

# સલમાન ખાન RSSના કાર્યક્રમમાં પહોંચ્યા:મુંબઈમાં ભાગવતે કહ્યું- BJP સંઘનો રાજકીય પક્ષ નથી

• મુંબઈ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના 100 વર્ષ પૂરા થવા પર મુંબઈમાં શનિવારે આયોજિત કાર્યક્રમમાં બોલિવૂડ અભિનેતા સલમાન ખાન પણ સામેલ થયા. તેઓ ફિલ્મમેકર સુભાષ ઘાઈ અને ગીતકાર પ્રસૂન જોશી સાથે મંચની સામે બેઠા અને RSS પ્રમુખ મોહન ભાગવતનું ભાષણ સાંભળ્યું.આ કાર્યક્રમમાં સંઘ પ્રમુખ મોહન ભાગવતે કહ્યું કે ભારતમાં રહેનાર દરેક વ્યક્તિ હિંદુ છે. RSS કોઈના વિરુદ્ધ નથી અને ન તો તેને સત્તા કે પાવરની ઈચ્છા છે. સંઘ રાજનીતિમાં સીધા સામેલ નથી, જોકે સંઘના કેટલાક લોકો રાજનીતિમાં સક્રિય છે. ભાગવતે કહ્યું,ભાગવતે કહ્યું- ભારતનું વિભાજન ધર્મને કારણે થયું. અમે કહ્યું કે અમે બધા ધર્મોનું સન્માન કરીએ છીએ, કારણ કે અમે હિંદુ છીએ. ઈસ્લામ, ખ્રિસ્તી ધર્મ હજુ પણ ભારતમાં મોજૂદ છે. અથડામણો થાય છે, પરંતુ દેશ એકજૂટ રહ્યો છે. હિંદુ ભાવનાને ભૂલી જવું પણ વિભાજનનું કારણ બન્યું.સંઘ દેશમાં ચાલી રહેલા સકારાત્મક પ્રયાસોને સમર્થન અને મજબૂતી આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સંઘ કોઈ પેરામિલિટરી ફોર્સ નથી. રૂટ માર્ચ અને સ્વયંસેવકોના લાઠી અભ્યાસ છતાં RSS ને અખાડા કે સૈન્ય સંગઠન તરીકે ન જોવા જોઈએ.હિંદુત્વ અપનાવવાથી કોઈને કંઈ પણ છોડવું પડતું નથી. ન તમારી પૂજા-પદ્ધતિ બદલાય છે, ન ભાષા, ન રહેણીકરણી. હિંદુત્વનો અર્થ છે સુરક્ષા અને સાથે રહેવાનો ભરોસો. આ કોઈ એક ધર્મને થોપવાની વાત કરતું નથી.લોકોની આસ્થા, ખાવા-પીવાની આદતો અને ભાષા અલગ હોઈ શકે છે, પરંતુ આપણે બધા એક જ સમાજ, સંસ્કૃતિ અને દેશનો ભાગ છીએ.

---

### મંત્રી વિજય શાહે સોશિયલ મીડિયા પર વીડિયો જાહેર કર્યો છે

# મંત્રી વિજય શાહે કર્નલ સોફિયા મામલે ચોથી વાર માફી માંગી:સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પહેલાં વીડિયો જાહેર કર્યો

• ભોપાલ

કર્નલ સોફિયાને લઈને આપેલા નિવેદન અંગે સુપ્રીમ કોર્ટમાં સુનાવણીના બે દિવસ પહેલાં મધ્યપ્રદેશના આદિજાતિ કલ્યાણ મંત્રી વિજય શાહે ફરી એકવાર માફી માંગી છે. તેમણે સોશિયલ મીડિયા પર વીડિયો જાહેર કર્યો છે.

શાહે કહ્યું- મેં પહેલા પણ ઘણી વાર કહ્યું છે, મારો એવો કોઈ ઉદ્દેશ્ય નહોતો કે કોઈ મહિલા અધિકારી, ભારતીય સેના કે સમાજ, કોઈ વર્ગનું અપમાન થાય. તે શબ્દો નિઃશંકપણે મારી ભાવનાને અનુરૂપ નહોતા. તે શબ્દો દેશભક્તિના ઉત્સાહ , ઉત્તેજના અને આવેશમાં નીકળ્યા હતા. ભૂલ પાછળની ભાવનાને અવશ્ય જોવી જોઈએ. આપ સૌ જાણો છો કે મારી કોઈ દુર્ભાવના નહોતી.

મેં અંતઃકરણથી ક્ષમા યાચના કરી. ઘણી વાર કરી છે. આજે ફરી કરી રહ્યો છું. મારા માટે અત્યંત પીડાદાયક છે કે મારી નાની ભૂલથી આવો વિવાદ ઉત્પન્ન થયો. મને વિશ્વાસ છે કે મારી ભાવનાઓને સાચા સંદર્ભમાં જોવામાં આવશે. ભારતીય સેના પ્રત્યે મારા મનમાં હંમેશા સન્માન રહ્યું છે અને રહેશે.

જાહેર જીવનમાં રહીને આવા શબ્દોની મર્યાદા, સંવેદનશીલતા અત્યંત આવશ્યક છે. આ ઘટનાથી મેં આત્મમંથન કર્યું છે. બોધપાઠ લીધો છે. જવાબદારી સ્વીકારું છું. ભવિષ્યમાં વાણી પર નિયંત્રણ રહેશે. આવી ભૂલ ફરી નહીં થાય. એકવાર ફરી તે મામલે હું આપ સૌ નાગરિકોથી, ભારતીય સેનાથી, સૌ લોકોથી અંતઃકરણપૂર્વક માફી માંગુ છું.

11 મેના રોજ ઈન્દોરના મહુના રાયકુંડા ગામમાં આયોજિત કાર્યક્રમમાં મંત્રી વિજય શાહ સંબોધન કરી રહ્યા હતા. તેમણે ઓપરેશન સિંદૂરને લઈને કહ્યું હતું- 'તેમણે (આતંકવાદીઓએ) કપડાં ઉતારી-ઉતારીને આપણા હિંદુઓને માર્યા અને મોદીજીએ તેમની બહેનને તેમની એસી કી તેસી કરવા તેમના ઘરે મોકલી.'

શાહે આગળ કહ્યું- 'હવે મોદીજી કપડાં તો ઉતારી ન શકે. એટલે તેમની સમાજની બહેનને મોકલી કે તમે અમારી બહેનોને વિધવા કરી છે તો તમારા સમાજની બહેન આવીને તમને નગ્ન કરીને છોડશે. દેશનું માન-સન્માન અને આપણી બહેનોના સુહાગનો બદલો તમારી જાતિ, સમાજની બહેનોને પાકિસ્તાન મોકલીને લઈ શકીએ છીએ.'

---

# બાંગ્લાદેશને 35 વર્ષ પછી નવા PM મળશે ચૂંટણી પર ભારત-પાક અને ચીનની નજર

### બદલાઈ જશે સાઉથ એશિયાનું પાવર બેલેન્સ

• ઢાકા

બાંગ્લાદેશમાં 12 ફેબ્રુઆરીએ સંસદીય ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. પૂર્વ પીએમ શેખ હસીનાના દેશ છોડ્યા પછી અને ખાલિદા ઝિયાના નિધન પછી આ પહેલી ચૂંટણી છે. 1991થી 2024 સુધી બાંગ્લાદેશના રાજકારણમાં આ બે નેતાઓનું વર્ચસ્વ રહ્યું.આવી સ્થિતિમાં, 35 વર્ષ પછી દેશને નવા વડાપ્રધાન મળશે. શેખ હસીનાની પાર્ટી અવામી લીગને આ ચૂંટણીમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી નથી. ચૂંટણી પંચનું કહેવું છે કે 2024માં થયેલા વિદ્યાર્થી આંદોલન દરમિયાન થયેલી હિંસામાં પાર્ટીની ભૂમિકાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.અલ જઝીરા અનુસાર, નિષ્ણાતોનું કહેવું છે કે બાંગ્લાદેશની આ ચૂંટણીઓ માત્ર દેશના રાજકારણને જ નહીં, પરંતુ સમગ્ર દક્ષિણ એશિયાની રાજદ્વારી અને સત્તા સંતુલનને બદલી શકે છે. તેથી ભારત, પાકિસ્તાન અને ચીન પણ આ ચૂંટણીઓ પર નજર રાખી રહ્યા છે.1991થી 2024 સુધી બાંગ્લાદેશના રાજકારણમાં શેખ હસીના (જમણે) અને ખાલિદા ઝિયા (ડાબે)નું જ વર્ચસ્વ રહ્યું છે. 35 વર્ષ પછી આ પહેલી ચૂંટણી છે જેમાં બંને હાજર નથી.1991થી 2024 સુધી બાંગ્લાદેશના રાજકારણમાં શેખ હસીના (જમણે) અને ખાલિદા ઝિયા (ડાબે)નું જ વર્ચસ્વ રહ્યું છે. 35 વર્ષ પછી આ પહેલી ચૂંટણી છે જેમાં બંને હાજર નથી.બાંગ્લાદેશમાં ઓગસ્ટ 2024થી નોબેલ વિજેતા મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળ વચગાળાની સરકાર કામ કરી રહી છે. રાજકીય નિષ્ણાતોના મતે, હસીનાના સત્તા પરથી હટ્યા બાદ બાંગ્લાદેશની વિદેશ નીતિમાં મોટો બદલાવ આવ્યો છે.ભારત સાથેના સંબંધો હવે તેના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયા છે, જ્યારે પાકિસ્તાન સાથેના સંબંધો સુધર્યા છે અને ચીન સાથેના વ્યૂહાત્મક સંબંધો વધુ મજબૂત થયા છે.બાંગ્લાદેશમાં વિદ્યાર્થી આંદોલન પછી શેખ હસીનાને સત્તા છોડવી પડી. તેઓ ભારત આવી ગયાં, જેનાથી બંને દેશો વચ્ચે તણાવ શરૂ થયો.

---

### રશિયામાં ભારતીય વિદ્યાર્થીઓ પર જીવલેણ હુમલો

# મેડિકલ યુનિવર્સિટીની હોસ્ટેલમાં છરો લઈને ઘૂસ્યો 15 વર્ષનો હુમલાખોર

• રશિયા

રશિયાના બશ્કોર્તોસ્તાન રિપબ્લિકમાં આવેલા ઉફા શહેરની સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીના હોસ્ટેલમાં શનિવારે ઘણા વિદ્યાર્થીઓ પર ચાકુ વડે હુમલો થયો. હુમલામાં ચાર ભારતીય વિદ્યાર્થીઓ સહિત ઓછામાં ઓછા છ લોકો ઘાયલ થયા. ભારતીય દૂતાવાસે તેને દુર્ભાગ્યપૂર્ણ ઘટના ગણાવી છે.પ્રાથમિક માહિતી અનુસાર, એક 15 વર્ષનો છોકરો હાથમાં ચાકુ લઈને વિદેશી વિદ્યાર્થીઓના હોસ્ટેલના પ્લે હોલમાં ઘૂસ્યો અને ત્યાં ઘણા વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો. ધરપકડ દરમિયાન આરોપીએ પોલીસ પર પણ હુમલો કર્યો, જેમાં બે પોલીસકર્મી ઘાયલ થયા.ગૃહ મંત્રાલયના પ્રવક્તા મેજર જનરલ ઈરિના વોલ્કના જણાવ્યા અનુસાર, આરોપીએ પોતાને પણ ઈજા પહોંચાડી છે. ભારતીય દૂતાવાસે જણાવ્યું કે તે સ્થાનિક પ્રશાસનના સંપર્કમાં છે. કઝાન સ્થિત ભારતીય વાણિજ્ય દૂતાવાસના અધિકારીઓ ઘાયલ વિદ્યાર્થીઓને મદદ પૂરી પાડવા માટે ઉફા જવા રવાના થયા છે. રશિયન ફેડરલ સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, ઘાયલોમાંથી એકની હાલત ગંભીર છે, જ્યારે ત્રણની સ્થિતિ સ્થિર હોવાનું જણાવાયું છે. હુમલાખોરને ગંભીર હાલતમાં સ્થાનિક બાળકોની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.ઉફા પ્રશાસને ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે.ટેલિગ્રામ ચેનલ બાઝા અનુસાર, આરોપી એક પ્રતિબંધિત નિયો-નાઝી સંગઠન સાથે સંકળાયેલો હોવાનું કહેવાય છે. દાવો કરવામાં આવ્યો છે કે હુમલા દરમિયાન તે રાષ્ટ્રવાદી નારા લગાવી રહ્યો હતો.

---

# જાપાન ચૂંટણી- PM તાકાઈચીનો પ્રચંડ વિજય અત્યાર સુધીમાં 465માંથી 300 બેઠકો જીતી

### NHK વર્લ્ડના અહેવાલ મુજબ અત્યાર સુધીમાં LDP એ 465 માંથી 300 બેઠકો પર જીત મેળવી છે

• ટોક્યો

જાપાનમાં રવિવારે યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં વડાપ્રધાન સાને તકાઈચીની લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (LDP) એ ભવ્ય વિજય મેળવ્યો છે.NHK વર્લ્ડના અહેવાલ મુજબ અત્યાર સુધીમાં LDP એ 465 માંથી 300 બેઠકો પર જીત મેળવી છે, જે બહુમતી માટે જરૂરી 233 બેઠકો કરતાં ઘણી વધારે છે.

તકાઈચીની જીત પર ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને અભિનંદન પાઠવ્યા છે. તેમણે X પર પોસ્ટ કરીને કહ્યું કે મને વિશ્વાસ છે કે તમારા કુશળ નેતૃત્વ હેઠળ આપણે ભારત-જાપાન મિત્રતાને નવી ઊંચાઈઓ પર લઈ જઈશું.LDP ના નેતૃત્વ હેઠળનું ગઠબંધન સહયોગી જાપાન ઈનોવેશન પાર્ટી (ઈશિન) સાથે મળીને 366 બેઠકો જીતી શકે છે. ગઠબંધનને 310 બેઠકો મળતા જ ઉપલા ગૃહમાં વિપક્ષના નિયંત્રણ છતાં કાયદા પસાર કરવાની સત્તા મળી જશે.તકાઈચીએ ચીન વિરુદ્ધ મજબૂત વલણ અપનાવીને લશ્કરી ખર્ચ વધાર્યો છે, આર્થિક પેકેજ અને ટેક્સ કપાતની જાહેરાત કરી છે. તેમણે ખાદ્ય પદાર્થો પરના 8% સેલ્સ ટેક્સને બે વર્ષ માટે સ્થગિત કરવાનું વચન આપ્યું છે જેથી વધતી મોંઘવારીમાંથી લોકોને રાહત મળે. વ્યૂહાત્મક સલાહકાર કંપની FGS ગ્લોબલના મેનેજિંગ ડિરેક્ટર સેઈજી ઈનાડાના મતે, 'જો તકાઈચી મોટી જીત નોંધાવે છે, તો તેમને ટેક્સમાં ઘટાડા જેવા મહત્વના નિર્ણયો લાગુ કરવાની સ્વતંત્રતા મળશે.' ડોનાલ્ડ ટ્રમ્પે 5 ફેબ્રુઆરીના રોજ એક પોસ્ટમાં સાને તકાઈચીને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. તેમણે તકાઈચીને મજબૂત, શક્તિશાળી અને બુદ્ધિશાળી નેતા કહ્યા, જે પોતાના દેશને સાચો પ્રેમ કરે છે અને જાપાનના લોકોને નિરાશ નહીં કરે. ટ્રમ્પે જણાવ્યું કે તેઓ 19 માર્ચ 2026 ના રોજ વ્હાઈટ હાઉસમાં તકાઈચીને મળશે. આ સમર્થન જાપાનની 8 ફેબ્રુઆરી 2026 ની ચૂંટણીના બરાબર બે દિવસ પહેલા આવ્યું છે. આ પહેલીવાર છે જ્યારે કોઈ અમેરિકી રાષ્ટ્રપતિએ જાપાનના કોઈ નેતાને ચૂંટણીમાં ખુલ્લેઆમ સમર્થન આપ્યું હોય.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ડભોઈના અંગૂઠણ ગામે મા સિકોતર ધામનો 42મો અખંડ નવચંડી યજ્ઞ હર્ષોલ્લાસ સાથે સંપન્ન

• ફકીરા ખત્રી ડભોઈ



ડભોઈના અંગૂઠણ ગામે મા સિકોતર ધામનો 42મો અખંડ નવચંડી યજ્ઞ હર્ષોલ્લાસ સાથે સંપન્ન ડભોઈ તાલુકાના અંગૂઠણ ગામે આવેલ સુપ્રસિદ્ધ મા સિકોતર ધામ ખાતે ધાર્મિક પરંપરા અનુસાર 42મો અખંડ નવચંડી યજ્ઞ ખૂબ જ ભક્તિભાવપૂર્વક યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉમટી પડી માતાજીના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.ભક્તિમય માહોલમાં ઉજવણીઅંગૂઠણ ગામે વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ આ વર્ષે પણ અખંડ નવચંડી યજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં:

વહીવટી સંચાલન: સતીષભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો.

મુખ્ય અગ્રણીઓ: શૈલેષભાઈ પટેલ, કૌશિકભાઈ પટેલ સહિત ગામના અન્ય આગેવાનો અને ભક્તો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. શ્રદ્ધાળુઓની ભીડ અને લોક કલ્યાણની ભાવના યજ્ઞ દરમિયાન આસપાસના ગામોમાંથી પણ માઈ ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. માતાજીના નવચંડી યજ્ઞના દર્શન કરી ભક્તોએ ભાવવિભોર બની આશીર્વાદ લીધા હતા. સૌ ભક્તોએ એકબીજાને મળી સુખ, શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય તેવી માતાજીને પ્રાર્થના કરી હતી. સમગ્ર અંગૂઠણ ગામ મા સિકોતરના જયઘોષ સાથે ગુંજી ઉઠ્યું હતું.આ ધાર્મિક મહોત્સવ અંતર્ગત આયોજિત મહાપ્રસાદનો પણ બહોળી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો અને ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હ

# જુથળ સેવા સહકારી મંડળીમાં મંત્રીએ રૂ. 2.9 કરોડની ઉચાપત કરી, નાણાં જમા કરવાને બદલે પોતાના ખિસ્સામાં નાંખી લીધા

• જૂનાગઢ

માળીયા હાટીના તાલુકાના જુથળ ગામની સેવા સહકારી મંડળીમાં 2.09 કરોડ રૂપિયાનું ઉચાપત કૌભાંડ મંડળીના પૂર્વ મંત્રી દ્વારા આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યુ છે. સને 2022થી જુથળ સેવા સહકારી મંડળીના પ્રમુખ કનૈયાલાલ ઉર્ફે કનુભાઈ દેવશીભાઈ કનેરીયાએ શુક્રવારે સાંજે નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે તેની મંડળી જૂનાગઢ જિલ્લા સહકારી બેંક સાથે સંયોજીત છે. કેશોદ તાલુકાના કણેરી ગામના કાંતિભાઈ નરશીભાઈ હિંગરાજિયા તા. 09-05-2009થી મંડળીમાં મંત્રી તરીકે ફરજ પર હતા અને તા. 14-04-2024 રહેલ. ત્યાર બાદ જતા રહ્યા હતા. તેનો સંપર્ક થયો ન હતો.

વિરોધ

'જસ્ટીસ ઇન્ડિયા' રેન્કિંગમાં વર્ષ ૨૦૨૫માં ભાજપ શાસિત ગુજરાત સીધું ૧૧મા સ્થાને પહોંચી ગયું

# ભાજપ સરકારના "સુશાસન"ના દાવાઓને સંપૂર્ણ પણે ખોટા- અહેવાલ ચેતવણીની ઘંટડી સમાન: ડૉ.હિરેન બેન્કર

**કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, કેરળ અને તમિલનાડુ ટોચ પર છે જે બતાવે છે કે જ્યાં ભાજપ સત્તામાં નથી, ત્યાં ન્યાય વ્યવસ્થા વધુ કાર્યક્ષમ**

• ગુજરાત

ગુજરાતની રેન્કિંગમાં થયેલો ઘટાડો માત્ર આંકડો નથી,તે ભાજપ સરકારની ન્યાય વ્યવસ્થામાં માનવ સંસાધન, આયોજન અને ઈચ્છાશક્તિની નિષ્ફળતા દર્શાવે: ડૉ.હિરેન બેન્કર પોલીસ, ન્યાયપાલિકા, જેલ વ્યવસ્થા અને કાનૂની સહાય આ ચાર આધારસ્તંભો પર આધારિત આ અહેવાલ કેન્દ્ર અને રાજ્ય સરકારોના અધિકૃત આંકડાઓ પરથી તૈયાર 'જસ્ટીસ ઈન્ડિયા' અહેવાલમાં ભાજપ શાસનમાં ધરાશાયી ન્યાય વ્યવસ્થાની પોલખોલતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ.હિરેન બેન્કરે જણાવ્યું હતું કે ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ દેશની ન્યાય વ્યવસ્થાનું તટસ્થ અને તથ્ય આધારિત મૂલ્યાંકન રજૂ કરે છે. આ અહેવાલમાં જુદા જુદા ૧૦૨ જેટલા સૂચકોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમ ગુજરાત પ્રથમ દસ રાજ્યોમાંય સ્થાન મેળવતું નથી. ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ ગુજરાત માટે આ અહેવાલ ચેતવણીની ઘંટડી સમાન છે. આ અહેવાલ ભાજપ સરકારના "સુશાસન"ના દાવાઓને સંપૂર્ણપણે ખોટા સાબિત કરે છે. મોટા રાજ્યોમાં કર્ણાટક પ્રથમ ક્રમાંકે, આંધ્ર પ્રદેશ બીજા, તેલંગાણા ત્રીજા, કેરળ ચોથા અને તમિલનાડુ પાંચમા ક્રમાંકે છે નાના રાજ્યોમાં સિક્કિમ પ્રથમ ક્રમાંકે, હિમાચલ પ્રદેશ બીજો ક્રમાંકે, અરુણાચલ પ્રદેશ ત્રીજા ક્રમાંકે, ત્રિપુરા ચોથા ક્રમાંકે, મેઘાલય પાંચમા ક્રમાંકે આવે છે. જે બતાવે છે કે જ્યાં ભાજપ સત્તામાં નથી, ત્યાં ન્યાય વ્યવસ્થા વધુ કાર્યક્ષમ છે. વર્ષ ૨૦૨૨માં ગુજરાત ચોથા સ્થાને હતું જે વર્ષ ૨૦૨૫માં ભાજપ શાસિત ગુજરાત સીધું ૧૧મા સ્થાને પહોચી ગયું છે. આ માત્ર રેન્કિંગનો ઘટાડો નહીં, પરંતુ શાસનની નિષ્ફળતાનો પુરાવો છે. દેશભરમાં પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી, મહિલા હેલ્પડેસ્ક જેવી મૂળભૂત સુવિધાઓનો અભાવ છે. વિવિધતા-ડાયર્વસીટી રેન્કમાં ગુજરાત માત્ર ૪.૮૧ સ્કોર ૧૦માં સ્થાને આવે છે. આશરે ૨૦.૩ લાખ પોલીસ કર્મચારીઓમાંથી ૧,૦૦૦ થી પણ ઓછી મહિલાઓ ઉચ્ચ અધિકારી પદે છે આ દર્શાવે છે કે "બેટી બચાવો" માત્ર નારા પૂરતું રહી ગયું છે. દેશભરમાં ન્યાયાધીશો અને સ્ટાફની મોટી ખાલી જગ્યા છે. ગુજરાતની રેન્કિંગમાં થયેલો ઘટાડો માત્ર આંકડો નથી,તે ભાજપ સરકારની ન્યાય વ્યવસ્થામાં માનવ સંસાધન, આયોજન અને ઈચ્છાશક્તિની નિષ્ફળતા દર્શાવે છે.

ન્યાય કોઈ વિશેષાધિકાર નહીં તે દરેક નાગરિકનો અધિકાર છે ત્યારે ન્યાયપાલિકાનાં રેન્કિગમાં ગુજરાત ૧૪માં ક્રમાંકે છે.ગરીબ માટે "ન્યાય પહેલાં સજા"ની સ્થિતિ સર્જાઈ છે.અહેવાલ દર્શાવે છે કે કાનૂની સહાય માટે જે બજેટ ફાળવાય છે, પરંતુ તેનો પૂરતો ઉપયોગ થતો નથી. ગ્રામ્ય વિસ્તારોમાં કાનૂની ક્લિનિક અને પેરાલિગલ વોલન્ટિયરો ઘટી રહ્યા છે પરિણામે ગરીબ નાગરિકો માટે ન્યાયના દરવાજા બંધ કરી રહ્યા છે. મહિલાઓ, દલિતો, આદિવાસીઓ અને ગરીબ વર્ગને ન્યાય સુધી પહોંચવામાં હજુ પણ ભારે અવરોધો છે. દેશભરમાં હાઈકોર્ટમાં માત્ર ૧૪ ટકા મહિલા ન્યાયાધીશો છે જે દર્શાવે છે કે મહિલાઓને સમાન તક ઉપલબ્ધ નથી આ શરમજનક છે. ગુજરાતમાં હાઈકોર્ટ જજની ૩૮.૫, નીચલી કોર્ટનાં જજની ૩૧.૧ ટકા જગ્યાઓ ખાલી છે. મહિલા ન્યાયાધીશોનું પ્રમાણ આશરે ૨૫ ટકા છે પરંતુ નીચલી અદાલતોમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ માત્ર ૨૦ ટકા છે. ગુજરાત હાઈકોર્ટનાં એક ન્યાયાધીશ પાસે સરેરાશ ૪૦૦૦થી વધુ કેશ છે. મોટ પાયે ન્યાય તંત્રમાં કર્મચારીઓ-ન્યાયધીશની ઘટને કારણે ન્યાયમાં વિલંબ હવે વ્યવસ્થાગત સમસ્યા બની ગયો છે. એક દસકામાં ગુજરાતની જેલ ૧૦૦ ટકાથી વધુ ભરાઈ છે. જેલોમાં ભારે ભીડ છે અને ૨૬.૨ ટકા કેદીઓ અન્ડરટ્રાયલ છે વર્ષો સુધી કેસ વિના જેલમાં રાખવામાં આવે છે. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગમાં સ્ટાફની ૫૦ ટકા જગ્યાઓ ખાલી, તપાસ અધિકારીઓની ૩૫ ટકાથી વધુ જગ્યાઓ ખાલી હોવાને કારણે ગુજરાત ૨૦ ક્રમાંક સાથે તળિયાનું સ્થાન મેળવ્યું છે. જે રાજ્ય સરકારની અસંવેદનશીલતા દર્શાવે છે. તપાસ અધિકારીઓમાં એક પણ મહિલાને સ્થાન નથી. પોલીસ તંત્રમાં, ન્યાયપાલિકામાં અને માનવ અધિકાર આયોગમાં ખાલી જગ્યાઓ તાત્કાલિક અસરથી ભરવામાં આવે, કાનૂની સહાય વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવે, ન્યાય વ્યવસ્થાને રાજકીય નિયંત્રણથી મુક્ત રાખવામાં આવે અને નાગરિકોને સરળતાથી ન્યાય મળેવી શકે તે સુનિશ્ચિત કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે

એશિયાની સૌથી મોટી બારડોલી સુગર ફેક્ટરીમાં ભ્રષ્ટાચારના કારણે ખેડુતોને શેરડીના યોગ્ય ભાવ નથી મળતા: અમિત ચાવડા

# ગૃહમંત્રીના વિસ્તારમાં ગુનાખોરીનું પ્રમાણ વધ્યું, ડ્રગ્સ, દારૂ ,હત્યા ,ચોરી ,અપહરણ,બળાત્કાર ને છેડતીના બનાવોમાં થયો વધારો:અમિત ચાવડા

અમિત ચાવડા | સહકારી ક્ષેત્રને ભાજપના નેતાઓએ ભ્રષ્ટાચારનું કેન્દ્ર બનાવી દીધું: અમિત ચાવડા

ગુજરાતમાં જન આક્રોશ યાત્રાના આજે ઉજા ફેજના સાતમાં દિવસે દક્ષિણ ગુજરાતના ચાલી રહેલ યાત્રા દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ આજે સવારે 9:00 વાગે બારડોલીથી પ્રસ્થાન કરીને વિહત,કામરેજ, સાયણ,કિમ,કોસંબા ,વેલાછા,લીંબડા,આસરડી, મોસાળી પહોંચી હતી. જન આક્રોશ યાત્રાના દક્ષિણ ગુજરાતમાં સાતમાં દિવસે વિવિધ વિસ્તારમાં ઉષ્માભેર યાત્રાનું સ્વાગત કર્યું હતું. યાત્રા દરમિયાન બાઈક રેલી,ટ્રેકટર રેલી દ્વારા ખેડુતોની વેદન સાંભળી હતી. ટ્રેકટરી રેલી દરમિયાન સ્થાનિક ખેડુતોએ શેરડીના ભાવ નથી મળતા,દવા,વીજળી,નકલી બિયારણ જેવી વિવિધ સમસ્યાની રજૂઆત કરી હતી.

સુરત જીલ્લાના કિમ ખાતે મીડિયાને સંબોધન કરતા શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, સરદાર પટેલના નેતૃત્વમાં અંગ્રેજો સામેની લડાઈમાં બારડોલી મહત્વનું કેન્દ્ર રહ્યું હતું તેથી 'સરદાર સ્મારકને રાષ્ટ્રીય સ્મારક તરીકે જાહેર કરવામાં આવે'.ભાજપની ડબલ એન્જિનની સરકારમાં ખેડૂતોને પૂરતા બજાર ભાવ નથી મળતા, પોલ્યુશનમાં વધારો થયો,બેરોજગારીમાં વધારો, કાયદો વ્યવસ્થા કથળી,ચારે તરફ ભ્રષ્ટાચાર જોવા મળી રહ્યો છે. એશિયાની સૌથી મોટી બારડોલી સુગર ફેક્ટરી દક્ષિણ ગુજરાતના ખેડૂતો માટે આશીર્વાદરૂપ સંસ્થા છે, પંરતુ ભાજપના ભ્રષ્ટાચારી શાસકોએ લૂંટી લીધી,ચૂસી લીધી અને વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર કર્યો છે. ગૃહમંત્રીના હોમ ટાઉનમાં લોકો ફરીયાદ



કરે છે કે, દારુ અને ડ્રગ્સના કારણે યુવાધન બરબાદ થયો છે. બુટલેગરો બેફામ થયા, ગુંડા તત્વોની દાદાગીરીના કારણે બહેન દીકરીઓને રાતે નીકળવું મુશ્કેલ પડે છે.

એશિયાની સૌથી મોટી બારડોલી સુગર ફેક્ટરીમાં ભ્રષ્ટાચાર અને ગેરવહીવટના કારણે ખેડૂતોને તેમની મહેનતનો યોગ્ય લાભ મળતો નથી. શેરડીના ભાવમાં પારદર્શકતા ન હોવાને કારણે નફો શાસકો સુધી પહોંચે છે. ખેડુતોને યોગ્ય વળતર આપીને ફેક્ટરીને ખરેખર સહકારી બનાવવી જોઈએ. જેથી ખેડૂતોએ પોતાની મહેનતનો પૂરતો લાભ મેળવી શકે.ગૃહમંત્રીના વિસ્તારમાં ગુનાખોરીનો દર સતત વધી રહ્યો છે. ડ્રગ્સ, દારૂ, હત્યા, ચોરી, અપહરણ અને બળાત્કાર જેવા ગંભીર ગુનાઓના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે.જે લોકો માટે ગર્ભિત ચિંતાનો વિષય બની ચુક્યો છે. યાત્રા દરમિયાન ગામે ગામ લોકોએ રજૂઆત કરી કે, દારૂ અને ડ્રગ્સને કારણે યુવાધન બરબાદ થાય છે. બુટલેગરો બેફામ થયા છે.ગુંડા તત્વોની દાદાગીરી અને હેરાનગતિના કારણે બહેન દીકરીઓને રાતે નીકળવું મુશ્કેલ પડે છે. સહકારી સંસ્થામાં ભાજપના ભ્રષ્ટાચારી શાસકોએ લૂંટી લીધી, ચૂસી લીધી અને વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરે છે.

શ્રી અમિતભાઈ ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે,બારડોલીથી લઈને માંગરોલ સુધીના વિસ્તારમાં વર્ષોથી ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય જીતે છે.ભાજપની ડબલ એન્જિનની સરકારમાં જનતા વિકાસથી વંચિત છે.બેરોજગારી,કાયદો વ્યવસ્થા કથળી ગઈ છે, ચારે તરફ ભ્રષ્ટાચાર છે. આ તમામ મુદ્દે લોકોએ ખૂબ આક્રોશ વ્યકત કર્યો હતો. આવનારા દિવસોમાં સુરત જીલ્લાના પ્રશ્નો વિધાનસભામાં પણ ઉઠાવશું. આ ઉપરાંત જિલ્લા કોંગ્રેસ,તાલુકા કોંગ્રેસ સમિતિના માધ્યમથી રસ્તા પર ઉતરી લોકોના હક અધિકાર અને ન્યાય માટેની લડત પણ લડીશું.

# આમોદમાં રખડતા શ્વાનોનો આતંક: 24 કલાકમાં ચાર બાળકો પર હુમલા બાદ તંત્ર હરકતમાં, નગરજનોમાં હજી પણ ભય અને રોષ

• આમોદ



આમોદ નગરમાં છેલ્લા કેટલાક દિવસોથી રખડતા શ્વાનોના વધતા હુમલાઓએ નગરજનોમાં ભારે ભય અને ચિંતા ફેલાવી છે. છેલ્લા 24 કલાકમાં અલગ-અલગ વિસ્તારોમાં રમતા ચાર નિર્દોષ નાના બાળકો પર શ્વાનોએ હુમલો કરતાં તેઓ લોહીલુહાણ બન્યા હતા. ઈજાગ્રસ્ત બાળકોને તાત્કાલિક આમોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર તેમજ વધુ ગંભીર ઈજાઓ ધરાવતા બાળકોને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવા પડ્યા હતા, જેના કારણે માતા-પિતાઓમાં ગભરાટ ફેલાયો છે અને સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. ઘટનાઓ બાદ સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં આમોદ નગરપાલિકાના મુખ્ય અધિકારી સમક્ષ પહોંચ્યા હતા અને લાંબા સમયથી ચાલી રહેલા શ્વાન આતંક અંગે ઉગ્ર રજૂઆત કરી હતી, રહીશોનું કહેવું છે કે અગાઉથી અનેકવાર રજૂઆતો છતાં અસરકારક અને કાયમી પગલાં લેવામાં આવ્યા નહોતા, જેના કારણે નાના બાળકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા છે અને તંત્ર સામે અસંતોષ વધ્યો છે.

નગરપાલિકા તંત્રના જણાવ્યા મુજબ માહિતી મળતાં જ શ્વાન પકડનાર ટીમને તાત્કાલિક બોલાવી કુલ 11 રખડતા શ્વાનોને પકડી પાડવામાં આવ્યા હતા. જેમાં હરખવાના લક્ષણો ધરાવતા બે શ્વાનોને ઓળખી અલગ રાખવામાં આવ્યા છે અને પશુચિકિત્સકની સલાહ બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે, જ્યારે બાકીના શ્વાનોને નગર બહારના વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યા હોવાનું જણાવાયું છે. મુખ્ય અધિકારીએ વધુમાં જણાવ્યું કે શહેરમાં કેટલીક જગ્યાએ લોકો દ્વારા શ્વાનોને ભેગા કરીને ખવડાવવામાં આવતા હોવાના અહેવાલ મળ્યા છે અને જો આવી પ્રવૃત્તિઓના કારણે શ્વાનો આક્રમક બની નાગરિકોને નુકસાન પહોંચાડશે તો સંબંધિત લોકો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. ખાસ કરીને દરબાર રોડ વિસ્તારમાં શ્વાનોને ખવડાવવાના મામલે સંકળાયેલા લોકોને નગરપાલિકામાં બોલાવી ચેતવણી આપવામાં આવશે.

# રાજકોટ LCBએ વિરપુર હાઈવે પર કન્ટેનરમાંથી 57 લાખનો દારૂ પકડ્યો, ટ્રોલી બેગનો કીમીયો નિષ્ફળ

• સુરેશ ભાલીયા જેતપુર,



રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.એ બાતમીના આધારે હાઈવે પર વોચ ગોઠવીને દારૂની હેરાફેરીના એક મોટા નેટવર્કને પદાર્ફાશ કર્યો છે. રાજકોટથી જેતપુર તરફ જતા નેશનલ હાઈવે પર વિરપુરના પીઠડીયા ગામ પાસે પોલીસે નાગાલેન્ડ પાસિંગના એક કન્ટેનર ટ્રકને અટકાવ્યો હતો. આ ટ્રકમાં તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટના પરપ્રાંતીય વિદેશી દારૂ અને બિયરનો જંગી જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ 57.19 લાખની કિંમતની 14,184 નંગ બોટલો અને કન્ટેનર સહિત કુલ 77,71,380નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસને ચકમો આપવા માટે બુટલેગરોએ દારૂના જથ્થાને છુપાવવા માટે 35 જેટલા ટ્રોલી બેગના બોક્સનું કવરિંગ તરીકે ઉપયોગ કર્યો હતો. દરોડા દરમિયાન પોલીસે ટ્રક ચાલક ધોલારામ લુભારામ બિશ્નોઈ (રહે. બાડમેર, રાજસ્થાન) ને રંગેહાથ ઝડપી લીધો હતો. આ દારૂનો જથ્થો રાજકોટથી જૂનાગઢ તરફ વેચાણ અર્થે લઈ જવામાં આવી રહ્યો હતો. પ્રાથમિક તપાસમાં દારૂ મંગાવનાર અને મોકલનાર અન્ય બે શખ્સોના નામ પણ ખૂલ્યા છે, જેમને પોલીસે વોન્ટેડ જાહેર કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# T20 વર્લ્ડ કપને લઈને કેટલાક રસ્તા સંપૂર્ણ બંધ રહેશે, જાણો વૈકલ્પિક રૂટ

• અમદાવાદ

અમદાવાદ શહેરના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટી20 વર્લ્ડ કપની આગામી દિવસોમાં મેચ રમાવાની છે. જેને લઈને અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિક દ્વારા જાહેરનામું બહાર પડાયું છે. આ જાહેરનામા અનુસાર, મેચના દિવસોમાં સ્ટેડિયમ આસપાસના કેટલાક માર્ગો પર તમામ પ્રકારના વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને જનપથ ટીથી મોટેરા ગામ ટી સુધીનો મુખ્ય માર્ગ સંપૂર્ણ રીતે બંધ રહેશે, જેથી મેચ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થામાં અડચણ ન આવે.વાહન ચાલકોને વૈકલ્પિક માર્ગ તરીકે તપોવન સર્કલ-ONGC-વિસત તેમજ શરણ સ્ટેટસ-ભાટ કોટેશ્વર રોડનો ઉપયોગ કરવાની સૂચના અપાઈ છે. પોલીસ દ્વારા વાહન ચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અને અસુવિધા ટાળવા માટે પૂર્વ આયોજન કરવાની અપીલ કરાઈ છે. અમદાવાદમાં T20 વર્લ્ડ કપને લઈને કેટલાક રસ્તા સંપૂર્ણ બંધ રહેશે, જાણો વૈકલ્પિક રૂટ અમદાવાદમાં આગામી દિવસોમાં રમાનારી મહત્ત્વની મેચો દરમિયાન આ નિયમો લાગુ રહેશે:

મેચની તારીખો: 9, 11, 14, 18, 22 અને 26 ફેબ્રુઆરી (અને જો ફાઈનલ અમદાવાદમાં યોજાય તો 8 માર્ચ, 2026).

ટ્રાફિક પ્રતિબંધનો સમય: બપોરે 3:00 વાગ્યાથી મેચ પૂર્ણ થયા બાદ મધ્યરાત્રિ સુધી.

કયા રસ્તાઓ બંધ રહેશે?

જનપથ ટી-જંકશનથી મોટેરા સ્ટેડિયમ મેઈન ગેટ: આ માર્ગ તમામ પ્રકારના વાહનો માટે બંધ રહેશે.

**આમોદમાં રખડતાં કૂતરાઓનો ત્રાસ યથાવત છેલ્લા એક કલાકમાં સાત વ્યક્તિઓને બચકા ભર્યા**

# બે દિવસમાં ૧૦ લોકોને રખડતા કૂતરાઓએ બચકા ભરી લોહીલુહાણ કરતા નગરજનો ભયભીત

• આમોદ



આમોદ નગરમાં છેલ્લા બે દિવસમાં રખડતા કૂતરાઓનો ૧૦ વ્યક્તિઓને બચકા ભરી લોહીલુહાણ કરતા નગરજનો ભયભીત બન્યા હતા. બે દિવસ પહેલા જ અલગ-અલગ વિસ્તારોમાં રમી રહેલા ચાર માસૂમ બાળકો પર પણ કૂતરાઓએ પોતાના તીક્ષ્ણ દાંત વડે બચકા ભરી બાળકોને ઈજાગ્રસ્ત કર્યા હતા જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બાળકોને આમોદમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી.

જ્યારે આજ રોજ સવારમા ૧૧ કલાકે છેલ્લા એક કલાકમાં સાત વ્યક્તિઓને રખડતા કૂતરાઓએ પોતાના તીક્ષ્ણ દાંત ઘુસાડી દેતા ઈજાગ્રસ્તોએ આમોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે બબ્બે ઈન્જેક્શન લેવાની ફરજ પડી હતી.જેથી કૂતરાના ત્રાસને લઈને વાલીઓ અને નગરજનો ભયભીત બન્યા હતા.

આ ઘટનાઓના પગલે રોષે ભરાયેલા સ્થાનિક રહીશોએ નગરપાલિકા કચેરીએ જઈને ઉગ્ર રજૂઆતો કરી હતી.જેના પ્રત્યુત્તરમાં તંત્ર તાત્કાલિક હરકતમાં આવી શ્વાન પકડનાર ટીમ દ્વારા ૧૧ જેટલા રખડતા શ્વાનોને પકડી પાડવામાં આવ્યા હતા.પાલિકાના જણાવ્યા અનુસાર પકડાયેલા શ્વાનોમાંથી હડકવાના લક્ષણો ધરાવતા બે શ્વાનોને અલગ તારવી દેવામાં આવ્યા હતા.મુખ્ય અધિકારીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે દરબાર રોડ સહિતના વિસ્તારોમાં જાહેરમાં શ્વાનોને ખવડાવતા લોકો સામે હવે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

જોકે, તંત્ર દ્વારા હેલ્પલાઈન નંબરો જાહેર કરવા અને શ્વાન પકડવાની કામગીરી શરૂ કરવા છતાં નગરજનોનો રખડતા કૂતરાઓથી ડર ઓછો થયો નથી. ત્યારે નગરજનોમાં માંગ ઉઠી છે કે રખડતા કૂતરાઓને પકડી તેમનું રસીકરણ કરવામાં આવે.

# ડભોઈ તાલુકાના ગાયકવાડી વઢવાણા સિંચાઈ કેનાલ કેનાલના કમાન્ડ એરિયાના ખેડૂતોને સિંચાઈ પાણી મેળવવા માટે મારવા પડતા વલખાં



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના ગાયકવાડી વઢવાણા સિંચાઈ કેનાલ કેનાલના કમાન્ડ એરિયાના ખેડૂતોને સિંચાઈ પાણી મેળવવા માટે મારવા પડતા વલખાં દીર્ઘદ્રષ્ટા સર સયાજીરાવ ગાયકવાડ દ્વારા સો વર્ષ પૂર્વે ડભોઈ તાલુકાના વઢવાણા ગામે બે કિ.મીના વ્યાસમાં ખેડૂત હિતને ધ્યાનમાં લઈ બનાવેલ વઢવાણા સિંચાઈ તળાવ અને તેની કેનાલો અને શાખા કેનાલો આશરે ૧૧૫થી ૧૨૫ કિ.મી લાંબી જુદા જુદા વિસ્તારોમાં સિંચાઈના હેતુથી બનાવાઈ હતી. જે પૈકી આજે ૪૦ ટકા કેનાલો મૃતપાય અવસ્થામાં છે. કંઈ કેટલી કેનાલો ગટર ગંગામાં ફેરવાઈ ગઈ છે. તો કેટલી કેનાલ ઉપર દબાણ થઈ ચૂક્યા છે. પરિણામે આવી કેનાલના કમાન્ડ એરિયામાં આવતા ખેડૂતોને આજે પણ તેનો લાભ મળી શકતો નથી. વઢવાણા તળાવના વિવિધ ગેટસમાંથી નીકળી આ કેનાલો ૧૧થી ૧૨ જેટલા જુદા જુદા વિસ્તારમાં પથરાયેલી હતી. જે પૈકી આજે કિલોમીટરો સુધી ખેડૂતોને સિંચાઈ માટે પાણી પૂરું પાડતી પાંચ જેટલી કેનાલો બંધ અવસ્થામાં છે. જે કેનાલો પૈકી કેટલી કેનાલો ગટર ગંગામાં ફેરવાઈ ચૂકી છે. તો કેટલીક કેનાલ ઉપર જમીન માફિયાઓ દ્વારા દબાણ પણ કરી દેવાયા છે. બંધ થયેલ કેનાલો તરફ નજર નાખવા જઈએ તો આશરે ૨૫ વર્ષથીસમગ્ર તાલુકામાં મૃતપ્રાય બનેલી વિવિધ માઈનોર કેનાલો ડભોઈ તાલુકામાં ગાયકવાડી શાસનની દેણ વઢવાણા સિંચાઈ કેનાલો દેખરેખના અભાવે ગટર ગંગામાં ફેરવાઈ ગઈ છે કજાપુરથી હાંસાપુરા પૂડા આશરે ૭થી ૮ કિ.મી, વેગાથી નડા ફરતીકુઈ જતી ૮થી ૧૦ કિ.મી, મેઘા વાયા ડભોઈ થરવાસા ચોકડીથી વેરાઈ માતા વસાહત તરફ જતી ૭થી ૮ કિ.મી. વઢવાણાથી કરણેટ રોડ નીચે કરણેટના સીમાડે છૂટતી ૪થી ૫ કિ.મી, કુકડ વાયા બોરીયાદથી ધરમપુરી જતી ૫થી ૬ કિ.મીની કેનાલો આજે બિલકુલ મૃતપ્રાય અવસ્થામાં છે. આ પૈકી કેટલીક કેનાલોમાં આજે ડભોઈ નગરપાલિકાના ગટરના પાણી વહેતા જોવા મળે છે. તો કેટલી કેનાલો પર ભૂ-માફિયાઓ દ્વારા દબાણો કરી પૂરી દેવાઈ છે.તાલુકાની ૪૦ ટકા જીવંત પરંતુ મૃતપ્રાય બનેલી કેનાલો

જીવંત જોવા મળતી કેનાલો માત્ર ૬ જ કાર્યરત છે. તેમાં કેટલી કેનાલો આજે જર્જરિત હોય સમારકામ ચાલુ છે. પરંતુ કાર્યરત કેનાલો વિશે જોવા જઈએ તો આશરે વઢવાણાથી ભીમપુરા ૧૦થી ૧૨ કિ.મી, કુકડ બોરીયાદ થઈ આગળ ધપતી કેનાલ ૧૫થી ૧૭ કિ.મી, ડભોઈ ૩ નં. તરસાણા ફાટક ૧૦ કિ.મી અને તેમાંથી નીકળતા વિવિધ પાંખિયા અલગ, વઢવાણા તળાવથી તરસાણા સુધીની કેનાલ ૧૫થી ૧૭ કિ.મી, વઢવાણા તળાવથી ડંગીવાળા વસઈ તરફ જતી કેનાલ ૧૮થી ૨૦ કિ.મી, અને સીમલીયા તરફ જતી ૫થી ૬ કિ.મીની કેનાલો આજે કાર્યરત છે. જે જોતા ગાયકવાડ શાસન દ્વારા પાથરાયેલી કેનાલો પૈકી ૪૦ ટકા ઉપરાંતની કેનાલો આજે મૃતપ્રાય છે.

આક્રોશ

## સહકારી ક્ષેત્રને ભાજપના નેતાઓએ ભ્રષ્ટાચારનું કેન્દ્ર બનાવી દીધું: અમિત ચાવડા

# એશિયાની સૌથી મોટી બારડોલી સુગર ફેક્ટરીમાં ભ્રષ્ટાચારના કારણે ખેડુતોને શેરડીના યોગ્ય ભાવ નથી મળતા: અમિત ચાવડા

### ગૃહમંત્રીના વિસ્તારમાં ગુનાખોરીનું પ્રમાણ વધ્યું, ડ્રગ્સ,દારૂ ,હત્યા,ચોરી,અપહરણ,બળાત્કાર ને છેડતીના બનાવોમાં થયો વધારો:અમિત ચાવડા

ગુજરાતમાં જન આક્રોશ યાત્રાના આજે ૩જા ફેજના સાતમાં દિવસે દક્ષિણ ગુજરાતના ચાલી રહેલ યાત્રા દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ આજે સવારે ૯:૦૦ વાગે બારડોલીથી પ્રસ્થાન કરીને વિહત,કામરેજ, સાયણ,કિમ,કોસંબા,વેલાછા,લીંબડા,આસરડી, મોસાળી પહોંચી હતી. જન આક્રોશ યાત્રાના દક્ષિણ ગુજરાતમાં સાતમાં દિવસે વિવિધ વિસ્તારમાં ઉષ્માભેર યાત્રાનું સ્વાગત કર્યું હતું. યાત્રા દરમિયાન બાઈક રેલી,ટ્રેકટર રેલી દ્વારા ખેડુતોની વેદન સાંભળી હતી. ટ્રેકટરી રેલી દરમિયાન સ્થાનિક ખેડુતોએ શેરડીના ભાવ નથી મળતા,દવા,વીજળી,નકલી બિયારણ જેવી વિવિધ સમસ્યાની રજૂઆત કરી હતી.



સુરત જીલ્લાના કિમ ખાતે મીડિયાને સંબોધન કરતા શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, સરદાર પટેલના નેતૃત્વમાં અંગ્રેજો સામેની લડાઈમાં બારડોલી મહત્વનું કેન્દ્ર રહ્યું હતું તેથી 'સરદાર સ્મારકને રાષ્ટ્રીય સ્મારક તરીકે જાહેર કરવામાં આવે'.ભાજપની ડબલ એન્જિનની સરકારમાં ખેડૂતોને પૂરતા બજાર ભાવ નથી મળતા, પોલ્યુશનમાં વધારો થયો,બેરોજગારીમાં વધારો, કાયદો વ્યવસ્થા કથળી,ચારે તરફ ભ્રષ્ટાચાર જોવા મળી રહ્યો છે. એશિયાની સૌથી મોટી બારડોલી સુગર ફેક્ટરી દક્ષિણ ગુજરાતના ખેડૂતો માટે આશીર્વાદરૂપ સંસ્થા છે, પંરતુ ભાજપના ભ્રષ્ટાચારી શાસકોએ લૂંટી લીધી,ચૂસી લીધી અને વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર કર્યો છે. ગૃહમંત્રીના હોમ ટાઉનમાં લોકો ફરીયાદ કરે છે કે, દારુ અને ડ્રગ્સના કારણે યુવાધન બરબાદ થયો છે. બુટલેગરો બેફામ થયા, ગુંડા તત્વોની દાદાગીરીના કારણે બહેન દીકરીઓને રાતે નીકળવું મુશ્કેલ પડે છે.

એશિયાની સૌથી મોટી બારડોલી સુગર ફેક્ટરીમાં ભ્રષ્ટાચાર અને ગેરવહીવટના કારણે ખેડૂતોને તેમની મહેનતનો યોગ્ય લાભ મળતો નથી. શેરડીના ભાવમાં પારદર્શકતા ન હોવાને કારણે નફો શાસકો સુધી પહોંચે છે. ખેડુતોને યોગ્ય વળતર આપીને ફેક્ટરીને ખરેખર સહકારી બનાવવી જોઈએ. જેથી ખેડૂતોએ પોતાની મહેનતનો પૂરતો લાભ મેળવી શકે. ગૃહમંત્રીના વિસ્તારમાં ગુનાખોરીનો દર સતત વધી રહ્યો છે. ડ્રગ્સ, દારૂ, હત્યા, ચોરી, અપહરણ અને બળાત્કાર જેવા ગંભીર ગુનાઓના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે.જે લોકો માટે ગર્ભિત ચિંતાનો વિષય બની ચુક્યો છે. યાત્રા દરમિયાન ગામે ગામ લોકોએ રજૂઆત કરી કે, દારૂ અને ડ્રગ્સને કારણે યુવાધન બરબાદ થાય છે. બુટલેગરો બેફામ થયા છે.ગુંડા તત્વોની દાદાગીરી અને હેરાનગતિના કારણે બહેન દીકરીઓને રાતે નીકળવું મુશ્કેલ પડે છે. સહકારી સંસ્થામાં ભાજપના ભ્રષ્ટાચારી શાસકોએ લૂંટી લીધી, ચૂસી લીધી અને વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરેછે. શ્રીઅમિતભાઈચાવડાએવધુમાંજણાવ્યુંહતું કે,બારડોલીથી લઈને માંગરોલ સુધીના વિસ્તારમાં વર્ષોથી ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય જીતે છે.ભાજપની ડબલ એન્જિનની સરકારમાં જનતા વિકાસથી વંચિત છે.બેરોજગારી,કાયદો વ્યવસ્થા કથળી ગઈ છે, ચારે તરફ ભ્રષ્ટાચાર છે. આ તમામ મુદ્દે લોકોએ ખૂબ આક્રોશ વ્યકત કર્યો હતો. આવનારા દિવસોમાં સુરત જીલ્લાના પ્રશ્નો વિધાનસભામાં પણ ઉઠાવશું. આ ઉપરાંત જિલ્લા કોંગ્રેસ,તાલુકા કોંગ્રેસ સમિતિના માધ્યમથી રસ્તા પર ઉતરી લોકોના હક અધિકાર અને ન્યાય માટેની લડત પણ લડીશું.ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સહ પ્રભારી બીવી શ્રી નિવાસ જી, વરીષ્ઠ આગેવાન કરશનદસ બાપુ ભાદરકા, સુરત જીલ્લા કોંગ્રેસ પ્રમુખ આંનદભાઈ ચૌધરી, પૂર્વ ધારાસભ્ય શ્રી સુનીલ ગામિત,ગુજરાત પ્રદેશ કોંગ્રેસના આગેવાન તરૂણભાઈ વાઘેલા,જીલ્લા/તાલુકાના પદાધિકારી અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

## પાલડીમાં ડોક્ટરને બ્લેકમેલ કરી પૈસા પડાવ્યા

# ક્લિનિકમાં મસાજ કરાવતા હોય તેવું ફૂટેજ ડિલીટ કરવાના 35 હજાર માગ્યા, વીડિયો સાથે સ્કેનર મોકલ્યું

બ્લેકમેલ

### ' અગર ઘી સીધી ઉંગલી સે નહી નીકલેગા તો ટેઢી કરની પડેગી'

• અમદાવાદ

અમદાવાદના પાલડી વિસ્તારમાં ક્લિનિક ચલાવતા ડોક્ટરને ધમકાવીને એક ગેંગના લોકોએ પૈસા પડાવ્યા છે. ડોક્ટર તેમની કેબિનમાં બોડી મસાજ કરાવતા હોય તેવા સીસીટીવી મોકલીને 40 હજાર અને 35 હજાર જેવી રકમ માંગતા ડોક્ટરે ગભરાઈને ઓનલાઇન 5 હજાર મોકલી દીધા હતા. જોકે બાદમાં આરોપીઓએ બ્લેકમેલ કરવાનું યથાવત રાખતા ડોક્ટરે પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ડોક્ટર મસાજ કરાવતા હોય તેવું ફૂટેજ ડિલીટ કરવાના 35 હજાર માગ્યા




પાલડી વિસ્તારમાં રહેતા આધેડ વયના ડોક્ટરને થોડા દિવસો પહેલા વોટ્સએપ પર અજાણ્યા નંબર પરથી એક વીડિયો આવ્યો હતો. આ વીડિયોમાં ક્લિનિકના ફૂટેજ હતા. જેમાં ડોક્ટર બોડી મસાજ કરાવતા હતા. વીડિયો મોકલનારે આવી અનેક ક્લિપ હોવાનું કહીને ડોક્ટરને ડરાવ્યા હતા. વીડિયો મોકલનારે આખુ ફોલ્ડર બનાવ્યુ છે અને તે ફૂટેજ ડિલીટ કરવાના 35 હજાર રૂપિયાની માંગણી કરી હતી.વીડિયોની સાથે ઓનલાઇન પેમેન્ટ માટે સ્કેનર મોકલ્યું મેસેજ કરનારે પૈસા નહી આપો તો સમાજના ગ્રુપમાં વીડિયો મોકલીને તમને બદનામ કરીશુ તેવી ધમકી પણ આપી હતી. જેથી ડોક્ટરે ગભરાઈને તેમનો નંબર બંધ કરી દીધો હતો. જે બાદ ફરીથી શખસોએ તેમને અન્ય એક વીડિયો મોકલ્યો હતો સાથે ઓનલાઇન પેમેન્ટનું સ્કેનર મોકલ્યુ હતું. બાદમાં વોટ્સએપ નંબરથી અવાર-નવાર પૈસાની માંગણી ચાલુ રહેતા તેમણે નંબર બ્લોક કરી દીધો હતો.જોકે ડોક્ટરે ડરીને પાંચ હજાર રૂપિયા ચુકવી દીધા હતા. ઓનલાઇન પેમેન્ટની લિમીટ હોવાથી આરોપીઓએ બેંક એકાઉન્ટની વિગતો આપીને 40 હજારની માંગણી કરી હતી. જેથી ડોક્ટરે પરિચિત તથા મિત્રો સાથે વાત કરતાં આ મામલે અરજી કરી હતી. ડોક્ટરે પૈસા ન આપતા 'અગર ઘી સીધી ઉંગલી સે નહી નીકલેગા તો ટેઢી કરની પડેગી' તેવા મેસેજ કરીને ધમકી આપી હતી. જે બાદ ફેસબુક પેજનો ફોટો મોકલ્યો હતો જે પેજની વિઝીટ કરતાં તેમાં ક્લીનીક અને ડોક્ટરની વિગતો સાથેના અગાઉ મોકલેલા વીડિયો અપલોડ કર્યા હતા. ડોક્ટરે અરજી કર્યા બાદ હવે પાલડી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ડભોઈ થરવાસા રોડ પર નર્મદા કેનાલ પાસે કચરાના ઢગ હોસ્પિટલ વેસ્ટ અને એઠવાડથી રોગચાળાની ભીતિ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ થરવાસા રોડ પર નર્મદા કેનાલ પાસે કચરાના ઢગ હોસ્પિટલ વેસ્ટ અને એઠવાડથી રોગચાળાની ભીતિડભોઈના થરવાસા રોડ પરથી પસાર થતી નર્મદા કેનાલ અત્યારે પ્રદૂષણનો ગઢ બની રહી હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. કેનાલની આસપાસ ખાણી-પીણીની લારીઓનો એઠવાડ અને ગંભીર રીતે જોખમી એવો હોસ્પિટલ વેસ્ટ બેરોકટોક ફેંકવામાં આવી રહ્યો છે. આ ગંદકીના કારણે આસપાસના વિસ્તારમાં ભારે દુર્ગંધ ફેલાઈ છે અને સ્થાનિકોમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે. કેનાલનું પાણી પ્રદૂષિત થવાનું જોખમ નર્મદા કેનાલ જે લાખો લોકોની જીવા દોરી સમાન છે, તેની બિલકુલ નજીક કચરો ફેંકવામાં આવતા આ પ્રદૂષણ કેનાલના શુદ્ધ પાણીમાં ભળે તેવી પૂરેપૂરી શક્યતા છે. જો આ કચરો પાણીમાં જશે, તો પીવાના પાણીની ગુણવત્તા બગડશે અને તેની અસર સીધી લોકોના સ્વાસ્થ્ય પર પડશે.

તંત્રની કાર્યવાહી સામે સવાલો સ્થાનિકોના જણાવ્યા અનુસાર:



લારી-ગલ્લાનો એઠવાડ: થરવાસા ચોકડી પાસે ઊભી રહેતી ખાણી-પીણીની લારીઓવાળા તમામ કચરો કેનાલ પાસે ઠાલવે છે.

મેડિકલ વેસ્ટનો ખતરો: નજીકની હોસ્પિટલો દ્વારા પણ વપરાયેલી સિરીંજ, પાટા અને અન્ય જોખમી કચરો અહીં નાખવામાં આવે છે.નગરપાલિકાની ભૂમિકા: અગાઉ નગરપાલિકા દ્વારા કેટલાક લોકોને દંડ કરવામાં આવ્યો હતો, પરંતુ પરિસ્થિતિમાં કોઈ સુધારો દેખાતો નથી. શું તંત્ર માત્ર નામની કાર્યવાહી કરીને સંતોષ માની લેશે?

જનતાનો સવાલ: જવાબદાર કોણ?

દુર્ગંધ અને ગંદકીને કારણે જો વિસ્તારમાં કોઈ ગંભીર બીમારી કે રોગચાળો ફાટી નીકળશે, તો તેની જવાબદારી કોની રહેશે? નગરપાલિકા ઘોર નિદ્રામાંથી જાગીને આવા બેજવાબદાર લારીવાળાઓ અને હોસ્પિટલો વિરુદ્ધ કડક દંડ કે કાયદેસરના પગલાં ક્યારે લેશે તે જોવું રહ્યુંશું તંત્ર 'લાલિયાવાડી' બંધ કરીને નક્કર પગલાં ભરશે કે પછી જનતાના સ્વાસ્થ્ય સાથે આમ જ ચેડાં થતા રહેશે

# પ્રહલાદનગર ગાર્ડન પાસે ડ્રાઈવરથી ગાડી અડી જતા પાછળ બેઠેલા શેઠાણીને બે શખસોએ લાફા મારી દીધા

• અમદાવાદ

અમદાવાદ શહેરના પ્રહલાદનગર ગાર્ડન પાસેથી ગઈકાલે(7 ફેબ્રુઆરી) બપોરના સમયે એક ગાડીમાં ડ્રાઈવર શેઠાણીને લઈને જઈ રહ્યો હતો. આ દરમિયાન ડ્રાઈવરથી આગળની ગાડીને ગાડી અડી જતા ગાડીમાંથી એક યુવક યુવતીએ ઉતરીને ડ્રાઈવર અને શેઠાણીને લાફા મારી દીધા હતા. આ અંગે ડ્રાઈવરે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વેજલપુરમાં રહેતા ઉપેન્દ્ર યાદવે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે પ્રહલાદનગર ખાતે રહેતા તેમના શેઠાણી નિધી શાહને ગાડીમાં લઈને તે જતો હતો. આ દરમિયાન પ્રહલાદનગર ગાર્ડન પાસે આગળની ગાડીને તેમની ગાડી અડી જતા આગળની ગાડીમાંથી એક યુવતી અને તેની સાથે એક યુવક ગાડીમાંથી ઉતરીને બહાર આવ્યા હતા.




બંનેએ ઉપેન્દ્રને કહ્યું હતું કે તું આંધળો છે તેમ કહી ઉપેન્દ્ર અને નિધીબેનને ગાળો બોલીને પાછળનો દરવાજો ખોલી નિધીબેનને લાફા મારી દીધા હતા. ઉપેન્દ્રને પણ એક લાફો મારી દીધો હતો. આ દરમિયાન તેમના પતિ સંયમ શાહને ફોન કરતા સંયમભાઈ પણ ત્યાં પહોંચ્યા ત્યારે બંનેએ સંયમભાઈનો કોલર પકડીને તેમને પણ રસ્તાની વચ્ચે બે લાફા મારી દીધા હતા. યુવક-યુવતી મારામારી કરી ત્યાંથી જતા રહ્યા હતા. બાદમાં આ અંગે ઉપેન્દ્રએ ફરિયાદ નોંધાવતા આનંદનગર પોલીસે તપાસ શરૂ કરી છે.

# કલોલમાં SIR કામગીરી સામે કોંગ્રેસનો વિરોધ : પૂર્વ ધારાસભ્ય બળદેવજી ઠાકોરની આગેવાનીમાં પ્રાંત અધિકારીને આવેદનપત્ર

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ પંથકમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન રિજન (SIR) એટલે કે ખાસ સઘન સુધારણાની કામગીરી સામે વિવાદ વધ્યો છે. ગઈકાલે પૂર્વ ધારાસભ્ય બળદેવજી ઠાકોરની આગેવાની હેઠળ કોંગ્રેસના કાર્યકરોએ પ્રાંત ઓફિસ ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન, પ્રાંત અધિકારીને આવેદનપત્ર પણ સુપરત કરવામાં આવ્યું હતું.સ્થાનિક કોંગ્રેસે SIR ની નીતિઓ અને કાર્યપ્રણાલી સામે વિરોધ નોંધાવ્યો છે. કલોલ વિસ્તારના સ્થાનિકો અને ખેડૂતોમાં SIR ની કામગીરીને લઈને વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે. આ રોષને કારણે જ આ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ પ્રાંત ઓફિસ ખાતે એકઠા થઈને આક્ષેપ કર્યો હતો કે SIR ની કામગીરી ખેડૂતોના હિતોને નુકસાન પહોંચાડી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સ્થાનિક પ્રજાની અવગણના કરવામાં આવી રહી છે.

આવેદનપત્રમાં સ્પષ્ટ માંગ કરવામાં આવી છે કે SIR ની કામગીરીમાં સુધારો કરવામાં આવે અને લોકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવે. જો આ માંગણીઓ નહીં સંતોષાય, તો આગામી સમયમાં આ આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## ચેક રિટર્નના કેસમાં લેણદારે આવી જ ઉદારતા દાખવીને ધન નહીં પણ મનથી પોતાનું કદ કેટલું મોટું

# ચેક રિટર્નના કેસમાં લેણદારે આરોપીની આર્થિક સ્થિતિ નબળી હોવાની જાણ થતાં રૂ.7.14 લાખ જતા કરી દીધા

• અમદાવાદ

માણસનું કદ ધનથી નહીં પણ મન કેટલું ઉદાર અને સ્વચ્છ છે એનાથી મપાય છે એવું કહેવાય છે. અમદાવાદ શહેરમાં ચેક રિટર્નના કેસમાં લેણદારે આવી જ ઉદારતા દાખવીને ધન નહીં પણ મનથી પોતાનું કદ કેટલું મોટું છે એ પુરવાર કર્યું હતું.

ચેક રિટર્નના કોર્ટ કેસમાં લેણદારને આરોપી પાસેથી 7.14 લાખ રૂપિયા લેવાના નીકળતા હતા. આ માટે તેઓ કોર્ટમાં લડી લેવા માટે મક્કમ હતા. જો કે દેણદારની આર્થિક સ્થિતિ અત્યંત નબળી હોવાની જાણ થયા બાદ લેણદારે ઉદારતા દાખવીને 7.14 લાખ રૂપિયાની રકમ જતી કરીને



સમાધાન કર્યું હતું.

અમદાવાદ શહેરના સાયન્સ સિટી રોડ પર આવેલ સૂર્યરત્ન બંગ્લોઝમાં રહેતા 67 વર્ષીય ઈશ્વરભાઈ પટેલે મેટ્રો બારના ઉપપ્રમુખ અશ્વિન પટેલ દ્વારા દેણદાર મહિલા અને તેના પતિ વિરુદ્ધ રૂ.7.14 લાખના ચેક રિટર્નનો કેસ કર્યો હતો, જેમાં રજૂઆત કરી હતી કે આરોપીને બે વર્ષ જૂની હોન્ડા સિટી કાર વેચવાની હતી.

આથી તે કાર ફરિયાદીએ રૂ.9.75 લાખમાં વેચાણ લીધી હતી. આ પેટે તેમણે રૂ.7.14 લાખ ચૂકવ્યા હતા. આરોપીએ ફાઈનાન્સ કંપનીમાંથી લોન ભરપાઈ કરી એનઓસી રજૂ કરતા રૂ.2.61 લાખ ચુકવવાના હતા, પરંતુ બાકી હપતા નહીં ભરવામાં આવતા ફાઈનાન્સ કંપનીએ કાર સીઝ કરી જમા લઈ લીધી હતી.

એ પછી કાર ખરીદનારા ઈશ્વરભાઈએ આરોપીને આપેલા રૂ.7.14 લાખ પરત માગ્યા હતા. આથી આરોપીએ 21 ડિસેમ્બર 2022ના રોજ રૂ.50ના સ્ટેમ્પ પર સોગંદનામું લખી આપીને બાંહેધરી આપી રૂ.3.57 લાખના બે ચેક આપ્યા હતા. બંને ચેક રિટર્ન થતાં ઈશ્વરભાઈએ કોર્ટમાં કેસ કર્યો હતો. જોકે પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોવાની જાણ થતા તેમણે સમાધાન કર્યું હતું.ઈશ્વરભાઈએ જણાવ્યું હતું કે, આરોપી મહિલા સંતાનો સાથે ઘરે આવ્યા હતાં. અને આર્થિક પરિસ્થિતી અંગે વાત કરી હતી. પતિ હૃદયની બીમારીથી પીડિત હોવાનું પણ કહ્યું હતું. આ સાંભળીને મારું હૃદય પરિવર્તન થયું. હું પણ માણસ છું, ઈશ્વરે મને ઘણું આપ્યું છે. મારા કારણે મહિલા જેલમાં જાય અને પરિવાર દુ:ખી થાય એ પાપ મારા શિરે લેવું નહોતું. પરિવારની યાતના ઓછી થાય એ માટે માનવીય અભિગમ રાખી મેં રકમ માફ કરી દીધી હતી.

# શિક્ષકો માટે ખાસ તાલીમ વર્ગોનું કરાયું આયોજન :પીએમ શ્રી શાળાઓના શિક્ષકો માટે 'હું પણ બનીશ ગિજુભાઈ' તાલીમ વર્ગોનો પ્રારંભ

• ગાંધીનગર

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને સમગ્ર શિક્ષા ગાંધીનગરના સહયોગથી રાજ્યની પીએમશ્રી શાળાઓના શિક્ષકો માટે "હું પણ બનીશ ગિજુભાઈ" શીર્ષક હેઠળ તાલીમ વર્ગોનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, ભાવનગર ખાતે યોજાયો હતો, જેમાં રાજ્યભરના અંદાજે 2200 શિક્ષકો જોડાયા હતા. ભાવનગર સ્થિત દક્ષિણામૂર્તિ કેમ્પસ ખાતે બાલવાટીકાથી ધોરણ-૨ સુધીના શિક્ષકો માટે આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.તાલીમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના આધારે મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (FLN),



બાળકકેન્દ્રિત તથા અનુભવ આધારિત શિક્ષણ પર કેન્દ્રિત રાખવામાં આવી છે.

ઉદ્ઘાટન પ્રસંગે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના કુલગુરુ ડૉ. ટી. એસ. જોષી, દક્ષિણામૂર્તિ સંસ્થાના ટ્રસ્ટી પ્રશાંતભાઈ ભટ્ટ અને ભાવનગર ડાયટના પ્રાચાર્ય રહરેનભાઈ ઉપસ્થિત રહ્યા હતા. કુલગુરુએ જણાવ્યું હતું કે પ્રત્યેક શિક્ષક ગિજુભાઈ બને અને પ્રત્યેક શાળા દક્ષિણામૂર્તિ બને એ બાળશિક્ષણ માટે ઉપયોગી છે.

તાલીમ દરમિયાન વિપુલભાઈ વ્યાસે ગિજુભાઈ બધેકાની વાર્તાકથન પદ્ધતિ, બાળકને વાર્તા કેવી રીતે કહેવી તે અંગે માર્ગદર્શન આપ્યું. બાળકની કુતૂહલવૃત્તિને ધ્યાનમાં રાખી સર્જનાત્મક પ્રવૃત્તિઓ, રમતાં-રમતાં શીખવાની પદ્ધતિ અને વિવિધ રમતો દ્વારા શિક્ષણ આપવાની રીતોનું પ્રદર્શન કરાયું. ભાગરૂપે શિક્ષકોને ભાવનગરની સંસ્થા 'વિજ્ઞાન નગરી'ની મુલાકાત કરાવવામાં આવી, જ્યાં ગણિત અને વિજ્ઞાનના પ્રયોગો કરાવાયા. આ તાલીમ કાર્યક્રમની વ્યવસ્થા તાલીમ કેન્દ્રના નિયામક ડૉ. નીલેશ પાંડ્યા અને કોઓર્ડિનેટર ડૉ. કૃણાલ પંચાલ દ્વારા સંચાલિત કરવામાં આવી રહી છે.

# ડાંગમાં જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કુલમાં પ્રવેશ અંગેની બેટરી ટેસ્ટ (વાય.ટી.ટેસ્ટ) યોજાશે

• આહવા/ડાંગ

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કુલ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ માં પ્રવેશ માટે DLSS, ઈન્સ્કુલમાં તાલીમ લઈ રહેલ અને ખેલ મહાકુંભમાં ભાગ લીધેલ ખેલાડીઓ જેમણે તાલુકા કક્ષાનો ટ્રાયલ આપેલ હતો તેમાંથી જિલ્લા કક્ષા માટે પસંદગી પામેલ ખેલાડીઓ માટે તારીખ ૧૬-૦૨-૨૦૨૬ ના રોજ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર સાપુતારા ખાતે જિલ્લા કક્ષા બેટરી ટેસ્ટ પ્રક્રિયાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે ડાંગ જિલ્લાના જિલ્લા કક્ષા બેટરી ટેસ્ટમાં ભાગ લેનાર ખેલાડીઓએ જન્મ દાખલો/આધારકાર્ડ ખેલ મહાકુંભ આઈડી/તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો. આ બેટરી ટેસ્ટની તારીખ ૧૬-૦૨-૨૦૨૬ ના રોજ સમય સવારે ૮ કલાકનો રહેશે.

**નિરાકરણ** પોરબંદર જિલ્લાના સર્વાંગી વિકાસને વધુ વેગ આપવા અને સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે

# સરકારની ભૂમિકા સ્પષ્ટ છેવાડાના ગામડા સુધી વિકાસ પહોંચાડવાની ભાજપ સરકાર ની રાજકીય પ્રતિબદ્ધતા

## રાણાવાવ - કુતિયાણાનો કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા અને કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાનો જનસંપર્ક

• ગોસા (ઘેડ),

પોરબંદર જિલ્લાના સર્વાંગી વિકાસને વધુ વેગ આપવા અને સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે હેતુ સાથે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા અને રાજ્યના કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ રાણાવાવ તથા કુતિયાણા તાલુકાઓનો જનસંપર્ક પ્રવાસ કર્યો હતો.

આ પ્રવાસ દરમિયાન કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ સ્પષ્ટ રાજકીય સંદેશ આપતાં જણાવ્યું હતું કે, ભાજપ સરકાર માટે સત્તા નહીં પરંતુ સેવા, વિકાસ અને ગરીબ કલ્યાણ પ્રાથમિકતા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસોથી પોરબંદર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઐતિહાસિક વિકાસ થઈ રહ્યો છે. ખેડૂતોના ટેકાના ભાવથી લઈ ગામડાના રોડ, પાણી, વીજળી અને રોજગારી સુધી–ભાજપ સરકારએ સાબિત કર્યું છે કે વિકાસ માત્ર શહેરો સુધી સીમિત નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે,



વિકાસની હરોળમાં પોરબંદરનો એક પણ નાગરિક પાછળ ન રહી જાય તે ભાજપ સરકારની નીતિ છે અને લોકોના પ્રશ્નોનું નિરાકરણ કરવું એ અમારી રાજકીય અને નૈતિક જવાબદારી છે.

રૂ.૧૩૫ કરોડનો પ્રોજેક્ટ :પોરબંદર માટે વિકાસનું રાજકીય માઈલસ્ટોન

કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ રાણાવાવ ખાતે નિર્માણ પામનાર રૂ.૧૩૫ કરોડના ટ્રેન મેન્ટેનન્સ કોચ પ્રોજેક્ટને પોરબંદર જિલ્લાના વિકાસ માટે મહત્વપૂર્ણ રાજકીય સિદ્ધિ ગણાવી હતી. આ પ્રોજેક્ટથી સ્થાનિક યુવાનોને રોજગારી, વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન અને વિસ્તારના આર્થિક ચિત્રમાં પરિવર્તન આવશે તેમ તેમણે જણાવ્યું હતું.

ઘેડ પંથકની વિશેષ યોજનાઓ, રોડ-રસ્તાના કામો અને સિંચાઈ સુવિધાઓ અંગે વાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, કમોસમી વરસાદ વખતે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ ઐતિહાસિક રાહત પેકેજે ખેડૂતોને રાજકીય નહીં પરંતુ વાસ્તવિક સહારો આપ્યો છે.

લોક સંવાદ દ્વારા રાજકારણ નહીં, સમસ્યાનું નિરાકરણ મંત્રીઓએ ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધીને વીજળી, પીવાનું પાણી, સિંચાઈ, પ્રધાનમંત્રી સડક યોજના સહિતના પ્રશ્નો ગંભીરતાથી સાંભળ્યા હતા. લોક રજૂઆતોના આધારે પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવા સ્પષ્ટ આશ્વાસન આપવામાં આવ્યું હતું.

આ સાથે સ્થાનિક વેપારીઓ સાથે ચર્ચા કરી જિલ્લા વિકાસમાં વેપાર-ઉદ્યોગની ભૂમિકા પર પણ ભાર મૂકાયો હતો. સુજલામ સુફલામ યોજના સહિત સરકારની કલ્યાણકારી યોજનાઓ દરેક જરૂરિયાતમંદ સુધી પહોંચે તે માટે તંત્રને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. ટેરી ગામે વિકાસ કાર્યનું લોકાર્પણ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાના હસ્તે તથા કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની પ્રેરક ઉપસ્થિતિમાં કુતિયાણા તાલુકાના ટેરી ગામ ખાતે આહીર સમાજ અને સીસી રોડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જે ભાજપ સરકારના ગ્રામ્ય વિકાસ પ્રત્યેના વચનનો પ્રતીક બન્યું હતું.

આ પ્રસંગે પૂર્વ કેબિનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ. ચેતનાબેન તિવારી, સ્થાનિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

રિપોર્ટર :વિરમભાઈ કે. આગઠ

### લગ્ન પ્રસંગોમાં 'રોયલ' ખર્ચને બદલે 'રીયલ' બચત પર ભાર

# ઠાકોર-રબારી બાદ હવે બ્રહ્મ સમાજ બનાવશે 'સામાજિક બંધારણ', લગ્નમાં થતા ખોટા ખર્ચ પર મુકાશે બ્રેક

**શું હશે નવું માળખું?** બંધારણ બનાવતા પહેલા દરેકે દરેક તબક્કાનું મંતવ્ય લેવામાં આવશે

• ગાંધીનગર

ગુજરાતનો બ્રહ્મસમાજ હવે પરિવર્તનના પંથે છે. ગાંધીનગરમાં મળેલી બ્રહ્મસમાજની એક મહત્વપૂર્ણ બેઠકમાં સામાજિક કુરીવાજો, આર્થિક બોજ અને સમાજ વિરોધી નીતિઓ સામે ઐતિહાસિક રણશિંગુ ફૂંકવાનો નિર્ણય કરાયો છે. આ બેઠકનો સૌથી મોટો નિર્ણય એ છે કે, હવે બ્રહ્મસમાજ પોતાનું એક 'સામાજિક બંધારણ' તૈયાર કરશે. જેનો સીધો ફાયદો મધ્યમવર્ગીય પરિવારોને થશે.

સમાજ અગ્રણી યજ્ઞેશ દવેએ લગ્ન પ્રસંગોમાં થતા આંધળા ખર્ચ સામે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે, સામાજિક દેખાદેખીમાં આજે મધ્યમવર્ગ દેવાના ડુંગર નીચે દબાઈ રહ્યો છે. જેથી આ પ્રકારનાં ખોટા રિવાજ બંધ થવા ખુબ જ જરૂરી છે.

વાર્ષિક સભામાં આ નવા સામાજિક બંધારણને અંતિમ ઓપ આપવામાં આવશે. જો કે બંધારણ બનાવતા પહેલા દરેકે દરેક તબક્કાનું મંતવ્ય લેવામાં આવશે. આ બંધારણ માત્ર ઓફિસમાં બેસીને નહીં, પણ સમગ્ર ગુજરાતના બ્રાહ્મણોના સૂચનો અને મંતવ્યો મેળવીને સર્વસંમતિથી બનાવવામાં આવશે.

માત્ર સામાજિક સુધારા જ નહીં, પણ બ્રહ્મસમાજ હવે પોતાના હકો માટે મેદાને પડ્યો છે. બેઠકમાં આક્ષેપ કરાયો હતો કે, સરકારી




પરિપત્રોમાં સવર્ણ સમાજને વારંવાર નિશાન બનાવવામાં આવે છે. માટે બ્રહ્મ સમાજના પ્રમુખ અશ્વિન ત્રિવેદીએ UGC (યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન)ના વિવાદાસ્પદ નિયમો સામે કોર્ટના દ્વાર ખટખટાવવાની ચીમકી આપી છે. આ સાથે સમગ્ર સમાજે સ્પષ્ટ સંદેશ આપતા જણાવ્યું કે, સમાજ વિરોધી કોઈ પણ સરકારી નીતિ હવે સાંખી લેવામાં આવશે નહીં.

મનોરંજનના નામે બ્રહ્મસમાજની છબી ખરડાવતી ફિલ્મો સામે પણ કડક વલણ અપનાવાયું છે. 'ઘૂસખોર પંડત' જેવી ફિલ્મોના નામ સામે વિરોધ નોંધાવતા અશ્વિન ત્રિવેદીએ સ્પષ્ટ કર્યું કે, સમાજની લાગણી દુભાવતી પ્રવૃત્તિઓ સહન કરવામાં આવશે નહીં. આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટના આદેશોનું સન્માન કરી વિવાદાસ્પદ કાર્યક્રમોથી દૂર રહેવાની પણ અપીલ કરવામાં આવી હતી.

આગામી સમયમાં જિલ્લા અને તાલુકા સ્તરે સંગઠનને વધુ મજબૂત કરવામાં આવશે. આ સામાજિક બંધારણનો અમલ એ માત્ર નિયમ નથી, પણ સમાજના યુવાનો અને વડીલોને આર્થિક રીતે સદ્ધર કરવાનો અને એકતાના તાંતણે બાંધવાનો એક પ્રયાસ છે.

# કોલવડા સોનીપુર રોડ પર મિત્ર સાથે વોકિંગમાં નીકળેલા યુવાનનું બાઈકની ટક્કરે મોત

• ગાંધીનગર

ગાંધીનગરના કોલવડા ગામના ચામુંડાપુરા વિસ્તારમાં રહેતા બે મિત્રો રાત્રિના સમયે જમીને ચાલવા નીકળ્યા હતા. ત્યારે કાળ બનીને આવેલા એક મોટરસાઈકલ ચાલકે તેમને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા રણજીત પ્રજાપતિ નામના 27 વર્ષીય યુવકનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક મિત્રને સામાન્ય ઈજાઓ પહોંચી છે. આ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારોમાં પણ બેફામ વાહન ચાલકોનો આતંક સતત વધી રહ્યો છે, જેનો વધુ એક ભોગ કોલવડા ગામનો 27 વર્ષીય યુવક બન્યો છે. ગાંધીનગરના કોલવડાનો આનંદ અજમલજી ઠાકોર તેના મિત્ર રણજીત હરિભાઈ પ્રજાપતિ સાથે ગઈકાલે રાત્રે આઠેક વાગે કોલવડાથી સોનીપુર રોડ પર ચાલતા ઘરે પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન પાછળથી બાઈક ચાલકે (નં.GJ27E4532) પૂરઝડપે અને




ગફલતભરી રીતે બાઈક હંકારી બંને મિત્રોને પાછળથી અડફેટે લીધા હતા.

આ ટક્કર એટલી જોરદાર હતી કે રણજીતભાઈ પર આખું બાઈક ચડી ગયું હતું. આ અકસ્માત બાદ ગંભીર રીતે ઘવાયેલા રણજીતને માથાના પાછળના ભાગે લોહી નીકળતું હોવાથી તે બેભાન થઈ ગયો હતો. જેના પગલે 108 એમ્બ્યુલન્સ થકી બંને મિત્રોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે ગંભીર ઈજાઓ થવાથી ફરજ પરના ડોક્ટરે રણજીતને મૃત જાહેર કર્યો હતો. આ અંગે આનંદ ઠાકોર ની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# જેતપુરના પેઢલામાં પોલીસે રહેણાંક મકાનમાં ટીપાઈ નીચે છુપાવેલો ગાંજો ઝડપી પાડ્યો, ભરત ભટ્ટની ધરપકડ

• સુરેશ ભાલીયા જેતપુર,

જેતપુર ઉદ્યોગનગર પોલીસે પેઢલા ગામે એક રહેણાંક મકાનમાં નશીલા પદાર્થનો જથ્થો હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસે NDPS એક્ટ હેઠળ દરોડો પાડી 522.540 ગ્રામ વનસ્પતિજન્ય ગાંજાના જથ્થા સાથે એક શખ્સને રંગેહાથ ઝડપી લીધો છે.

વિગતવાર માહિતી મુજબ, પેઢલા ગામની ખાનપરા મઢવાળી શેરીમાં રહેતા ભરતભાઈ જયંતીભાઈ ભટ્ટ (ઉ.વ. 31) પોતાના મકાનમાં ગાંજાનું વેચાણ કરતા હોવાની બાતમી. હેડ કોન્સ્ટેબલ રીઝવાનભાઈ સિંજાત અને ચેતનભાઈ ઠાકોર મળી હતી.

બાતમીના આધારે ઉદ્યોગનગર પોલીસે મકાનમાં તપાસ હાથ ધરતા રૂમમાં લાકડાની ટીપાઈ નીચે સંતાડેલો માદક પદાર્થ મળી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક FSL અધિકારીઓને સ્થળ પર બોલાવી પદાર્થનું પરીક્ષણ કરાવતા તે 'ભેજયુક્ત ગાંજો' હોવાનું સાબિત થયું હતું. પોલીસે 26,127 ની કિંમતનો ગાંજો, મોબાઈલ ફોન અને અન્ય દસ્તાવેજો મળી કુલ



31,127નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આરોપી ભરત ભટ્ટ વિરુદ્ધ NDPS એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ઉદ્યોગનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ નશીલા પદાર્થનો જથ્થો ક્યાંથી આવ્યો અને અન્ય કોણ-કોણ આ નેટવર્ક સાથે જોડાયેલું છે તે દિશામાં પોલીસે પૂછપરછ તેજ કરી છે. આ કાર્યવાહીમાં પીઆઈ એમ.એમ.ઠાકોર એએસઆઈ સંજયભાઈ પરમાર, વલ્લભભાઈ બાવળીયા, હેડ.કોન્સ હિતેશભાઈ વરૂ, રીઝવાનભાઈ સિંજાત, વાસુદેવસિંહ જાડેજા, અજયભાઈ રાઠોડ, ચેતનભાઈ ઠાકોર, સંજયભાઈ પરમાર સહિત ટીમ દ્વારા કરવામાં આવેલ.

# જામનગરમાં ધોળા દિવસે ઘરફોડ ચોરીના ગુનામાં 1 શખસ ઝડપાયો






• જામનગર

જામનગર શહેરમાં શ્રમિક પરિવાર ઘરને તાળા મારીને લગ્નમાં ગયોને ધોળા દિવસે તસ્કરો ત્રાટકીને સોના-ચાંદીના દાગીના મળીને કુલ રૂ.67 હજારના મુદામાલની ચોરી કરી ગયાની ફરિયાદના ગણતરીની કલાકોમાં જ એલસીબીએ ઉકેલી નાંખીને એક શખસની ધરપકડ કરી છે અને એક લાખ ઉપરાંતનો મુદામાલ કબજે કરવામાં આવ્યો છે. શહેરના વુલન મિલ નજીક સિદ્ધાર્થ નગર માં રહેતા પ્રવીણભાઈ નારાણભાઈ બગડા (ઉ.વ.42) નામના શ્રમિક યુવાન ગત તા.5ના રોજના રોજ લાલપુર તાલુકાના પીપળી ગામમાં પોતાના કુટુંબી સાળાના લગ્ન હોવાથી પત્ની અને ત્રણ સંતાનો સાથે ગયા હતા. સવારના 10 મકાનને તાળા મારીને નિકળ્યાને બપોરે 4 વાગ્યા સુધીમાં તસ્કરો તાળા તોડી અંદર ઘુસીને સોના-ચાંદીના દાગીના મળીને કુલ રૂ.67 હજારના મુદામાલની ચોરી કરી ગયા હતા.

### પોલીસે ત્રાટકીને 2.66 લાખની 470 બોટલો જપ્ત કરી

# વડસર નજીક મંદિરની નજીક મીની ગોડાઉન બનાવી દારૂનો અડ્ડો

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ સ્ટેશનના સ્ટાફે સાંતેજથી વડસર જતા રોડ પર ગીરનારી આશ્રમ પાછળ આવેલા એક ખેતરમાં મંદિરની આડમાં ચાલતા વિદેશી દારૂના અડ્ડાનો પર્દાફાશ કરી 2 લાખ 66 હજારથી વધુની કિંમતની 470 જેટલી અલગ અલગ બ્રાન્ડની બોટલો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે પોલીસની આ રેઈડ દરમિયાન મુખ્ય સૂત્રધાર સ્થળ પરથી નાસી જવામાં સફળ રહ્યો હતો. મંદિરની આડમાં વિદેશી દારૂનો અડ્ડો

ગાંધીનગર જિલ્લામાં દારૂબંધીના કડક અમલ વચ્ચે સાંતેજ પોલીસે બાતમીના આધારે વડસર રોડ પર આવેલા એક ખેતરમાં રેઈડ પાડી વિદેશી



દારૂના મોટા જથ્થાનો પર્દાફાશ કર્યો છે. સાંતેજ પોલીસ મથકના પીઆઈ એસ. આર. મૂછાળ પોતાની ટીમ સાથે નાઈટ પેટ્રોલિંગ માં નિકળ્યા હતા.

છાપરામાં વિદેશી દારૂનો મોટો સ્ટોક હતો આ દરમિયાન બાતમી મળી હતી કે સાંતેજ ગામના પેદાજી તરીકે ઓળખાતા કમલેશજી ભવાનજી ઠાકોરે પોતાના ખેતરમાં ગોગા મહારાજના મંદિરની સામે આવેલા કાચા છાપરામાં વિદેશી દારૂનો મોટો સ્ટોક ઉતાર્યો છે અને તે ત્યાંથી જ છૂટક વેચાણ કરે છે. જે બાતમીના આધારે પોલીસ કાફલાએ બાતમીવાળા ખેતરમાં દરોડો પાડ્યો હતો.

470 પ્રીમિયમ દારૂની બોટલો જપ્ત જો કે બુટલેગર સ્થળ પર હાજર નહોતો. બાદમાં પોલીસે કાચા છાપરામાં પ્રવેશ કરતા ખાખી રંગના બોક્સનો મોટો થપ્પો લાગેલો હતો. જેથી મોબાઈલ ફોનની લાઈટના અજવાળે પોલીસે એક પછી એક બોક્સ ખોલતા તેમાંથી પંજાબ અને રાજસ્થાનમાં વેચાણ માટે માન્ય હોય તેવી પ્રીમિયમ વ્હિસ્કીની બોટલો મળી આવી હતી. જેની ગણતરી કરતા 2 લાખ 66 હજારથી વધુની કિંમતની 470 જેટલી અલગ અલગ બ્રાન્ડની બોટલો હોવાનું સામે આવ્યું હતું. આ અંગે પોલીસે ગુનો નોંધી વોન્ટેડ બુટલેગરને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ગોધરા ખાતે કેન્સર જાગૃતિને લઈને "આરોગ્યમ વોકાથોન - 2026 નું ભવ્ય આયોજન

## આરોગ્યમ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા આયોજન

• ગોધરા

વિશ્વ કેન્સર જાગૃતિ અવસર નિમિત્તે આરોગ્યમ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, ઓરવાડા દ્વારા ગોધરા ખાતે પોલીસ હેડક્વાર્ટર ખાતે "આરોગ્યમ વોકાથોન - 2026"નું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કેન્સર અંગે જનજાગૃતિ ફેલાવવી, વહેલી તકે નિદાનનીં મહત્વ સમજ અને સ્વસ્થ જીવનશૈલી માટે લોકોમાં પ્રેરણા ઊભી કરવાના હેતુથી યોજાયેલી એ વોકોથોનમાં 600 થી વધુ નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય સી. કે. રાઉલજી ઉપસ્થિત તેમજ નિર્મિત દેસાઈ, કેતન પરીખ અને અરવિંદ પરમાર વિશેષ મહેમાન



તરીકે હાજર રહ્યા હતા.ધારાસભ્ય સી. કે. રાઉલજી એ ઉપસ્થિત લોકોને કેન્સર વિશે જાગૃતિ ફેલાવવા આહવાન કર્યું હતું તેમજ આરોગ્યમ હોસ્પિટલના ડિરેક્ટર્સ શૈલેશ કથિરિયા, ડો. અંકિત ઠક્કર, ડો. કાર્તિકેય જૈન, ડો. જાગૃતિ કોલાડિયા અને ડો. વિપુલ થુમ્મર ઉપસ્થિત રહી કાર્યક્રમને માર્ગદર્શન આપ્યું હતું.મહાનુભાવોએ આરોગ્યમ હોસ્પિટલની આ પહેલને વખાણી અને કેન્સર અંગે જાગૃતિ, નિયમિત હેલ્થ ચેકઅપ તથા સ્વસ્થ જીવનશૈલી અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વોકાથોન દરમિયાન ભાગ લેનારોએ કેન્સર નિવારણ અને વહેલા નિદાનના સંદેશાવાળા બેનરો સાથે જનજાગૃતિ ફેલાવી હતી.કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિત મહેમાનો, પોલીસ વિભાગ, પત્રકારો , આરોગ્યમ સ્ટાફ, વોલન્ટિયર્સ તથા તમામ ભાગ લેનાર પ્રતિભાગીઓને આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# રાજકોટમાં નાથુરામ ગોડસેના નાટકમાં કોંગ્રેસની તોડફોડ

• અમદાવાદ

રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા આજે હેમુ ગઢવી હોલ ખાતે નથુરામ ગોડસે નાટક શરૂ થાય એ પહેલા જ વિરોધ નોંધાવવામાં આવ્યો અને સ્ટેજ પર પહોંચી સેટ પર તોડફોડ કરવામાં આવી હતી કોંગ્રેસનો આક્ષેપ છે કે ગાંધીજી આપણા રાષ્ટ્રપિતા છે તેમનું અપમાન કરી ગોડસે ને ઉંચા બતાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે જે અમે ચલાવી લેશું નહિ. ગુજરાતમાં કોઈ પણ જગ્યાએ આ નાટક થશે તેનો અમે વિરોધ નોંધાવીશું અને નાટક થવા દેશું નહિ.. ભારે વિરોધના પગલે આયોજકો દ્વારા શો રદ કરી રિફંડ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. અંતિમઘડીએ શો રદ થતા આયોજકોએ નાટક જોવા આવેલા પ્રેક્ષકોની ક્ષમા માગી હતી. પોલીસે 40 જેટલા કોંગ્રેસી કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. રાજકોટના હેમુગઢવી હોલમાં આજે 'હું નાથુરામ ગોડ્સે' નાટકનો શો શરૂ થાય તે પહેલા જ રાજકોટ શહેર કોંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકર્તાઓએ હોલ પર પહોંચીને તોડફોડ કરી હતી. ગાંધીના હત્યારાને નાટકના માધ્યમથી હીરો બનાવવામાં આવતો હોવાનો આક્ષેપ કરાયો છે.

**પ્રગતિ શીલ** રાની ખેતીની મુલાકાત કેશોદના ધારાસભ્ય તથા રાજ્યના પૂર્વ પશુપાલન મંત્રી દેવાભાઈ માલમએ લીધી હતી

# સારા સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક કૃષિ એક માત્ર વિકલ્પ: રાજ્યના પૂર્વ પશુપાલન મંત્રી શ્રી દેવાભાઈ માલમ

## 'એક દેશી ગાયના ગોબર થી 30 એકર જમીન મા ખેતી થઈ શકે:' પ્રગતિ શીલ ખેડૂત કચરાભાઈ જોરા

• ગોસા (ઘેડ), તા. ૦૮

જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીના તાલુકાના કુકસવાડા ગામે ગાત્રાળ માતાજીના મંદિર નજીક બરડા વાડી વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી કરતા રાષ્ટ્રીય તથા રાજ્ય સ્તરના અનેક એવોર્ડ વિજેતા પ્રગતિશીલ ખેડૂત કચરાભાઈ દેવશીભાઈ જોરાની ખેતીની મુલાકાત કેશોદના ધારાસભ્ય તથા રાજ્યના પૂર્વ પશુપાલન મંત્રી દેવાભાઈ માલમએ લીધી હતી.

આ મુલાકાત દરમિયાન પોરબંદરના જાણીતા કેળવણીકાર અને કોળી સમાજના શ્રેષ્ઠી ડો. ઈશ્વરલાલ ભરડા, તેમજ સમાજ અગ્રણીઓ સામતભાઈ જોરા, કાનાભાઈ નાગાભાઈ વાળા, રામભાઈ ભાદરકા, રૂડાભાઈ ભાદરકા, કાંતિભાઈ ભરડા, ગોપાલભાઈ ભરડા, અરજણ ભાઈ ભરડા સહિત અનેક ખેડૂત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાસાયણિક ખેતી માનવ સ્વાસ્થ્ય માટે જોખમી : દેવાભાઈ માલમ

કચરાભાઈ જોરાની ઓર્ગેનિક અને પ્રાકૃતિક ખેતી નિહાળી ધારાસભ્ય દેવાભાઈ માલમે અભિભૂત થતી ભાવના વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે,



ગુજરાતના મહામહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અભિયાનને વિશેષ ગતિ મળી છે, જેના પરિણામે ખેડૂતોને ઓછા ખર્ચે વધુ ઉત્પાદન તેમજ પાકની પોષણ ક્ષમતા વધે છે.

રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના અતિશય ઉપયોગથી જમીનમાં ઓર્ગેનિક કાર્બન ઘટી રહ્યો છે, જેનાથી કેન્સર, હાર્ટ એટેક જેવા ગંભીર રોગોના જોખમો વધી રહ્યા છે. હાઈબ્રિડ બીજ અને યુરિયાનું આંધળું અનુસરણ આવનારી પેઢીના સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે ગંભીર નુકસાનકારક હોવાનું તેમણે જણાવ્યું હતું.

દેશી ગાયના ગોબર અને ગૌમૂત્ર આધારિત પ્રાકૃતિક ખેતીથી જમીનની ગુણવત્તા, માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણમાં નોંધપાત્ર સુધારો શક્ય છે તેમ જણાવી કચરાભાઈ જોરાને વિસ્તાર માટે પ્રેરણા સ્રોત ગણાવીને પ્રશંસા કરી હતી.

પ્રાકૃતિક ખેતી પુણ્ય કાર્ય સમાન : ડો. ઈશ્વરલાલ ભરડા

આ પ્રસંગે ડો. ઈશ્વરલાલ ભરડાએ જણાવ્યું હતું કે, દરિયાઈ પટ્ટીના ગામોમાં કેન્સર અને હૃદયરોગ જેવા રોગો વધતા જઈ રહ્યા છે. માનવજીવન બચાવવા માટેનું પુણ્ય કાર્ય એટલે પ્રાકૃતિક ખેતી. જન આરોગ્ય, પ્રકૃતિ અને પર્યાવરણની સુરક્ષા માટે ઓર્ગેનિક ખેતી અનિવાર્ય હોવાનું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

એક દેશી ગાયથી ૩૦ એકર જમીન ખેતીયોગ્ય : કચરાભાઈ જોરા

પ્રગતિશીલ ખેડૂત કચરાભાઈ જોરાએ પોતાની સફળતાની ગાથા વર્ણવતાં જણાવ્યું હતું કે, તેઓ પોતાના ખેતરમાં મગફળી, બાજરી, ઘઉં, નાળિયેરી, સોનેરી કેળા, દેશી કેળા, લીંબુ, જાંબુ સહિત વિવિધ પાકોનું મબલક ઉત્પાદન મેળવી રહ્યા છે.

ગૌમૂત્ર, અળસિયાની ખેતી તથા જાતે વિકસાવેલી મશીનરી દ્વારા જીવામૃત ખાતર બનાવીને સિંચાઈ સાથે ઉપયોગ કરવામાં આવે છે.

પ્રારંભિક એક વર્ષમાં જમીનમાંથી રાસાયણિક ઝેર દૂર થયા બાદ હવે રાસાયણિક ખાતર વગર પણ ઉત્તમ ઉત્પાદન મળી રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. વૈશ્વિક તાપમાનની સમસ્યામાં રાસાયણિક ખેતીનો લગભગ ૨૪ ટકા ફાળો હોવાનું જણાવી ઓર્ગેનિક ખેતી અપનાવવાની અપીલ કરી હતી.

અનેક રાષ્ટ્રીય-રાજ્યકક્ષાના સન્માનો

કચરાભાઈ જોરાને કૃષિ ક્ષેત્રે

બેસ્ટ ફાર્મર્સ એવોર્ડ ૨૦૨૧-૨૨ (આત્મ ગુજરાત) ઈન્ડિયા નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડક્શન એવોર્ડ

શ્રીમતી ગોદાવરી કામેશ્વર વ્યાસ ગૌ સેવા ટ્રસ્ટ સંચાલિત મા ગૌ સેવા હોસ્પિટલ, કુક્કસવાડા સહિતના અનેક સન્માનો પ્રાપ્ત થયા છે.

આ તકે કચરાભાઈ જોરાની પુત્રી હેતલ-

## સાવરકુંડલામાં સેવા અને ભક્તિનો ત્રિવેણી સંગમ: ૫૧ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા

# જય અલખધણી અને ગોપી મહિલા મંડળના આયોજનમાં રક્તદાન કેમ્પ અને સેવાકાર્યનો અનોખો સમન્વય

## મહંત શ્રી મસાપીર બાપુની દિવ્ય નિશ્રામાં ૨૦ હજાર લોકોએ લીધો મહાપ્રસાદ દીકરીઓને અપાયો ભવ્ય કરિયાવર

• સાવરકુંડલા

સાવરકુંડલાના કેવડાપરા વિસ્તારમાં માનવતા અને સેવાની સુવાસ પ્રસરાવતો એક અનોખો પ્રસંગ યોજાઈ ગયો. 'જય અલખધણી અને ગોપી મહિલા મંડળ' દ્વારા આયોજિત અને નાના ઝીંઝુડાના મોમાઈ મંદિર ના મહંત શ્રી મસાપીર બાપુની દિવ્ય પ્રેરણા તથા માર્ગદર્શન હેઠળ ૫૧ સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ અત્યંત ધામધૂમ પૂર્વક સંપન્ન થયો હતો. આ પ્રસંગે આર્થિક રીતે નબળા પરિવારોના ૫૧ નવયુગલોએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ લગ્નગ્રંથિથી જોડાઈ નવા જીવનની શરૂઆત કરી હતી.

શ્રી મસાપીર બાપુના




આશીર્વાદથી દરેક દીકરીને નવો સંસાર વસાવવા માટે જરૂરી એવી તમામ નાની-મોટી ચીજવસ્તુઓ (કરિયાવર) આપવામાં આવ્યો હતો આ ઉમદા પહેલથી ગરીબ પરિવારોની દીકરીઓને આર્થિક ટેકો સાંપડ્યો હતો. તેમજ આ મંગલ પ્રસંગે ૨૦ હજારથી વધુ મહેમાનો અને ગ્રામજનોએ ઉપસ્થિત રહી મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ ભોજન સમારંભના મુખ્ય દાતા મહંત શ્રી મસાપીર બાપુ (મોમાઈ માતાજી મંદિર, નાના ઝીંઝુડા) રહ્યા હતા.

આ કાર્યક્રમમાં એક અલગ સેવાના આ યજ્ઞમાં સામાજિક જવાબદારીના ભાગરૂપે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં લોકોએ રક્તદાન કરી માનવતા મહેકાવી હતી. આ મહોત્સવમાં વિવિધ ધાર્મિક સ્થાનોના સંતો-મહંતો તેમજ રાજકીય અને સામાજિક અગ્રણીઓએ ખાસ હાજરી આપી હતી. તમામ મહાનુભાવોએ નવદંપતીઓને અક્ષતથી વધાવી સુખી દામ્પત્ય જીવનના આશીર્વાદ પાઠવ્યા હતા. વહેલી સવારે શાસ્ત્રોક્ત વિધિ સાથે લગ્ન સંપન્ન થયા બાદ બપોરે દીકરીઓની વિદાય વેળાએ વાતાવરણ ભાવુક બની ગયું હતું. 'સમાજના છેવાડાના અને જરૂરિયાતમંદ પરિવારોની દીકરીઓના લગ્ન પ્રસંગે સહભાગી થવું એ જ સાચી ઈશ્વર સેવા છે.' - આયોજક સમિતિસમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે 'જય અલખધણી તેમજ ગોપી મહિલા મંડળ' અને સમૂહ લગ્ન સમિતિના સ્વયંસેવકોએ રાત-દિવસ જહેમત ઉઠાવી હતી. સુવ્યવસ્થિત આયોજન, શિસ્તબદ્ધ વ્યવસ્થા અને ભક્તિમય માહોલને કારણે સમગ્ર સાવરકુંડલા પંથકમાં આ આયોજનની ચોમેર પ્રશંસા થઈ રહી છે.

# સાવધાન! બાળ લગ્ન કરાવનાર અને મદદગારી કરનારને થઈ શકે છે જેલની સજા: મહીસાગર વહીવટી તંત્રની લાલ આંખ

## મહીસાગર જિલ્લામાં બાળ લગ્ન અટકાવવા તંત્ર સતર્ક

• કાનજી ધામોત મહીસાગર

મહીસાગર બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી ખાતે લુણાવાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બાળ લગ્નના આયોજન અંગેની માહિતી મળતા તે સંદર્ભે તપાસ હાથ ધરી બાળકોના ઉમરના પુરાવા મેળવવામાં આવ્યેથી બાળ લગ્ન હોવાનું માલૂમ પડેલ હતું.જેમાં બાળ લગ્નનું આયોજન કરનાર બાળકના માતાપિતાને બાળ લગ્ન ન કરવાની નોટીસ પાઠવવામાં આવી હતી તેમજ બાળક લગ્નની નિર્ધારિત વય પ્રાપ્ત ન કરે ત્યાં સુધી લગ્ન ન કરવા અંગે બાંહેધરી મેળવી બાળલગ્ન અટકાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત આ અઠવાડીયામાં બાલાશિનોર તાલુકામાં બે અને લુણાવાડા શહેરી વિસ્તારમાં એક બાળ લગ્ન અટકાવેલ છે.બાળ લગ્નના કારણે ઘણી બધી વિપરિત પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. જેમ કે, સગીર વયની બાળાઓ ગર્ભવતી બને છે, અપરિપક્વ સુવાવડનું પ્રમાણ વધે છે, માતા મૃત્યુ અને બાળ મૃત્યુનો દર વધે છે. નવજાત શિશુઓમાં માંદગી, અશક્તિ, તેમજ દિવ્યાંગતાનું પ્રમાણ વધે છે, ખુબ નાની ઉંમરમાં કુટુંબનો ભાર અને સામાજિક જવાબદારીઓ ઉઠાવવી પડે છે, બાળ મજુરીમાં વધારો થાય છે વગેરે જેવા કારણોથી બાળકોનુ ભવિષ્ય જોખમાય છે. આથી જ્યારે પણ લગ્નનુ આયોજન કરવામાં આવે ત્યારે દિકરા દિકરીની ઉંમર ચકાસવી ખુબ જરૂરી છે.આ બાબતે સરકારશ્રી તરફથી શાળા- કોલેજ, ગ્રામ પંચાયત, વગેરે સ્થળોએ અવાર નવાર જાગ્રુતિ કાર્યક્રમો કરવામાં આવે છે તથા ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર તરફથી અમલમાં મુકાયેલ બાળવિવાહ મુક્ત ભારત અભિયાન અંતર્ગત કેટરર્સ, મંડપ, ફરાસખાના, ડી.જે. સંચાલક,ગોર મહરાજ, બ્યુટીપાર્લર, ફોટોગ્રાફર, વગેરે લગ્નમાં સેવા આપનાર વ્યક્તિઓ સાથે પણ જાગ્રુતિ કાર્યક્રમો કરી બાળ લગ્નમાં સેવા ન આપવા બાબતે બાંહેધરી લેવામાં આવી છે.બાળલગ્ન પ્રતિબંધક ધારો-૨૦૦૬ અન્વયે જો પુરુષ હોય તો જેણે ૨૧ વર્ષની ઉંમર પૂરી કરી નથી અને જો સ્ત્રી હોય તો જેણે ૧૮ વર્ષની પુરી કરી નથી તેવા બંને પક્ષ અથવા બે પક્ષ પૈકી કોઈ પણ પક્ષે નિર્ધારિત ઉંમર પુરી કરેલ ના હોય તેવા યુગલો વચ્ચે લગ્ન થતા હોય તો તેને બાળલગ્ન કહેવામાં આવે છે. જો આ મુજબની લગ્નની નિર્ધારિત વય પહેલાં બાળ લગ્ન કરાવવામાં આવે તો વર અને કન્યાના માતા-પિતા, લગ્ન કરનાર દિકરો જો ૧૮ વર્ષથી વધુની વય ધરાવતો હોય તો તે પોતે તેમજ લગ્ન વિધિનું સંચાલન કરાવનાર ગોર મહારાજ, લગ્નમાં સહભાગી થનાર સગા-સંબંધીઓ, લગ્નમાં સેવા આપનાર મંડપ ડેકોરેશન પાર્ટી, ફોટોગ્રાફર, ડી.જી. બેન્ડ વાજા પાર્ટી, કેટરર્સ વગેરેને બાળ લગ્નમાં મદદગારી કરવા બદલ બે વર્ષની સખત કેદની સજા અથવા રૂપિયા એક લાખના દંડની સજા થવા પાત્ર છે.

# ઉના પોલીસે કાજરડીમાં દેશી દારૂની ભઠ્ઠી ઝડપી પાડી: 28 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત, આરોપી ફરાર

• કૈલેશ ભટ્ટ ઉના

ઉના પોલીસે ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરતા ઉના તાલુકાના કાજરડી ગામની સીમમાંથી દેશી દારૂની ભટ્ઠી ઝડપી પાડી છે. આ દરોડા દરમિયાન પોલીસે 28,340નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો, જોકે મુખ્ય આરોપી પોલીસને જોઈને નાસી છૂટ્યો હતો. બાતમીના આધારે ઉના પોલીસ ટીમે કાજરડી ગામની સીમમાં દરોડો પાડયો હતો. સ્થળ પરથી દેશી દારૂ બનાવવાની સામગ્રી, પ્લાસ્ટિકના ડ્રમ, બેરલ, તૈયાર દેશી દારૂનો જથ્થો અને આથો મળી આવ્યો હતો. પોલીસે આ તમામ મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની રેડ દરમિયાન મુખ્ય આરોપી કરશન ગાંડાભાઈ બાંભણીયા સ્થળ પરથી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે આરોપીની ઓળખ કરી લીધી છે



અને તેને ઝડપી પાડવા માટે તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી છે. આ કાર્યવાહી પોલીસ ઈન્સ્પેક્ટર નિલેષ ચૌહાણ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. ગીર સોમનાથ પોલીસ દ્વારા ગેરકાયદેસર દારૂના ધંધા સામે ભવિષ્યમાં પણ કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

## 'દફતરનો એ 'ભાર' અને યાદોનો અપરંપાર'

# જિંદગીની ભાગદોડમાં આપણે ભલે ગમે તેટલા મોટા ઓફિસર કે બિઝનેસમેન બની જઈએ

જિંદગીની ભાગદોડમાં આપણે ભલે ગમે તેટલા મોટા ઓફિસર કે બિઝનેસમેન બની જઈએ, પણ આજેય રસ્તામાં કોઈ બાળકને ભારેખમ દફતર ઊંચકીને જતું જોઈએ છીએ ત્યારે મન એક ક્ષણ માટે થંભી જાય છે. દિલના કોઈ ખૂણેથી અવાજ આવે છે કે, 'કાશ! આ દફતર મારું હોત અને એમાં મારું બાળપણ હોત!' જિંદગીની સૌથી મોટી કરુણતા એ જ છે કે, જ્યારે દફતરનું વજન ઊંચકવાની શક્તિ હતી ત્યારે એ 'ભાર' લાગતો હતો, અને આજે જ્યારે જિંદગીનો ભાર ઊંચકવાની મજબૂરી છે ત્યારે એ 'દફતર' દુનિયાની સૌથી હલકી અને પવિત્ર વસ્તુ લાગે છે!

સવારે ઉઠીને આકાશમાં વાદળો જોઈને મનમાં એવી પ્રાર્થના કરવી કે 'ભગવાન, આજે એટલો વરસાદ પડે કે સ્કૂલમાં રજા પડી જાય!' એ રજાનો આનંદ આજે મળેલી કરોડોના બોનસ કરતા પણ વધારે હતો. ત્યારે ખિસ્સામાં એક રૂપિયો હોત તો આખું ગામ ખરીદવાની તાકાત લાગતી, આજે હજારો રૂપિયા છે પણ એ 'એક રૂપિયા' જેવો સંતોષ ક્યાંય નથી. આજે લાઈફમાં 'ટાઈમ મેનેજમેન્ટ'ના ક્લાસ લઈએ છીએ, પણ સાચું મેનેજમેન્ટ તો ત્યારે હતું જ્યારે સાહેબ બોર્ડ પર લખવા માટે ફરે, એટલી સેકન્ડમાં બેન્ચ નીચેથી નાસ્તાનો ડબ્બો સાફ થઈ જતો! આજે ફાઈવ-સ્ટાર હોટલના જમવામાં પણ એ સ્વાદ નથી આવતો, જે મિત્રોના એ એંઠા ડબ્બા છીનવીને ખાવામાં આવતો હતો; નવાઈની વાત તો એ છે કે ત્યારે એ એંઠું ખાવામાં 'હાઈજીન' નહોતું પણ 'હેત' ભરપૂર હતું, એટલે જ કદાચ કોઈ ક્યારેય બીમાર પડતું નહોતું!

સાહેબ, ત્યારે દફતર ભલે ફાટેલું હતું પણ એમાં આખું સપનું સમાઈ જતું, અને આજે 'બ્રાન્ડેડ બેગ' તો છે પણ એમાં ક્યાંય પેલું નિર્દોષ બાળપણ જડતું નથી!

વર્ગખંડની એ છેલ્લી બેન્ચ... જે કદાચ દુનિયાના સૌથી મોટા 'વિચારકો'નું હેડક્વાર્ટર હતું. પરીક્ષામાં જ્યારે પેપર અઘરું હોય, ત્યારે આખા ક્લાસનું એકબીજા સામે જોવું અને 'તને આવડે છે?' વાળો ઈશારો કરવો, એ મૌન સંવાદ દુનિયાની કોઈ પણ 'કોન્ફરન્સ કોલ' કરતા વધુ અસરકારક હતો.



અમારી મિત્રતા પણ ગજબની હતી સાહેબ! ત્યારે 'ફ્રેન્ડ રિક્વેસ્ટ' મોકલવી પડતી નહોતી, બસ એક રિસેસનો બેલ પડે એટલે આખું ટોળું આપોઆપ ભેગું થઈ જતું. મિત્રની પેનનું ઢાંકણું ચાવી જવામાં જે સ્વાદ હતો, એ આજે દુનિયાની કોઈ પણ મોંઘી વાનગી કે બ્રાન્ડેડ કોફીમાં પણ નથી આવતો.

આજે આપણી પાસે ગૂગલ મેપ છે, પણ એ રસ્તો જડતો નથી જે સીધો 'નિરાંત' તરફ જતો હોય; આજે ખિસ્સામાં મોંઘા આઈફોન છે, પણ એવો કોઈ 'Contact' નથી જેની જોડે કલાક સુધી મતલબ વગરની વાતો કરી શકાય! ત્યારે પાયલોટ કે એન્જિનિયર બનવાના નિર્દોષ સપના હતા, આજે સમજાયું કે સૌથી અઘરું કામ તો ફરીથી 'બાળક' બનવાનું છે. હકીકત તો એ છે કે આપણે મોટા નથી થયા, બસ એક એવી રેસમાં ઉતરી ગયા છીએ જ્યાં જીત્યા પછી પણ એવું લાગે છે કે હારી ગયા.

જ્યારે સ્કૂલના છેલ્લા દિવસે શર્ટ પર મિત્રોના ઓટોગ્રાફ લેતા, ત્યારે ખબર નહોતી કે એ સફેદ શર્ટ પરના અક્ષરો આપણી જિંદગીના સૌથી કિંમતી દસ્તાવેજો બની જશે. વર્ષો વીતી ગયા, પણ હૃદય તો આજે પણ એ જ વર્ગખંડમાં 'હાજરી' પુરાવે છે. કદાચ એટલે જ, આજેય જ્યારે જૂના મિત્રો મળે છે ત્યારે કોઈ હોદ્દા કે પૈસાની વાત નથી થતી, બસ એક સ્મિત સાથે પૂછાય છે– 'યાદ છે પેલો દિવસ?' અને ત્યાં જ જિંદગી ફરીથી 'રિસેસ' જેવી જીવંત થઈ ઉઠે છે!

અંતિમ વિચાર -

'સાહેબ, જિંદગીની ભાગદોડમાં કદાચ અમે દુનિયા જીતી ગયા હોઈશું, પણ આજેય એવું લાગે છે કે બધું જ પાછું આપી દઉં– જો કોઈ એક દિવસ માટે ફરીથી મને એ 'ભારે દફતર' અને એ 'નિર્દોષ બાળપણ' પાછું આપી દે તો!'


## ખાડાઓને કારણે તંત્ર પડી ભાંગ્યું છે, અને મૃત્યુ પછી પણ વહીવટીતંત્ર પ્રતિભાવહીન રહે છે

નોઈડા કાર અકસ્માત, જેમાં એક એન્જિનિયરનું ખાડામાં મૃત્યુ થયું હતું, તે થોડો શાંત થયો પણ નહોતો, જ્યારે દિલ્હીમાં મોટરસાયકલ ચલાવતો એક યુવાન ખાડામાં પડી ગયો. આ ખાડો દિલ્હી જલ બોર્ડ દ્વારા ખોદવામાં આવ્યો હતો. નોઈડાની જેમ, દિલ્હીના આ ખાડામાં પણ કોઈ બેરિકેડ કે ચેતવણી ચિહ્નો નહોતા.

આ સૂચવે છે કે નોઈડાની ઘટના પછી પણ, પડોશી દિલ્હીમાં કોઈ પાઠ શીખવા મળ્યો ન હતો. નોઈડાની જેમ, કેટલાક અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, અને તપાસના આદેશ આપવામાં આવ્યા છે. ગમે તે કરવામાં આવે, મૃત્યુ પામેલો યુવાન સ્વસ્થ થઈ શકશે નહીં. આ યુવાનના મૃત્યુને અકસ્માત કહેવું એ ઓછું કહેવાશે. આ કોઈ અકસ્માત નથી, પરંતુ ખૂની બેદરકારી છે. નોઈડા અને દિલ્હી જેવી ઘટનાઓ પણ તેનો અપવાદ નથી. આપણા દેશમાં આવી ઘટનાઓ વારંવાર બને છે. રસ્તાના કિનારે ખોદાયેલા ખાડામાં પડીને અથવા તૂટેલા રસ્તાઓમાં પડીને લોકો મૃત્યુ પામે છે. ઘણી જીવલેણ ઘટનાઓ બને છે કારણ કે ખતરનાક વિસ્તારો અંધારામાં છવાયેલા હોય છે અને ચેતવણી ચિહ્નોનો અભાવ હોય છે. જ્યારે રાષ્ટ્રીય રાજધાની અને તેની આસપાસના વિસ્તારોમાં આ પરિસ્થિતિ હોય છે, ત્યારે કલ્પના કરવી સરળ છે કે દૂરના શહેરોમાં લોકો કેટલા સતર્ક હોવા જોઈએ. મોટા શહેરોમાં, વહીવટી બિનકાર્યક્ષમતા અને અસંવેદનશીલતાને કારણે થતા મૃત્યુની ચર્ચા હજુ પણ થાય છે, અને કેટલીક કાર્યવાહી, ભલે ઉપરછલ્લી હોય, કરવામાં આવે છે. જોકે, નાના શહેરોમાં, કોઈ ધ્યાન આપતું નથી. રસ્તા, વીજળી, પાણી અને શેરી લાઈટિંગ, ટ્રાફિક અને અન્ય સેવાઓ પૂરી પાડવા માટે જવાબદાર એજન્સીઓની બેદરકારીને કારણે દર વર્ષે અસંખ્ય લોકો પોતાના જીવ ગુમાવે છે. આ મૃત્યુને સામાન્ય રીતે અકસ્માત કહેવામાં આવે છે, અને જેઓ પોતાના પ્રિયજનો ગુમાવે છે તેઓ તેને કાયદા તરીકે સ્વીકારે છે. જોકે, સત્ય એ છે કે નોઈડા અને દિલ્હી જેવી જીવલેણ ઘટનાઓ બનતી રહે છે કારણ કે મૃત્યુ માટે જવાબદાર કર્મચારીઓ અને અધિકારીઓને ક્યારેય કડક સજાનો સામનો કરવો પડતો નથી. તેમને, શ્રેષ્ઠ રીતે, સસ્પેન્ડ કરવામાં આવે છે. દરેક વ્યક્તિ જાણે છે કે સસ્પેન્શન એ સજા નથી, અને બરતરફી જેવી કડક કાર્યવાહી ભાગ્યે જ કરવામાં આવે છે. જવાબદાર વિભાગોને ભારે દંડ પણ કરવામાં આવતો નથી. પરિણામે, કોઈ સતર્ક નથી. પરિણામ નબળું, આડેધડ અને સમય માંગી લેતું બાંધકામ છે, જે ઘણીવાર જોખમને આમંત્રણ આપે છે. આ શરમજનક પરિસ્થિતિ માત્ર વિકસિત ભારતના સૂત્રની મજાક ઉડાવે છે, પરંતુ શાસન અને વહીવટની ખામીઓને પણ ઉજાગર કરે છે.

# સાઉદીએ અમેરિકા કરતા બમણા ભારતીયોને ડિપોર્ટ કર્યા

EDITORIAL



**સાઉદી દ્વારા ગત વર્ષે ૧૩,૨૫૬ ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. જેમાં રિયાધ ખાતેથી ૪,૩૩૫ ભારતીયોને તથા જેદ્દાહથી ૮,૯૨૧ ભારતીયોને ડિપોર્ટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. યુએઆઈ દ્વારા અબુધાબી ખાતેથી ૧,૬૬૨ ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત દુબઈ ખાતેથી ૭,૮૯૬ ભારતીયોને પરત મોકલવામાં આવ્યા હતા**

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળી ત્યારે કહ્યું હતું કે, ટૂંક સમયમાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ ઉપર પસ્તાળ પાડવામાં આવશે. તેમની સામે આકરા પગલાં લેવામાં આવશે. આ વાતનો તેમણે સાર્થક કરતા ગત વર્ષે ઘણા ભારતીયોને ડિપોર્ટ કર્યા હતા. અમેરિકા દ્વારા જે ભારતીયોને પરત મોકલવામાં આવ્યા હતા તેનો આંકડો ખૂબ જ નાનો છે. દુનિયાને એવા નાના દેશો છે જ્યાં મોટી સંખ્યામાં ભારતીયોને તગેડી મુકવામાં આવ્યા છે, ડિપોર્ટ કરવામાં આવ્યા છે. અમેરિકા દ્વારા ભારતીયોને બેડીઓ પહેરાવીને, સાંકળોમાં બાંધીને જાણે કે આતંકવાદી હોય તે રીતે ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. તેના કારણે વિશ્વભરમાં હોબાળો મચ્યો હતો. આંચકાજનક વાત એવી છે કે, સમગ્ર વિશ્વમાં વિશ્વગુરુ હોવાની વાતો લઈને ફરતા વિદેશમંત્રાલયનું કશું જ ઉપજ્યું નહોતું. ટ્રમ્પ અને અમેરિકા દ્વારા છડેચોક ભારતીયોનું અપમાન કરવામાં આવ્યા છતાં વિદેશમંત્રાલયે આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી નહોતી. બીજી આંચકાજનક અને ચિંતાજનક વાત એવી છે કે, તાજેતરમાં સરકારે જ સ્વીકાર્યું છે કે, ગત વર્ષે હજારોની સંખ્યામાં ભારતીયોને વિવિધ દેશો દ્વારા ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. તેમાં અમેરિકાનો આંકડો નાનો છે. અમેરિકા દ્વારા જે ભારતીયોને ડિપોર્ટ કરાયા તેના કરતા બમણી સંખ્યામાં સાઉદી દ્વારા ભારતીયોને હાંકી કાઢવામાં આવ્યા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જ રાજ્યસભામાં આ અંગે અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. તેમાં જણાવાયું હતું કે, અમેરિકા દ્વારા ૨૦૨૫માં ૩૮૦૦ ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. કોંગ્રેસી સાંસદ રણદીપસિંહે સુરજેવાલા દ્વારા કરવામાં આવેલા સવાલના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે, અમેરિકામાંથી અંદાજે ચાર હજારની આસપાસ ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત સરકારે એવું પણ જણાવ્યું કે, સાઉદી અને યુએઈમાંથી ડિપોર્ટ થનારા ભારતીયોનો આંકડો અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ભારતીયો કરતા ઘણો મોટો અને વધારે છે.

ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના સાંસદ રણદીપસિંહ સુરજેવાલાએ સવાલ કર્યો હતો કે, છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા ભારતીયોને અમેરિકા તથા અન્ય દેશો દ્વારા ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. ભારત દ્વારા ગેરકાયદે રસ્તે ભારતીયોને વિદેશ જતા રોકવા માટે કેવા પગલાં લેવામાં આવ્યા છે. ખાસ કરીને ઉત્તર અમેરિકામાં ઘુસણખોરી કરવા માટે ડંકી રૂટનો ઉપયોગ કરનારા કેટલા ભારતીયોને અટકાવવામાં આવ્યા છે અથવા તો આ રૂટ ઓપરેટ કરતા ઓપરેટર્સને અકાયતમાં લેવામાં આવ્યા છે. ગેરકાયદે ઈમિગ્રેશન વિશે ભારત સરકારે શું પગલા લીધા છે.




વિદેશી બાબતોના રાજ્યકક્ષાના મંત્રી કિર્તી વર્ધનસિંહે આ અંગે જવાબ આપતા વિગતો રજૂ કરી હતી. તેમણે જણાવ્યું કે, ૩,૮૦૦ ગેરકાયદે ભારતીયોને અમેરિકા દ્વારા ૨૦૨૫માં ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. ગત ડિસેમ્બરમાં વોશિંગ્ટન દ્વારા ગેરકાયદે રહેતા ૩,૪૧૪ ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા તેમનો પણ ઉપરોક્ત આંકડામાં સમાવેશ થતો હતો. તેમાં વધુમાં જણાવાયું હતું કે, હ્યુસ્ટન દ્વારા ૨૩૪, સાન ફ્રાન્સિસ્કો દ્વારા ૪૯, ન્યૂયોર્ક દ્વારા ૪૭, એટલાન્ટા દ્વારા ૩૧ અને સીએટલ દ્વારા ૩૧ ભારતીયોને પાછા કાઢવામાં આવ્યા હતા. આ સિવાયના રાજ્યો અને શહેરોમાંથી છુટાછવાયા લોકોને શોધીને તેમને ભારત રવાના કરાયા હતા.ઉલ્લેખનીય છે કે, ૨૦૨૫માં ભારતીયોને ડિપોર્ટ કરવાનો અમેરિકાનો આ આંકડો નાનો છે. ગત વર્ષે સાઉદી અરેબિયા અને યુએઈ દ્વારા સૌથી વધારે ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. તેમાં પણ સાઉદી દ્વારા સૌથી વધારે ભારતીયોને પરત મોકલાયા હતા. સાઉદી દ્વારા ગત વર્ષે ૧૩,૨૫૬ ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. બીજી તરફ રિયાધ ખાતેથી ૪,૩૩૫ ભારતીયોને વતનની વાટ પકડાવવામાં આવી હતી. એક અહેવાલ પ્રમાણે જેદ્દાહમાં આવેલા ભારતીય દૂતાવાસ થકી જ ૮,૯૨૧ ભારતીયોને ડિપોર્ટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સિવાય યુએઆઈ દ્વારા અબુધાબી ખાતેથી ૧,૬૬૨ ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત દુબઈ ખાતેથી ૭,૮૯૬ ભારતીયોને પરત મોકલવામાં આવ્યા હતા. આ સિવાય મલેશિયા, મ્યાંમાર અને પાડોશી દેશ ચીન દ્વારા પણ ઘણા ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા.સરકારી અહવાલો જણાવે છે કે, ભારત સરકારના વિદેશમંત્રાલય દ્વારા અમેરિકા સહિતના તમામ દેશો સાથે ભારતીયોના ડિપોર્ટેશન અંગે ચર્ચા કરવામાં આવી રહી છે. ખાસ કરીને અમેરિકા દ્વારા જે રીતે ભારતીયોને પરત મોકલવામાં આવ્યા તે વિશે વાટાઘોટ કરાઈ રહી છે. વાસ્તવિકતા એ છે કે, અમેરિકાએ છડેચોક ભારતીયોનું અપમાન કરીને તેમને ડિપોર્ટ કર્યા હતા. તે સમયે વિદેશમંત્રી કે વિદેશ મંત્રાલય અથવા તો ત્યાં રહેલા ભારતીય દૂતાવાસ દ્વારા કોઈ પગલાં લેવાયા નહોતા કે વાંધો ઉઠાવવામાં આવ્યો નહોતો. અમેરિકાએ આડોડાઈ સાથે બાળકો અને મહિલાઓને પણ સાંકળોથી બાંધીને ડિપોર્ટ કર્યા હતા અને વાતોના ઢોલ પિટતા વિદેશ મંત્રાલય દ્વારા કશું જ થયું નહોતું.

ચિંતાજનક આંકડા બીજા એ પણ છે કે, અમેરિકામાં ભારતીયોની ધરપકડ પણ મોટાપાયે કરવામાં આવે છે. ગત વર્ષે ૧૯૯૩ ભારતીયોની અમેરિકામાં ધરપકડ કરવામાં આવી હતી. ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ) દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. મહત્ત્વની વાત એ છે કે, આ રીતે પકડાયેલા અંદાજે ૨૦૦૦ લોકોમાંથી ૧,૬૬૯ લોકો સામે કોઈ ક્રિમિનલ કેસ બનતો નહોતો કે તેઓ ગુનેગાર પણ સાબિત થયા નહોતા. આ દિશામાં તપાસ કરવામાં આવે તો કેલિફોર્નિયા દ્વારા સૌથી વધારે ૬૪૩ ભારતીયોની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ ટેક્સાસ દ્વારા ૨૩૭ અને ન્યૂયોર્ક દ્વારા ૧૧૫ ભારતીયોની ધરપકડ કરવામાં આવી હતી.

# સોના અને ચાંદીના ભાવ અચાનક કેમ ઘટ્યા?

૨૯ જાન્યુઆરીના રોજ, સોનાનો ભાવ ૫,૫૮૦ ડોલર પ્રતિ ઔંસથી વધુના રેકોર્ડ સ્તરે પહોંચ્યો. પરંતુ બીજા જ દિવસે, ૩૦ જાન્યુઆરીએ, સોનામાં વર્ષોમાં સૌથી મોટો એક દિવસનો ઘટાડો જોવા મળ્યો, જે લગભગ ૯ ટકા ઘટ્યો. આ ઘટાડો ત્યાં જ અટક્યો નહીં; બીજા સોમવાર, ૨ ફેબ્રુઆરી સુધીમાં, ભાવ વધુ ૩.૩ ટકા ઘટીને ૪,૫૪૫ ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગયો. જોકે, પછીથી તેમાં થોડો સુધારો થયો.

મુખ્ય અર્થતંત્રોમાં વધતી જતી ફુગાવા અને યુએસ-ચીન વેપાર તણાવ, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગ્રીનલેન્ડ માટેની મહત્વાકાંક્ષાઓ, યુક્રેનમાં રશિયાનું યુદ્ધ અને પ્રાદેશિક સંઘર્ષોમાં ઈરાનની ભૂમિકાને કારણે વધતા ભૂ-રાજકીય તણાવ વચ્ચે રોકાણકારો સલામત આશ્રયસ્થાનો તરફ વળ્યા ત્યારે સોનાના ભાવમાં તીવ્ર ઘટાડો થયો તે પહેલાં, સોનાનો રેકોર્ડ ઉચ્ચતમ સ્તર આવ્યો.

વધુમાં, નાણાકીય બજારો અપેક્ષા રાખી રહ્યા હતા કે યુએસ ફેડરલ રિઝર્વ ટૂંક સમયમાં વ્યાજ દરોમાં ઘટાડો કરી શકે છે. આ સામાન્ય રીતે ડોલરને નબળો પાડે છે અને સોનાની માંગમાં વધારો કરે છે.

ભાવ વધારાનું બીજું મુખ્ય કારણ ''કોલ ઓપ્શન્સ'' ની મોટા પાયે ખરીદી હતી. શેરબજારમાં આ એક પ્રકારનો વેપાર છે જે રોકાણકારોને ભવિષ્યમાં આજે નક્કી કરેલા ભાવે સોના જેવી ચીજવસ્તુઓ ખરીદવાનો અધિકાર આપે છે. તેથી, આ વિકલ્પો વેચનારાઓને નોંધપાત્ર નુકસાનનો ડર હતો અને પોતાને બચાવવા માટે, મોટી માત્રામાં સોનું ખરીદવાનું શરૂ કર્યું. આનાથી એક લૂપ બન્યો જેણે કિંમતોને વધુ ઉંચી કરી.

બીજી તરફ, ચાંદીમાં પણ ગયા અઠવાડિયે અચાનક ઉછાળો જોવા મળ્યો. ૨૯ જાન્યુઆરીના રોજ, ચાંદી $૧૨૧.૬૪ પ્રતિ ઔંસની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચી, પરંતુ તેના થોડા સમય પછી, તેમાં નોંધપાત્ર ઘટાડો થયો, જેના કારણે કિંમતો લગભગ ત્રીજા ભાગ સુધી ઘટી ગઈ. સોમવાર સુધીમાં, ચાંદી તેના ટોચના ભાવથી ૪૧ ટકા ઘટીને $૭૨ ની આસપાસ સ્થિર થઈ ગઈ. જોકે, હવે કિંમતોમાં થોડો સુધારો જોવા મળી રહ્યો છે. ચાંદીના ભાવમાં આ વધારા પાછળ અટકળો અને વધતી માંગનો પણ ફાળો હતો. ચાંદીનો ઉપયોગ હવે ઈલેક્ટ્રોનિક્સ, કૃત્રિમ બુદ્ધિમત્તા અને સૌર પેનલ જેવા સ્વચ્છ-ઊર્જા ઉત્પાદનોમાં વ્યાપકપણે થાય છે. વધુમાં, ચીની લોકોએ મોટા પ્રમાણમાં ચાંદીનો સંગ્રહ કર્યો, જેના કારણે તેની અછત સર્જાઈ અને ભાવમાં વધુ વધારો થયો.

ભાવમાં આ અચાનક ફેરફાર મુખ્યત્વે બે મોટી જાહેરાતોને કારણે થયો હતો, જેણે બજારનું વાતાવરણ સંપૂર્ણપણે બદલી નાખ્યું હતું અને રોકાણકારોને મોટા પાયે તેમના હોલ્ડિંગ વેચવાની ફરજ પડી હતી. સૌપ્રથમ, શુક્રવારે, ડોનાલ્ડ ટ્રમ્પે ફેડરલ રિઝર્વના આગામી ચેરમેન તરીકે કેવિન વોર્શની પસંદગી કરી. વોર્શ, જે યુએસ સેન્ટ્રલ બેંકના વડા તરીકે જેરોમ પોવેલનું સ્થાન લેશે, તેમને આર્થિક કટોકટીના સમયમાં કામ કરવાનો અનુભવ ધરાવતા વ્યવહારિક અને સ્વતંત્ર વિચારક માનવામાં આવે છે. બજારે આને ''રૂઢિચુસ્ત'' નિર્ણય માન્યો. રોકાણકારો માનતા હતા કે વોર્શ વ્હાઈટ હાઉસના દબાણને તાત્કાલિક નકારી કાઢશે નહીં કે વ્યાજ દરમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવે, કારણ કે ટ્રમ્પે વારંવાર પોવેલને આવું કરવા વિનંતી કરી હતી. આ જાહેરાત પછી યુએસ ડોલર મજબૂત થયો. જોકે, રોકાણકારોએ અગાઉ ધાર્યું હતું કે ટ્રમ્પ વહીવટ ડોલરને નબળો પડવા દેશે. વધુમાં, ફેડના અધ્યક્ષ પદના સંભવિત ઉમેદવારોમાં વોર્શને ફુગાવા અંગે સૌથી વધુ આક્રમક માનવામાં આવે છે. આનાથી નાણાકીય નીતિ વધુ કડક થવાની અપેક્ષાઓ વધી છે. કડક નીતિ ડોલરને મજબૂત બનાવે છે, જે બદલામાં સોનાને અસર કરે છે, કારણ કે તેની કિંમત ડોલર સાથે જોડાયેલી હોય છે.

વધુમાં, સપ્તાહના અંતે, શિકાગો મર્કેન્ટાઈલ એક્સચેન્જે સોના અને ચાંદીના વાયદાના વેપાર માટે માર્જિન આવશ્યકતાઓમાં વધારો કર્યો (COMEX દ્વારા હાથ ધરવામાં આવે છે). માર્જિન એ ન્યૂનતમ રકમ છે જે વેપારીઓએ ક્રેડિટ અથવા લીવરેજ પર વેપાર કરવા માટે જમા કરાવવી જોઈએ. આ પગલું વધુ પડતા જોખમ લેવાને રોકવા અને બજાર સ્થિરતા જાળવવા માટે લેવામાં આવ્યું હતું.

કિંમતી ધાતુઓ (સોનું અને ચાંદી) ના ઝડપી અને મોટા પાયે વેચાણથી વેપારીઓમાં ખળભળાટ મચી ગયો. આના પરિણામે લીવરેજ્ડ ટ્રેડ ઝડપથી બંધ થઈ ગયા અને જોખમ લેવાની ક્ષમતા ઘટી ગઈ. ''આજે સોનામાં વેચાણનું સ્તર ૨૦૦૮ ના વૈશ્વિક નાણાકીય કટોકટી પછી મેં જોયેલું સૌથી ઊંચું સ્તર છે,'' ૮ ના બજાર વિશ્લેષક ટોની સાયકામોરે રોઈટર્સને જણાવ્યું.

૨૦૦૮ માં લેહમેન બ્રધર્સના નાદારી પછી, સોનાના ભાવ શરૂઆતમાં તીવ્ર ઘટાડો થયો, લગભગ ઈં૧,૦૦૦ પ્રતિ ઔંસની ટોચથી ઘટીને $૭૦૦ ની આસપાસ થઈ ગયો. જોકે, સોનાને પાછળથી ફરીથી મજબૂત બનાવવામાં આવ્યું કારણ કે તેને સલામત રોકાણ તરીકે જોવામાં આવ્યું. તે સમયે, વિશ્વભરની કેન્દ્રીય બેંકોએ અર્થતંત્રને વેગ આપવા માટે મોટા પાયે ઉત્તેજના પેકેજો, જથ્થાત્મક સરળતા અને લગભગ શૂન્ય વ્યાજ દરો લાગુ કર્યા. હાલના ઘટાડા દરમિયાન, ઘણા વેપારીઓએ અહેવાલ આપ્યો હતો કે શુક્રવારે જ્યારે વેચાણ તેની ટોચ પર હતું ત્યારે બજારમાં તરલતા લગભગ સૂકી પડી ગઈ હતી. આના કારણે ભાવમાં તીવ્ર વધઘટ થઈ અને હાલની સ્થિતિ છોડી દેવાનું વધુ મુશ્કેલ બન્યું.

કેટલાક વિશ્લેષકો કહે છે કે ઘણા લોકો પહેલાથી જ ઊંચા ભાવો પર દાવ લગાવી રહ્યા હતા. જેમ જેમ ભાવ બદલાયા, તેમ તેમ બજાર દબાણ હેઠળ આવ્યું. બ્લૂમબર્ગના જણાવ્યા અનુસાર, JPMorganના ભૂતપૂર્વ કિંમતી ધાતુઓના વેપારી રોબર્ટ ગોટલીબે કહ્યું, ''મુદ્દો એ છે કે, આ વેપારમાં ઘણી ભીડ હતી.'' તેમણે ઉમેર્યું કે આ ઘટાડાની અસર ચાલુ રહી શકે છે, કારણ કે વેપારીઓ હવે નવા વેપાર કરતા પહેલા વધુ સાવધ રહેશે. ભાવમાં તીવ્ર વધઘટથી વેપારીઓમાં ચર્ચા શરૂ થઈ છે: શું તેજીનો દોર પૂરો થઈ ગયો છે કે પછી બજારમાં ભારે વધારા પછી રાહતનો શ્વાસ લેવામાં આવ્યો છે. ''મને લાગે છે કે જેમ તાજેતરના અઠવાડિયામાં કિંમતો ખૂબ ઝડપથી વધી છે, તેમ વર્તમાન ઘટાડો કદાચ ખૂબ જ અને ખૂબ જ વહેલો છે,'' ઓસ્ટ્રેલિયન બ્રોકરેજ ફર્મ પેપરસ્ટોનના વરિષ્ઠ સંશોધન વ્યૂહરચનાકાર માઈકલ બ્રાઉને એએફપીને જણાવ્યું. સીએમએસ માર્કેટ્સમાં એશિયા અને મધ્ય પૂર્વના વડા ક્રિસ્ટોફર ફોર્બ્સ પણ માને છે કે સોનામાં આ ઘટાડો કોઈ મોટો ટ્રેન્ડ બ્રેક નથી, પરંતુ અસાધારણ તેજી પછીનો સામાન્ય કરેક્શન છે. ફોર્બ્સના મતે, ''જો ડોલર ફરીથી નબળો પડે અથવા કેવિન વોર્શનું વલણ દ્વેષપૂર્ણ સાબિત થાય, તો જે રોકાણકારોએ ઘટાડા પર ખરીદી કરી હતી તેઓ બજારમાં પાછા આવી શકે છે.'' તેમનું માનવું છે કે આગામી ૧૨ મહિનામાં સોનું તેના તાજેતરના ઉચ્ચ સ્તરે પાછું આવી શકે છે. શુક્રવારના તીવ્ર ઘટાડા પછી, બંને કિંમતી ધાતુઓએ પહેલા બે ટ્રેડિંગ દિવસોમાં તેમના નુકસાનમાંથી કેટલાકને પાછા મેળવ્યા. મંગળવારે સવારે ૮ વાગ્યા સુધીમાં (UTC/GMT), સોનામાં ૬ ટકાથી વધુનો વધારો થયો હતો, જ્યારે ચાંદીમાં ૧૨ ટકાથી વધુનો વધારો થયો હતો. સોમવારે જાહેર કરાયેલા એક અહેવાલમાં, ડોઈશ બેંકે જણાવ્યું હતું કે આ વખતે રોકાણકારો દ્વારા સોનું ખરીદવા પાછળના કારણો પહેલા કરતા વધુ વ્યાપક છે અને ટૂંક સમયમાં તેનો અંત આવે તેવી શક્યતા નથી.

## આજનું રાશીફળ

**મેષ:** ઘરની બહારની પ્રવૃત્તિઓ પર પણ તમારું ધ્યાન રાખો. તમારી યોગ્યતા અને ધંધાકીય કુશળતાને કારણે લાભની નવી તકો મળી શકે છે. દૈવી સત્તામાં શ્રદ્ધા રાખવાથી તમારી અંદર સકારાત્મક વિચારસરણી પેદા થશે.

**વૃષભ:** ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં રસ વધવાથી તમારા વર્તનમાં પણ સકારાત્મક પરિવર્તન આવશે. તમે કોઈપણ શ્રેષ્ઠ નિર્ણય લઈ શકશો. વિદ્યાર્થીઓ અને યુવાનો તેમના અભ્યાસ કે ધ્યેય પ્રત્યે ગંભીર હોઈ શકે છે.

**મિથુન:** તમારી બૌદ્ધિક ક્ષમતાને કારણે તમને કેટલાક સકારાત્મક પરિણામો મળશે, જેનાથી સંબંધીઓ અને પરિવારમાં તમારું સન્માન વધશે. જેમ જેમ તમે શિસ્ત જાળવશો તેમ તેમ કાર્ય પ્રક્રિયામાં પણ સુધારો થશે.

**કર્ક:** આજે તમને તમારા ખાસ કાર્યને પૂર્ણ કરવામાં કોઈ ખાસ મિત્રનો સહયોગ મળશે. આર્થિક સ્થિતિમાં પણ સુધારો થઈ શકે છે. સામાજિક કાર્યોમાં યોગ્ય યોગદાનથી માન-સન્માન પણ વધશે.

**સિહ:** આજે પરિસ્થિતિ ખૂબ જ સમૃદ્ધ છે. આ સમયે ગ્રહોની સ્થિતિ તમારી મહત્વપૂર્ણ યોજનાઓ શરૂ કરવા માટે ઊર્જા પ્રદાન કરે છે. તમારી ક્ષમતાઓ અને શક્તિનો મહત્તમ ઉપયોગ કરો.

**કન્યા:** થોડા દિવસોથી ચાલી રહેલા કામમાંથી રાહત મેળવવા માટે આરામ અને મનોરંજનમાં સમય પસાર કરો. ઘણી સમસ્યાઓના ઉકેલથી ઘરનું વાતાવરણ પણ સકારાત્મક રહેશે. વિદ્યાર્થીઓને શિક્ષણ સંબંધી પણ યોગ્ય પરિણામ મળશે.

**તુલા:** મિત્રો અને મનોરંજન સાથે સારો સમય પસાર થશે. તમે તમારી યોગ્યતા દ્વારા કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેશો જે લાભ આપી શકે છે. સંતાનોની સફળતાથી પરિવારમાં પણ ઉત્સવનું વાતાવરણ રહેશે.

**વૃશ્ચિક:** તમારું કોઈપણ કામ પ્લાનિંગ અને સકારાત્મક વિચારો સાથે કરવાથી તમને નવી દિશા મળશે. આ ઉપરાંત, જો ઘરમાં સુધારણા સંબંધિત કોઈ યોજનાઓ છે, તો વાસ્તુ નિયમો અનુસાર કામ કરવું તમારા માટે ફાયદાકારક હોઈ શકે છે.

**ધન:** આ સમયે ગ્રહોની સ્થિતિ તમારા પક્ષમાં સારી બની રહી છે. તેને યોગ્ય રીતે માન આપો. તમે તમારી બુદ્ધિમત્તા દ્વારા ઘર અને વ્યવસાય સંબંધિત સમસ્યાઓનો ઉકેલ લાવી શકશો.

**મકર:** આ દિવસોમાં તમે તમારી કાર્યશૈલી અને વ્યક્તિત્વ પર વધુ ધ્યાન આપી રહ્યા છો. જેનાથી તમે સકારાત્મક પરિણામ મેળવી શકો છો. નજીકના સંબંધીને ત્યાં ધાર્મિક સમારોહમાં હાજરી આપવાનું આમંત્રણ પણ મળશે.

**કુંભ:** આજે તમે તમારા અને તમારા પરિવાર પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છો. અન્ય લોકોની સલાહ અને ધાર્મિક કાર્યોમાં પણ સારો સમય પસાર થશે. તમારી પ્રતિભા અને યોગ્યતાની પણ પ્રશંસા થશે.

**મીન:** આજે કેટલાક પારિવારિક વિવાદો ઉકેલાઈ જવાથી ઘરમાં આરામ અને શાંતિનું વાતાવરણ રહેશે. તમે તમારી અંગત પ્રવૃત્તિઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી શકશો. જો તમે પ્રોપર્ટી ખરીદવા માંગતા હોવ તો આ સમયે સ્થાન પરિવર્તનના યોગ પણ છે.

## ભારતમાં ઘરેલુ કામદારોના અધિકારોના રક્ષણ માટે કોઈપણ કાયદો બન્યો નથી

ભારતની સુપ્રીમ કોર્ટે ઘરેલુ કામદારો માટે લઘુત્તમ વેતનની માંગ કરતી અરજીનો જવાબ આપતા કહ્યું કે આનાથી દરેક ઘર કાનૂની વિવાદોમાં ફસાઈ જશે. કોર્ટે સ્વીકાર્યું કે શોષણ અસ્તિત્વમાં છે, પરંતુ તેને ઉકેલવાના અન્ય રસ્તાઓ પણ અસ્તિત્વમાં છે. ગયા વર્ષે ૨૯ જાન્યુઆરીના રોજ, સુપ્રીમ કોર્ટે ઘરેલુ કામદારો માટે અલગ કાયદાની જરૂરિયાતની તપાસ કરવા માટે એક સમિતિની રચના કરી હતી. તેના અહેવાલમાં સમિતિએ જણાવ્યું હતું કે ઘરેલુ કામદારોને દેશના ચાર નવા શ્રમ સંહિતામાં પહેલાથી જ સામેલ કરવામાં આવ્યા છે. તેઓ વીમા યોજના, આરોગ્ય યોજના, આત્મનિર્ભર યોજના અને 'એક રાષ્ટ્ર, એક રેશન કાર્ડ' જેવા સરકારી લાભોનો પણ લાભ મેળવે છે.

બરાબર એક વર્ષ પછી, ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ, સુપ્રીમ કોર્ટે તમિલનાડુ સ્થિત ઘરેલુ કામદારોના સંગઠન, પેન થોઝિલાલાર્ગલ સંઘમ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી. તેમણે ઘરેલુ કામદારો માટે લઘુત્તમ વેતન અને કાનૂની રક્ષણની માંગ ફરી શરૂ કરી. ન્યાયાધીશ સૂર્યકાંતે ભારપૂર્વક ટિપ્પણી કરી કે આનાથી ઘરેલુ કામદારોની માંગ ઘટી શકે છે, જેના કારણે મધ્યમ વર્ગના પરિવારો માટે ઘરેલુ કામદારોને રાખવાનું વધુ ખર્ચાળ અને મુશ્કેલ બની શકે છે. તેમણે એ પણ નોંધ્યું કે ટ્રેડ યુનિયનો ઘણીવાર ઉદ્યોગોના વિકાસને અવરોધે છે અને તેમને બંધ કરવા દબાણ કરે છે. આવી સ્થિતિમાં, ઘરેલુ કામદારોની વાસ્તવિક સ્થિતિ અંગે પ્રશ્નો રહે છે.

સરકારી માહિતી અનુસાર, દેશમાં ૨૯ મિલિયન નોંધાયેલા ઘરેલુ કામદારો છે. આમાંથી ૯૬ ટકા મહિલાઓ છે. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠને સૌપ્રથમ ૨૦૧૧માં ઘરેલુ કામને શ્રમ તરીકે માન્યતા આપી હતી. ઘરેલુ કામદારોના અધિકારોના રક્ષણ માટે ભારતમાં ઘણા બિલ રજૂ કરવામાં આવ્યા છે, પરંતુ કોઈ પણ કાયદો બન્યો નથી. સંશોધકો અને ટ્રેડ યુનિયનો કહે છે કે ઘરકામ હજુ પણ મહિલાઓની કુદરતી જવાબદારી અથવા ઘરકામના કાર્યોનો વિસ્તાર માનવામાં આવે છે. તેને ઉત્પાદક કાર્ય તરીકે ગણવામાં આવતું નથી. ઘરેલુ કામ અને પગાર વગરની સંભાળ વૈશ્વિક જીડીપીના આશરે ૯ ટકા હિસ્સો ધરાવે છે, જેમાં મહિલાઓનો ફાળો આશરે ૬.૬ ટકા છે. મોટાભાગના ઘરેલુ કામદારો સ્થળાંતર કરનારા હોય છે. તેથી, તેમને વોટ બેંક માનવામાં આવતા નથી, અને તેમની સમસ્યાઓ પર બહુ ઓછું રાજકીય ધ્યાન આપવામાં આવે છે. મધ્યમ વર્ગ અને નોકરીદાતાઓને નારાજ થવાના ડરથી સરકાર ઘરેલુ કામદારોને કાનૂની દેખરેખ હેઠળ લાવવાનો પ્રયાસ કરવામાં અનિચ્છા ધરાવે છે

ઘરકામ કરનારા કામદારો અસંગઠિત ક્ષેત્રમાં સૌથી નીચલા સ્તર પર છે. તેમનું કાર્યસ્થળ એ માલિકનું ઘર છે. તેમના કામના કલાકો નિશ્ચિત નથી. કાયદાકીય રક્ષણના અભાવે, મહિલાઓ અને બાળકોનું ભારે શોષણ થાય છે. તેમને તેમના ઘરમાં શૌચાલયની સુવિધા, ખોરાક કે સૂવાની જગ્યા પણ આપવામાં આવતી નથી. ઘરેલુ કામદારોને ઘણીવાર એજન્ટો દ્વારા હેરાન કરવામાં આવે છે. એક એજન્સીના માલિકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, આ મહિલાઓ અને છોકરીઓને ઘણીવાર સંમત રકમ કરતાં ઓછો પગાર આપવામાં આવે છે. સરકાર જે વીમા, પેન્શન અને અન્ય યોજનાઓ વિશે વાત કરી રહી છે તે કાયદા નથી. આ યોજનાઓ ચોક્કસ સમયગાળા માટે છે. સરકાર બદલાતાની સાથે, યોજનાઓના નામ અને સ્વરૂપો પણ બદલાય છે. આ મહિલાઓ ગરીબ અને વંચિત સમુદાયોમાંથી આવે છે. લોકો તેમની ગરીબીનો લાભ લે છે અને તેમને ઓછો પગાર આપે છે. દિલ્હીમાં, તેમને ૧૨ કલાકના કામ માટે માત્ર દસ હજાર રૂપિયા મળે છે. ઘરેલુ કામદારોની સ્થિતિ સુધારવા માટે અલગ કલ્યાણ બોર્ડની માંગ વર્ષોથી ચાલી રહી છે. યુનિયનો વૃદ્ધ ઘરકામ કરનારાઓ માટે પેન્શન, બાળકો માટે ક્રેચ અને તેમના માટે સાપ્તાહિક રજા માંગે છે. નોકરીદાતા નોંધણી ફરજિયાત બને. નોકરીદાતાએ પોર્ટલ પર ઘરેલુ કામદારની નોંધણી પણ કરાવવી જોઈએ અને તેમને ઓળખ કાર્ડ આપવું જોઈએ, જે સરકારી રેકોર્ડમાં નોંધાયેલ હશે.

### અમદાવાદના SP રિંગ રોડ પર વાહનોના થપ્પા, મહિલાઓએ કહ્યું- ભૂપેન્દ્રભાઈ રસ લેતા નથી

# નરહરી અમીને બંધ કરાવેલો કટ ખોલાવવા લોકો ફરી રસ્તે ઉતર્યા


**ભાજપના સાંસદ નરહરી અમીનની રજૂઆત બાદ અમદાવાદના એસપી રિંગ રોડ પર ઝુંડાલથી વૈષ્ણોદેવી તરફ જવાના રોડ ઉપર હોટેલ હિલ્લોક નજીકનો ડિવાઈડર કટ ઔડા-પોલીસ દ્વારા બંધ કરી દેવામાં આવ્યો છે**

• અમદાવાદ

ભાજપના સાંસદ નરહરી અમીનની રજૂઆત બાદ અમદાવાદના એસપી રિંગ રોડ પર ઝુંડાલથી વૈષ્ણોદેવી તરફ જવાના રોડ ઉપર હોટેલ હિલ્લોક નજીકનો ડિવાઈડર કટ ઔડા-પોલીસ દ્વારા બંધ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે થઈ ન્યુ ત્રાગડ, ચાંદખેડા સહિતના વિસ્તારોમાં વાહનચાલકોને હાલાકી પડી રહી છે. ત્યારે આજે (8 ફેબ્રુઆરી)ના રોજ ડિવાઈડર કટને ખોલવા માટે સ્થાનિક નાગરિકો દ્વારા સિગ્નેચર કેમ્પેઈન કરવામાં આવ્યું છે. લોકોને ત્રણથી ચાર કિલોમીટર ફરીને જવું પડતું હોવાના કારણે હાલાકી પડી રહી છે. જેથી કટ ખોલાવવા માટે સ્થાનિક લોકો દ્વારા નરહરી અમીન અને કોર્પોરેટરોને રજૂઆત કરી છે છતાં સમસ્યાનું નિરાકરણ ન આવતા લોકો હવે રોડ ઉપર ઉતરી આવ્યા છે.

હાલમાં SP રિંગ રોડ પર લોકોએ રસ્તો રોકી સક્કાજામ કર્યો છે. હોટેલ હિલ્લોક પાસે લોકોએ રોડ બંધ કરી દેતા અડધો કિલોમીટરથી લાંબો ટ્રાફિકજામ સર્જાયો છે. વૈષ્ણોદેવી સર્કલથી ઝુંડાલ સર્કલ તરફ જતા વાહનો ટ્રાફિકજામમાં ફસાયા છે. સ્થાનિકોની સાથે આપના નેતાઓ પણ રોડ પર ઉતર્યા છે.

આદમી પાર્ટીના ચાંદખેડા વોર્ડ અને સાબરમતી વોર્ડના પ્રમુખ તેમજ ચાંદલોડિયા વોર્ડના પ્રમુખ સહિત આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ પણ પહોંચી ગયાં છે અને સ્થાનિક લોકો જોડે વિરોધ કરવા અને રોડ બંધ કરાવવા લાગ્યા હતા. હોટેલ હિલ્લોક પાસે લોકોએ રોડ બંધ કરી દેતા અડધો કિલોમીટરથી લાંબો ટ્રાફિકજામ સર્જાયો છે. વૈષ્ણોદેવી સર્કલથી ઝુંડાલ સર્કલ તરફ જતા વાહનો ટ્રાફિકજામમાં ફસાયા છે. ચાંદખેડા પોલીસ સ્ટેશનના કોઈ અધિકારીઓ સ્થળ ઉપર પહોંચ્યા નથી, માત્ર એક પીએસઆઈ અને પાંચ પોલીસકર્મીઓ હાલ પહોંચ્યા છે. પોલીસ રોડ ખોલાવી શકી નથી અને રોડ બ્લોક થઈ ગયો છે. સ્થાનિક લોકોના પ્રશ્નોને લઈને આમ આદમી પાર્ટીના નેતાઓને કાર્યકર્તાઓ સ્થળ ઉપર પહોંચ્યા છે અને તેઓ દ્વારા રોડ પણ બંધ કરાવવામાં આવ્યો છે. ચાંદખેડા પોલીસ ઘટનાસ્થળ ઉપર પહોંચી છે. પોલીસ દ્વારા લોકોને સમજાવવામાં આવી રહ્યું છે, છતાં રોડ રોકી દેવામાં આવ્યો છે. હાલ રોડ બંધ કરાયો છે. સ્થાનિક લોકો દ્વારા રોડ રોકવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. આમ આદમી પાર્ટીના નેતાઓ પણ હોટેલ હિલ્લોક ખાતે પહોંચ્યા છે. આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ અને નેતાઓ લોકોના પ્રશ્નોને લઈને રોડ ઉપર ઉતરી આવ્યા છે. સ્થાનિક લોકો દ્વારા રોડ રોકવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. આમ આદમી પાર્ટીના નેતાઓ પણ હોટેલ હિલ્લોક ખાતે પહોંચ્યા છે.



• **સંક્ષીપ્ત સમાચાર**

### ‘મમતા મંદિર’ના દિવ્યાંગ બાળકોનો દબદબો:સ્પેશિયલ ખેલ મહાકુંભમાં 104 મેડલ્સ જીત્યા

• નવસારી

ખેલ મહાકુંભ - 2025 અને ઓલ ગુજરાત ચેમ્પિયનશીપમાં નવસારીના વિજલપોર સ્થિત ‘મમતા મંદિર’ સંસ્થાના મૂક-બધિર બાળકોએ પોતાની પ્રતિભાના જોરે મેદાન મારી લીધું છે. જિલ્લા અને રાજ્ય કક્ષાની વિવિધ રમત સ્પર્ધાઓમાં આ બાળકોએ કુલ 104 મેડલ્સ પ્રાપ્ત કરી નવસારી જિલ્લાનું નામ આખા રાજ્યમાં રોશન કર્યું છે. માનવ કલ્યાણ ટ્રસ્ટ સંચાલિત પ્ર.સ. કોઠારી બહેરા-મૂંગા વિવિધલક્ષી વિદ્યાલય અને મ.સ. કોઠારી મૂક-બધિર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ અદ્વિતીય પ્રદર્શન કર્યું છે. તેમણે 39 ગોલ્ડ મેડલ, 28 સિલ્વર મેડલ અને 37 બ્રોન્ઝ મેડલ સાથે કુલ 104 મેડલ્સ પ્રાપ્ત કર્યા હતા. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને સ્પોર્ટ્સ કાઉન્સિલ ઓફ ધી ડેફના સહયોગથી રાજ્ય કક્ષાએ એથ્લેટીક્સ, વૉલીબોલ તથા ચેસ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. ગણદેવી અને વડોદરામાં જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ યોજાઈ હતી.

### 26 ફેબ્રુઆરીથી ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષા શરૂ થનાર છે

# તજજ્ઞોએ વિદ્યાર્થીઓને સુચનો કર્યો:‘છાત્રોએ રિવિઝન માટે ટાઈમટેબલ બનાવવું, 7 કલાક ઉંઘ લેવી જરૂરી’

**બોર્ડની પરીક્ષાને આડે જૂજ દિવસો જ રહ્યા છે એટલે હવે વિદ્યાર્થીઓએ અત્યાર સુધી જે નથી આવડ્યું તેની તૈયારી છોડી જે આવડે છે**

• જૂનાગઢ

આગામી તારીખ 26 ફેબ્રુઆરીથી ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષા શરૂ થનાર છે. બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ હાલ અંતિમ તબક્કાની પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે. દિવસ- રાત વાંચન કરી વધુમાં વધુ ગુણ કઇ રીતે મેળવવા તે માટે છાત્રો રાત-દિવસ એક કર્યા છે.

ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ શૈક્ષણિક વર્ષ શરૂ થયુ ત્યારથી જ તૈયારીમાં લાગી ગયા છે. હાલ તમામ શાળાઓમાં કોર્ષ પૂર્ણ થઇ જતા રીવીઝન પેપર પણ શરૂ થયા છે. સાયન્સના વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા પણ ચાલી રહી છે. હવે માત્ર બોર્ડની પરીક્ષાને ગણતરીના દિવસો જ બાકી છે જે દરમિયાન વિદ્યાર્થીઓએ કઇ રીતે પરીક્ષાની તૈયારી કરીને વધુમાં વધુ ગુણ મેળવી શકે તે બાબતે ભાસ્કરે કેળવણીકારો સાથે વાત કરી હતી જેમાં તેઓએ કેટલીક મહત્વપૂર્ણ ટીપ્સ વિદ્યાર્થી માટે શેર કરી હતી.

હવે જ્યારે બોર્ડની પરીક્ષાને 18 દિવસ જ બાકી રહ્યા છે. તેને ધ્યાને રાખી વિદ્યાર્થીઓએ હવે માઈક્રોટાઈમીંગ સાથે વિષય મુજબ ટાઈમટેબલ બનાવી રીવીઝન કરવુ જોઈએ. અંતિમ પેપર હોય તે વિષયનુ શરૂઆતમાં અને પ્રથમ પેપરનુ અંતિમ રીવીઝન ગોઠવવાથી શ્રેષ્ઠ પ્રદર્શન મળે. વાલીઓએ ઘરનુ વાતાવરણ સકારાત્મક જ રાખવુ નકારાત્મક વૃત્તિ અટકાવવી જોઈએ. બાળકને સાત્વીક અને ઘરનો ખોરાક જ ખાવા દેવો બહારના ખોરાકથી દૂર રાખવા જોઈએ. હવે વિદ્યાર્થિઓએ મોબાઈલથી થોડુ દૂર રહેવુ ફાયદાકારક રહેશે. > એલ.વી.જોશી, શિક્ષક

હવે બોર્ડની પરીક્ષાને આડે જૂજ દિવસો જ રહ્યા છે એટલે હવે વિદ્યાર્થીઓએ અત્યાર સુધી જે નથી આવડ્યું તેની તૈયારી છોડી જે આવડે છે તેને સારામાં સારી રીતે તૈયાર કરવુ જોઈએ. હાલ પ્રશ્નોના જવાબ મુદ્દા સાથે સચોટ કઇ રીતે લખવા તે તરફ ધ્યાન આપવુ જોઈએ. આત્મવિશ્વાસ સાથે વાંચન કરવુ હિતાવહ રહેશે. ખાસ કરીને વાંચન સાથે શરીરની પણ કાળજી લેવી જોઈએ જેમાં બહારનુ જંકફુડ છોડી ઘરનો જ આહાર સેવન કરવો અને દિવસ દરમિયાન 6 થી 8 કલાકની પુરતી ઉંઘ લેવી જોઈએ. સવાર,બપોર અને સાંજ ત્રણ-ત્રણ મિનિટ ઉંડા શ્વાસ તથા બોડીંનુ સ્ટ્રેચિંગ કરવુ જેથી ઓક્સિજનની માત્ર જળવાય રહે. > ડો. માતંગ પુરોહીત, આચાર્ય

હવે બોર્ડની પરીક્ષાને થોડા દિવસો બાકી હોવાથી વિદ્યાર્થીઓએ ગભરાવવાનુ છોડી વિષય મુજબ મુખ્ય મુદ્દાઓને તારવીને રિવીઝન શરૂ કરવુ જોઈએ. ખાસ કરીને ટાઈમનુ મેનેજમેન્ટ રાખવુ હિતાવહ રહેશે. શરીર સ્વચ્છ રાખવા માટે 6 થી 8 કલાકની એકધારી પુરતી ઉંઘ લેવી જોઈએ. ખાસ કરીને વાલીઓએ હવે ઘરમાં વિદ્યાર્થીઓ પ્રત્યે નકારાત્મ વાતો છોડી પરીક્ષા સુધી સકારાત્મક વાતાવરણ જ રાખવુ જોઈએ અને બહારનો ખોરક ન આપી ઘરનુ ભોજન, ફ્રુટ, લીલા શાકભાજી ખવડાવવુ જોઈએ. વિદ્યાર્થીઓએ રોજ ખોટા ઉજાગરા છોડી ચિંતા વગર ટાઈમ ટેબલ ગોઠવી પરીક્ષાની તૈયારી કરવી ફાયદાકારક રહેશે. > ભરત મેસિયા, પ્રાધ્યાપકહવે બોર્ડની પરીક્ષાને માત્ર 18 દિવસનો સમય જ બાકી હોવાથી હવે વિદ્યાર્થીઓએ જે ન સમજાતુ હોય તે વિષયના શિક્ષકો પાસેથી જાણકારી મેળવી રીવીઝન કરવુ જોઈએ. ઉપરાંત અનેક પ્રકાશનો દ્વારા જે બોર્ડના પેપરો જાહેર કર્યા હોય તે બોર્ડની સ્ટાઈલ મુજબ વિદ્યાર્થીઓએ લખવા જોઈએ જેથી સમય- સ્પીડ નક્કી થઇ શકે. વહેલી સવારે વાંચન સમય બોર્ડના વિદ્યાર્થી માટે શ્રેષ્ઠ છે. ખાસ કરીને બોર્ડની પરીક્ષા નજીક હોવાથી આ દિવસોમાં વિદ્યાર્થીઓએ બહારનો ખોરાક ઓછો ખાઇ ઘરે જ સાદુ અને સાત્વિક ભોજન લેવુ જોઈએ અને વિદ્યાર્થિઓએ રોજની 7 થી 8 કલાકની પુરતી ઉંઘ લેવી હિતાવહ રહેનાર છે.


### મંથર ગતિથી કામગીરી:વલભીપુર ભાવનગર ફોર લેન માટે નવા બનતા પુલો છ વર્ષ થયા છતાં અધુરા..!

• વલભીપુર

વલભીપુર ભાવનગર ફોર લેન માટે નવા બનતા પુલોના કામને છ વર્ષ થયા છતાં પુલના કામો હજુ અધુરા છે. જેથી જાહનચાલકો લાંબા સમયથી પરેશાની ભોગવી રહ્યાં છે. જયાં સુધી આ પુલોનું લીંકઅપ ફોરલેન સાથે નહીં થાય ત્યાં સુધી સાંકડા નાળાઓ ને કારણે ટ્રાફિક સમસ્યા રહેશે. અને કામ શરૂ થતા કોરોના વાયરસ દરમ્યાન લોકા ડાઉન થતા કામો અધુરા મુકી દેવામાં આવ્યા છે. અલબત્ત, ફોર લેનનું કામ હાલમાં સારી ઝડપે ચાલી રહ્યું છે પરંતુ ઉંડવી ભોજપરા થી લઇ ઘાંઘળી અને ચમારડી વચ્ચે નવા નિર્માણધીન પુલોની સંખ્યા ચાર થી પાંચની છે જે પુલો પૈકી એક પણ પુલોનું કામ પૂર્ણ થયું નથી. અને લોખંડની સળીયાઓ 6 વર્ષની કાટ ખાઈ રહ્યાં છે. ત્યારે આ સળીયાઓ ઉપર અધુરૂ બાંધકામ જયારે પણ શરૂ કરશે ત્યારે તે કેટલું મજબુત રહેશે અને થશે તે સમય કહેશે. ભાવનગર-અમદાવાદ હાઈવે પર આવતા નદી નાળા અને કોઝવે ઉપરના પુલોને ઉંચા બનાવાનું કામ કોવીડ-19 ના સમય ગાળા પહેલા શરૂ થયું હતું અને કામ શરૂ થતા કોરોના વાયરસ દરમ્યાન લોકા ડાઉન થતા કામો અધુરા મુકી દેવામાં આવ્યા છે. અલબત્ત, ફોર લેનનું કામ હાલમાં સારી ઝડપે ચાલી રહ્યું છે પરંતુ ઉંડવી ભોજપરા થી લઇ ઘાંઘળી અને ચમારડી વચ્ચે નવા નિર્માણધીન પુલોની સંખ્યા ચાર થી પાંચની છે જે પુલો પૈકી એક પણ પુલોનું કામ પૂર્ણ થયું નથી. અને લોખંડની સળીયાઓ 6 વર્ષની કાટ ખાઈ રહ્યાં છે. ત્યારે આ સળીયાઓ ઉપર અધુરૂ બાંધકામ જયારે પણ શરૂ કરશે ત્યારે તે કેટલું મજબુત રહેશે અને થશે તે સમય કહેશે.

### :હોસ્ટેલ માત્ર નિવાસ સ્થાન નહી, જીવનના મૂલ્યો શીખવાની પાઠશાળા

# 4.83 કરોડના ખર્ચે બનેલાં છાત્રાલયનું લોકાર્પણ કરાયું



• ભાવનગર

ભાવનગર ખાતે રૂ. 4.83 કરોડના ખર્ચે નિર્માણ પામેલ ડૉ. આંબેડકર સરકારી કુમાર છાત્રાલયના નવા બિલ્ડીંગનું લોકાર્પણ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાના હસ્તે કરવામાં આવ્યું હતું. તેઓએ જણાવ્યું હતુ કે આજે સરકારી કુમાર છાત્રાલયનું લોકાર્પણ થઈ રહ્યું છે.

આ સરકારી કુમાર છાત્રાલય (પી. જી.) નું લોકાર્પણ માત્ર એક ઈમારતનું લોકાર્પણ નહીં, પરંતુ ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. આંબેડકરના વિચારોને જીવંત રાખવાનો પ્રયાસ છે. દૂર-દૂરથી આવનારા ગરીબ વિદ્યાર્થીઓને રહેવા-જમવાની અને અભ્યાસની સગવડ મળે તે હેતુથી આ છાત્રાલય ઉપયોગી બનશે.

બસના સમયપત્રક, રોજની અવરજવર જેવી સમસ્યાઓમાંથી મુક્તિ મેળવવા માટે હોસ્ટેલ એકમાત્ર યોગ્ય સમાધાન હોવાનું અને હોસ્ટેલ માત્ર નિવાસ સ્થાન નહીં, પરંતુ જીવનના મૂલ્યો શીખવાની પાઠશાળા છે તેમ જણાવ્યું હતું.ડૉ. આંબેડકર સરકારી કુમાર છાત્રાલય કેમ્પસ, બસિલ પાર્ક હોટેલની બાજુમાં આવેલ છે. આ છાત્રાલયના નવા બિલ્ડીંગનું લોકાર્પણ કરીને મંત્રીએ હોસ્ટેલની સુવિધાઓનું નિરીક્ષણ કરીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તકે ધારાસભ્ય સેજલબેન પંડ્યા પણ જોડાયા હતા.આ પ્રસંગે કેન્દ્રીય રાજ્ય મંત્રી નીમુબેન બાંભણિયાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ સારી રીતે ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે અંદાજે પાંચ કરોડના ખર્ચે સુવિધાયુક્ત છાત્રાલયનું નિર્માણ કરાયું છે.ભાવનગરના મેયર ભરતભાઈ બારડે જણાવ્યું હતું કે શિક્ષણ એ સમાજમાં સમાનતા, ન્યાય અને સશક્તિકરણનું સૌથી મોટું સાધન છે. આજે જે લોકાર્પણ થઈ રહ્યું છે તે અનેક વિદ્યાર્થીઓના સપનાઓને સાકાર કરવાનું માધ્યમ બનશે.કલેકટર ડૉ. મનીષકુમાર બંસલે આ હોસ્ટેલ 5 કરોડ રૂપિયાના ખર્ચે લગભગ 100 વિદ્યાર્થીઓ માટે રહેવાની, જમવાની તથા લાઈબ્રેરી સહિતની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

### શિક્ષણ પદ્ધતિમાં આધુનિક ટેકનોલોજીનો સુમેળ:લાખણકાના શિક્ષકનો AIનો શાળા કક્ષાએ અનોખો પ્રયોગ



• ભાવનગર

ભાવનગર જિલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલમાં વલભીપુર તાલુકાની લાખણકા શાળાના શિક્ષક દ્વારા ‘આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ’ પર નવતર પ્રયોગ રજૂ કર્યો હતો. આ કૃતિએ શિક્ષણમાં AI ના ઉપયોગ દ્વારા ‘ગોખણપટ્ટી’ દૂર કરવાનો નવો રાહ ચિંધ્યો છે.\જી.સી.આર.ટી. ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સિદસર દ્વારા આયોજિત 11મા ઐતિહાસિક જિલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલમાં ભાવનગર જિલ્લાના વલભીપુર તાલુકાની લાખણકા પ્રાથમિક શાળાએ પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી.આ ફેસ્ટિવલમાં શાળાના શિક્ષક અમરજીતસિંહ ગિરવાનસિંહ પરમારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ: શિક્ષણનો સાથી શીર્ષક હેઠળ પોતાનું ઈનોવેશન રજૂ કર્યું હતું. શિક્ષણ જગતમાં કઠિન વિષયવસ્તુનું સરળીકરણ, મૂલ્યાંકન અને લોકભાગીદારી જેવી સમસ્યાઓના નિરાકરણના ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ મેળામાં, લાખણકા શાળાનો પ્રોજેક્ટ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

### પોરબંદરમાં જિલ્લામાં એક લાખ વૃક્ષોનું વાવેતર કરવા આયોજન

# એક લાખથી વધુ વૃક્ષોના વાવેતર સાથે ગ્રીન કવર વધારવાના આયોજન અંગે બેઠક મળી

• પોરબંદર

પોરબંદરમાં જિલ્લામાં એક લાખ વૃક્ષોનું વાવેતર કરવા આયોજન કરવામાં આવ્યું છે. જે અંગેની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં કેબિનેટમંત્રી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.પોરબંદર જિલ્લાને હરિયાળો બનાવવાના ઉમદા હેતુ સાથે વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની અધ્યક્ષતામાં એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં જિલ્લામાં એક લાખથી વધુ વૃક્ષો વાવવાનો મક્કમ નિર્ધાર કરવામાં આવ્યો હતો.આ તકે, વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, કુદરતે પૃથ્વી પર એક અદભૂત ચક્ર બનાવ્યું છે જેમાં આપણો કચરો વૃક્ષોનો ખોરાક બને છે અને તેના બદલામાં વૃક્ષો આપણને અમૂલ્ય ઓક્સિજન આપે છે.

હાલના સમયમાં ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના જે પડકારો ઉભા થયા છે, ગુજરાતમાં હાલ વન વિસ્તાર 11 ટકા જેટલો છે, જેને વૈજ્ઞાનિક માપદંડ મુજબ 33 ટકા સુધી લઈ જવા માટે જનભાગીદારી અનિવાર્ય છે. આ દિશામાં નક્કર પગલાં લેતા સરકારે આંધ્રપ્રદેશની મોડલ નર્સરીની તર્જ પર 25 એકરમાં આધુનિક નર્સરી વિકસાવવાનું આયોજન કર્યું છે, જ્યાંથી લોકોને રાહત દરે રોપાઓ ઉપલબ્ધ થશે. હવે આ અભિયાનને પોરબંદર શહેરથી વિસ્તારીને સમગ્ર જિલ્લાના ગામડાઓ સુધી લઈ જવાનું



આયોજન છે, જેમાં અંદાજે દોઢ લાખ વૃક્ષો વાવવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ કાર્યમાં રોડના મેપિંગને ધ્યાનમાં રાખીને વૃક્ષારોપણ કરાશે જેથી ભવિષ્યમાં વિકાસકામો નડે નહીં. આ ઉપરાંત, તાલુકા વાઈઝ વોટ્સએપ ગ્રુપ બનાવીને ડિજિટલ મોનિટરિંગ કરવામાં આવશે. વધુમાં તેમણે જિલ્લાના તમામ સરપંચો, તલાટીઓ અને સંસ્થાઓને આ પર્યાવરણના કાર્યમાં જોડાવા અને સામાજિક પ્રસંગોએ વૃક્ષોનું દાન કરવા અનુરોધ કર્યો છે, જેથી પોરબંદર જિલ્લો ખરા અર્થમાં ‘ગ્રીન‘ બની શકે છે.વન વિભાગ અને રેવન્યુ વિભાગના સહયોગથી આગામી 5 વર્ષમાં પોરબંદરને રાજ્યનો સૌથી હરિયાળો જિલ્લો બનાવવાનો નિર્ધાર તેમણે વ્યક્ત કર્યો છે.’’ગ્રીન પોરબંદર’’ અભિયાન હવે વટવૃક્ષ બની રહ્યું છે. શરૂઆતમાં માત્ર 2 થી 4 હજાર વૃક્ષોનો લક્ષ્યાંક હતો, પરંતુ દાતાઓના સહયોગથી અત્યાર સુધીમાં 9,000 વૃક્ષો વવાઈ ચૂક્યા છે અને ટૂંક સમયમાં આ આંકડો 12,000 સુધી પહોંચશે. આ સમગ્ર પ્રોજેક્ટ રાજકોટના સદ્ભાવના ટ્રસ્ટ દ્વારા સંભાળવામાં આવી રહ્યો છે, જેમાં 1500 રૂપિયા દાતા અને 1500 રૂપિયા ટ્રસ્ટ ભોગવીને કુલ 3000 રૂપિયામાં એક વૃક્ષની સંપૂર્ણ જવાબદારી, પાંજરું અને પાણી પાવાની વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે.

# મંથર ગતિથી કામગીરી:વલભીપુર ભાવનગર ફોર લેન માટે નવા બનતા પુલો છ વર્ષ થયા છતાં અધુરા..!

• વલભીપુર

વલભીપુર ભાવનગર ફોર લેન માટે નવા બનતા પુલોના કામને છ વર્ષ થયા છતાં પુલના કામો હજુ અધુરા છે. જેથી જાહનચાલકો લાંબા સમયથી પરેશાની ભોગવી રહ્યાં છે. જયાં સુધી આ પુલોનું લીંકઅપ ફોરલેન સાથે નહીં થાય ત્યાં સુધી સાંકડા નાળાઓ ને કારણે ટ્રાફિક સમસ્યા રહેશે.

ભાવનગર-અમદાવાદ હાઈવે પર આવતા નદી નાળા અને કોઝવે ઉપરના પુલોને ઉંચા બનાવાનું કામ કોવીડ-19 ના સમય ગાળા પહેલા શરૂ થયું હતું અને કામ શરૂ થતા કોરોના વાયરસ દરમ્યાન લોકા ડાઉન થતા કામો અધુરા મુકી દેવામાં આવ્યા છે.

અલબત્ત, ફોર લેનનું કામ હાલમાં સારી ઝડપે ચાલી રહ્યું છે પરંતુ ઉંડવી ભોજપરા થી લઇ ઘાંઘળી અને ચમારડી વચ્ચે નવા નિર્માણધીન પુલોની સંખ્યા ચાર થી પાંચની છે જે પુલો પૈકી એક પણ પુલોનું કામ પૂર્ણ થયું નથી. અને લોખંડની સળીયાઓ 6 વર્ષની કાટ ખાઈ રહ્યાં છે. ત્યારે આ સળીયાઓ ઉપર અધુરૂ બાંધકામ જયારે પણ શરૂ કરશે ત્યારે તે કેટલું મજબુત રહેશે અને થશે તે સમય કહેશે.



### ઉશ્કેરાયેલા શખ્સે તોડફોડ કરી આતંક મચાવ્યો

# ચિરોડા ગામે પોલીસ વાનના ચાલક પર કોશ વડે હુમલો

• ભાવનગર

જેસર ના ચિરોડા ગામે એક ઈસમ પોતાના ઘરે તોડફોડ કરતો હોય અને કોઈએ પોલીસને જાણ કરતા ઉશ્કેરાયેલ આ શખ્સે પોલીસ વાન અને પણ નિશાન બનાવી તેની પર ફૉસ વડે હુમલો કરી આતંક મચાવ્યો હતો. જ્યારે પોલીસ કોન્સ્ટેબલ પણ ભાગ્યા હતા અને વાનના ડ્રાઈવર ઉપર પણ કોષ વડે હુમલો કરતા તેને પણ ગંભીર ઈજા થઈ હતી.જેસરના ચિરોડા ગામે રહેતા કુલદીપસિંહ દશરથસિંહ સરવૈયા નામનો શખ્સ પોતાના ઘરે તોડફોડ અને અન્યને મારવા દોડતો હોવાની જાણ પોલીસને કરાતા પોલીસ વાન ઘટના સ્થળે દોડી ગયું હતું.આ સ્થળે એકત્ર થયેલા લોકોને હટાવી પોલીસ કોન્સ્ટેબલ કુલદીપસિંહ કેમ તોડફોડ કરે છે તેમ પૂછતા તેણે ઉશ્કેરાઈ જઈ હાથમાં લોખંડની કોષ લઈ તેની પાછળ મારવા દોડ્યો હતો.પોલીસ કોન્સ્ટેબલ દોડીન દૂર થઈ જતા આ શખસે પોલીસની ગાડી પાછળ દોડી ગાડીની તોડફોડ કરી પોલીસ વાનના ડ્રાઈવર ભગીરથસિંહ સરવૈયા નીચે ઉતરતા તેની છાતીમાં ક્રોસ વડે હુમલો કરી તેમને નીચે પાડી દઈ ગંભીર ઈજા પહોંચાડી હતી.

### દીકરીઓ આગળ અભ્યાસ કરે તે માટે સરકાર દ્વારા અનેક યોજનાઓ કાર્યરત છે

# બસનો સમય બપોરે 1 વાગ્યાનો, ક્યારેક 1.30 વાગ્યે તો ક્યારેક 2.30એ આવે છે, કાંઈ નક્કી નહીં : વિદ્યાર્થીઓ

**ધ્રાંગધ્રા સુલતાનપુર બસમાં સુલાતનપુર, થળા, ભરાડા, વસાડવા ગામના અંદાજે 50થી 60 વિદ્યાર્થીઓ વસાડવા ચોકડી પર આવેલી એસ.એસ.સંઘવી વિદ્યાલય તથા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ માટે અપડાઉન કરે છે**

• સુરેન્દ્રનગર

ધ્રાંગધ્રા સુલતાનપુર બસમાં સુલાતનપુર, થળા, ભરાડા, વસાડવા ગામના અંદાજે 50થી 60 વિદ્યાર્થીઓ વસાડવા ચોકડી પર આવેલી એસ.એસ.સંઘવી વિદ્યાલય તથા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ માટે અપડાઉન કરે છે. શાળાનો સમય સવારે 7.20થી 1 વાગ્યા સુધીનો છે. પરંતુ બસ સુલાતનપુરથી વહેલી ઉપડવાના 5.45એ ઉપડે છે. જે વસાડવા ચોકડીએ 6.20એ પહોંચી જાય છે. શાળા સમય કરતા બસ એક કલાક વહેલી પહોંચે છે. 1 કલાક સુધી વિદ્યાર્થીઓને બેસી રહેવું પડે છે.

આ ઉપરાંત ઘણી બધી દિકરીઓ પણ અપડાઉન કરતી હોવાથી સવારે વહેલા અંધારામાં વસાડવા ચોકડી બસ આવી જતી હોવાથી દીકરીઓ ડરે છે. વાલીઓને પણ દીકરીઓને શાળાએ મોકલતા ડર લાગે છે. જેને કારણે દીકરીઓને અભ્યાસ છોડાવી દે છે. સરકારે જ્યારે દીકરીઓના શિક્ષણ પર ખૂબ ભાર મૂક્યો છે.

દીકરીઓ આગળ અભ્યાસ કરે તે માટે સરકાર દ્વારા અનેક યોજનાઓ કાર્યરત છે. આ ઉપરાંત સરકાર દ્વારા ગુજરાતમાં ડ્રોપ આઉટ રેશીયો શૂન્ય થાય તે માટે અનેક પ્રયત્ન કરવામાં આવે છે. ત્યારે સુલતાનપુર-ધ્રાંગધ્રા વિદ્યાર્થી બસની અનિયમિતતા તથા ધાંધિયાને કારણે અનેક વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી રહ્યા છે. પરિણામે અનેક રજૂઆત કરવા છતાં તંત્ર સાંભળતું ન હોવાની વિદ્યાર્થીઓ અને વાલીઓમાં સૂર ઉઠ્યો હતો.

બપોરે પણ શાળા છૂટવાના સમયે 1.00 વાગ્યાને બદલે બસ 1.30 વાગ્યે આવે છે. ઘણીવાર 2 કે 2.30 વાગ્યે પણ આવે છે. જેથી વિદ્યાર્થીઓને 5થી 7 કિલોમીટર જેટલું ચાલીને જવુ પડે છે. અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ પગલા લેવામાં આવતા નથી. જેથી સવારે સુલતાનપુરથી બસનો ઉપડવાનો સમય 6.30નો કરવો તથા શાળા છૂટવા સમયે બપોરે 1.00 વાગ્યે બસ વસાડવા ચોકડી આવી જાય તે પ્રમાણે કરવા વાલીઓ અને વિદ્યાર્થીઓએ માંગ કરી હતી.



## • સંક્ષીપ્ત સમાચાર

### NDPS કેસનો આરોપી ઝડપાયો:પોશીનાના ચંદ્રાણા પાસેથી ડીસા

• સાબરકાંઠા (હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લાના પોશીના પોલીસે NDPSના ગુનામાં આઠ મહિનાથી ફરાર આરોપીને ઝડપી પાડ્યો છે. આ આરોપીને પોશીનાના ચંદ્રાણા ગામની સીમમાંથી બાતમીના આધારે પકડવામાં આવ્યો હતો. પોશીના પોલીસ સ્ટેશનના PI ડી.એન. સાધુએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, PSI આર.કે. ગજ્જર અને ડી-સ્ટાફના માણસો પોશીના વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન સ્ટાફના દીપકકુમારને બાતમી મળી હતી. બાતમી મુજબ, બનાસકાંઠા જિલ્લાના ડીસા દક્ષિણ પોલીસ સ્ટેશનમાં NDPSના ગુનામાં નાસતો ફરતો આરોપી હવલાભાઈ કાંતિભાઈ નાગોત્તર (રહે. ચંદ્રાણા, તા. પોશીના) ચંદ્રાણા ગામની સીમમાં રોડ પર ઊભો હતો. આ બાતમીના આધારે પોલીસ સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો અને છેલ્લા આઠ મહિનાથી ફરાર હવલાભાઈને ઝડપી લીધો હતો. પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરીને તેને ડીસા દક્ષિણ પોલીસ સ્ટેશનને સોંપ્યો હતો.

### જામનગરમાં ફરજમાં બેદરકારી દાખવવા બદલ SGSTના બે અધિકારીઓ સસ્પેન્ડ

# આસિસ્ટન્ટ કમિશનર એસ. કે. પટેલ અને સ્ટેટ ટેક્સ ઓફિસર રાહુલ મોટા સામે સરકાર અને વિભાગની લાલ આંખ

**આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ ખોટા ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) પાસ કરવામાં મદદગારી અથવા તેનાથી સંબંધિત નાણાકીય ગેરરીતિની આશંકા હતી**

• અમદાવાદ

ફરજમાં બેદરકારી દાખવવાના મામલે ગુજરાત સરકાર અને વિભાગ દ્વારા જામનગરના SGST વિભાગના બે અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. જામનગરમાં ફરજ બજાવતાં આસિસ્ટન્ટ કમિશનર એસ. કે. પટેલ અને સ્ટેટ ટેક્સ ઓફિસર રાહુલ મોટાને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, જામનગરની કેટલીક પેઢીઓને નોટિસ આપવામાં આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં કસૂર કરવા તેમજ ફરજ નિભાવવામાં ગંભીર બેદરકારી દાખવવાના આક્ષેપો સામે આવ્યા હતા. આ મામલે ઉચ્ચ સ્તરે તપાસ હાથ ધરાયા બાદ પ્રાથમિક રીતે અધિકારીઓની જવાબદારી નક્કી થતાં સસ્પેન્શનનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિભાગીય સૂત્રોના જણાવ્યા અનુસાર શાસન દ્વારા કરવેરા વસૂલાત અને કાર્યવાહી પ્રક્રિયામાં પારદર્શિતા અને શિસ્ત જાળવવા માટે આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ ખોટા ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) પાસ કરવામાં મદદગારી અથવા તેનાથી સંબંધિત નાણાકીય ગેરરીતિની આશંકા હતી. તાજેતરમાં સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા રાજ્યભરમાં હાથ ધરાયેલા સર્ચ ઓપરેશન અને 'ફેક ઈન્વોઈસિંગ' (બોગસ બિલિંગ) કૌભાંડની તપાસ દરમિયાન આ અધિકારીની ભૂમિકા શંકાસ્પદ જણાઈ હતી. ગુજરાત સરકાર અને વિભાગ દ્વારા સત્તાવાર ઠરાવ પસાર કરીને તેમને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ કરવામાં આવ્યા છે. આ સસ્પેન્શનના સમયગાળા દરમિયાન તેમને હેડક્વાર્ટર છોડવાની મનાઈ ફરમાવવામાં આવી છે અને એક ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા તેમની સામે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી છે.




### હનિટ્રેપનો મામલો આવ્યો સામે:CCTV હેક કરી ડૉક્ટર મસાજ કરાવતા હોય તેવો વીડિયો બનાવી રૂપિયા પડાવવાનો કારસો

• અમદાવાદ

ધરાવતા તબીબને હની ટ્રેપમાં ફસાવીને પૈસા પડાવવાનું ષડ્યંત્ર પકડાયું છે. ડૉક્ટર પાસેથી રૂ. 5 હજાર પડાવ્યા બાદ 40 હજાર માગીને સમાજ-મિત્રોના ગ્રૂપમાં ન્યૂડ ફોટો-વીડિયો વહેતાં કરવાની ધમકી આપી હતી. રોજ મળી રહેલી ધમકીથી ત્રસ્ત ડૉક્ટરે ફરિયાદ નોંધાવતાં પાલડી પોલીસે એક આરોપીની ધરપકડ કરી હતી. આરોપીએ ક્લિનિકના સીસીટીવી કેમેરા હેક કરી, અસલ વીડિયોમાં ચેડાં કરીને ડૉક્ટર ક્લિનિકમાં જ બોડી સમાજ કરાવતા હોવાના વીડિયો બનાવ્યા હતા. પાલડીમાં ક્લિનિક ધરાવતા 49 વર્ષના સીરાજભાઈ (49) (નામ બદલ્યું છે)ને 11 જાન્યુઆરીએ રાતે 11 વાગ્યે વોટસએપમાં એક વીડિયો આવ્યો હતો. તેમાં 27 માર્ચ, 2025એ બપોરે 3.25 વાગ્યે ડૉક્ટર ક્લિનિકની પર્સનલ કેબીનમાં યુવતી પાસે બોડી મસાજ કરાવી રહ્યા હતા. આ સાથે લખાણ લખ્યું હતું કે અમારી પાસે તમારા આવા ઘણા ન્યૂડ વીડિયો -ક્લિપ છે. વીડિયો ડિલીટ કરવાના રૂ. 35 હજાર થશે. સાથે જ આ વીડિયો સમાજ-મિત્રોના ગ્રૂપમાં મોકલીને બદનામ કરવાની ધમકી આપી હતી. એક ક્યુઆર કોડ સ્કેનર પણ મોકલ્યું હતું પરંતુ કોઈ મજાક કરતું હોવાનું માનીને પૈસા મોકલ્યા ન હતા. ત્યાર પછી બદનામ કરવાની ધમકી આપતાં ડૉક્ટર ગભરાઈ જતાં તેમણે સ્કેનરમાં રૂ. 5 હજાર મોકલ્યા હતા. એ પછી રૂ. 40 હજાર માગ્યા હતા. આ અંગે ડૉક્ટરે મિત્રોને વાત કરતાં તેમને સાથે રાખીને ડૉક્ટરે પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ કહે છે, એક આરોપીની અટકાયત કરાઈ છે પણ ષડ્યંત્રમાં અન્યોની સંડોવણી હોઈ શકે છે. આરોપીએ કૅમેરા કેવી રીતે હેક કર્યા અને વીડિયોમાં ચેડાં કરીને ન્યૂડ વીડિયો કેવી રીતે બનાવ્યા તે દિશામાં તપાસ શરૂ કરી હતી. આરોપીએ ડૉક્ટરને ફેસબુક પેજનો ફોટો મોકલીને વિઝિટ કરવા કહ્યું હતું. ડૉક્ટરે વિઝિટ કરતાં તેમાં ક્લિનિકનું નામ અને મોબાઈલ નંબર લખેલો હતો. ત્યાં ડોક્ટરને 3 વીડિયો પણ હતા.

### સરકાર દ્વારા સુચારૂ પગલાં લેવાયા છે તેમજ મહાશિવરાત્રી ના મેળામાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે

# આગોતરૂ આયોજન શિવરાત્રીના મેળામાં જવા ભાવનગરમાંથી 40 બસો દોડાવાશે

• ભાવનગર

જૂનાગઢમાં મહાશિવરાતત્રીના યોજાનારા મેળાને લઈ રાજ્ય સરકાર દ્વારા સુચારૂ પગલાં લેવાયા છે તેમજ મહાશિવરાત્રી ના મેળામાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે. આ વર્ષે પણ શ્રદ્ધાળુઓ માટે સરકાર દ્વારા અનેક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે અને એસ. ટી. વિભાગ દ્વારા પણ અનેક બસોનું સંચાલન કરવામાં આવશે. ભાવનગર ડિવિઝન દ્વારા પણ મેળામાં જવા માટે 40 બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જૂનાગઢમાં ગિરનારની ગોદમાં આગામી તારીખ 11 થી 15 ફેબ્રુઆરી સુધી વિશ્વ પ્રસિદ્ધ મહાશિવરાત્રી નો મેળો યોજવાનો છે. મહાશિવરાત્રી ના મેળામાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ લાભ લે છે. આ વર્ષે રાજ્ય સરકાર દ્વારા પણ પૂરજોશમાં તડામાર તૈયારી ઓ કરવામાં આવ્યું છે. અને સમગ્ર રાજ્યમાંથી સ્ટેટ ટ્રાન્સપોર્ટ દ્વારા શ્રદ્ધાળુઓ માટે મોટી સંખ્યા માં બસો નું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે ભાવનગર એસ.ટી.ડિવિઝન દ્વારા 40 બસો જૂનાગઢ ખાતે દોડાવવામાં આવનાર છે. જેમાં સૌથી વધુ 20 જેટલી બસો ભાવનગર એસ.ટી.



ડેપોમાંથી મૂકવામાં આવશે. આ સાથે જો શ્રદ્ધાળુઓનું સંખ્યા બળ વધશે તો હજુ પણ એક્સ્ટ્રા બસો મૂકવામાં આવશે તેમ એસ.ટી. ના સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. આ વર્ષે શિવરાત્રીનો મેળો ભવ્યતાપૂર્વક યોજાવાનો હોય અત્યારથી જ ભાવિકોમાં અનેરો ઉમંગ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ખાનગી વહાણો દ્વારા ભાડાઓ વધારી દેવામા આવે છે ત્યારે એસ. ટી વિભાગ દ્વારા વધુમાં વધુ શ્રદ્ધાળુઓ સરકાર બસનો લાભ લે તેવી અપીલ પણ કરવામાં આવી છે. તદુપરાંત ભાવનગર ડિવિઝન ની 15 જેટલી બસો જૂનાગઢ ડિવિઝન ની ફાળવાઈ છે.

આ સાથે જો શ્રદ્ધાળુઓનું સંખ્યા બળ વધશે તો હજુ પણ એક્સ્ટ્રા બસો મૂકવામાં આવશે તેમ એસ.ટી.ના સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. આ વર્ષે શિવરાત્રીનો મેળો ભવ્યતાપૂર્વક યોજાવાનો હોય અત્યારથી જ ભાવિકોમાં અનેરો ઉમંગ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### પ્રભાસપાટણ ગામ-સોમનાથ મંદિર પરિસર વચ્ચે સીધો સંપર્ક તૂટ્યો:સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા રાતોરાત રસ્તા બંધ કરતા ગ્રામજનોમાં ભારે આક્રોશ

• ગીર સોમનાથ (વેરાવળ)

વિશ્વપ્રસિદ્ધ સોમનાથ મંદિરના ટ્રસ્ટ દ્વારા પ્રભાસ પાટણ ગામને જોડતાં વર્ષો જૂના જાહેર રસ્તાઓ પર રાતોરાત સિમેન્ટની દીવાલો અને આડશો ઉભી કરી દેવાતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મુદ્દે 'પ્રભાસ હીત રક્ષક સમિતિ' દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. પ્રભાસ પાટણ ગામના નાગરિકોનો આક્ષેપ છે કે, સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા કોઈપણ પ્રકારની આગોતરી જાણ કે જાહેર સૂચના આપ્યા વિના દિગ્વીજય દ્વાર અને મહારાણી અહલ્યાબાઈ હોલ્કર નિર્મિત જૂના સોમનાથ મંદિર તરફ જતાં જાહેર રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. પ્રભાસ હીત રક્ષક સમિતિના પ્રમુખ હેમલચંદ્ર ભટ્ટ અને આગેવાનોએ જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયને જણાવ્યું હતું કે, આ રસ્તાઓ માત્ર અવરજવર માટે નથી, પરંતુ ગામની સામાજિક અને આર્થિક વ્યવસ્થાનો પાયો છે.

ધાર્મિક મહત્વ: સ્થાનિકો વર્ષોથી આ માર્ગે સોમનાથ મહાદેવના દર્શને જાય છે. અંતિમ યાત્રા સમયે પણ ધ્વજાજીના દર્શન માટે આ રસ્તો અનિવાર્ય છે.

કટોકટીની સેવાઓ: એમ્બ્યુલન્સ કે ફાયર ફાઈટર જેવા ઈમરજન્સી વાહનો માટે આ મુખ્ય ધોરીનશ સમાન માર્ગો છે. આર્થિક ફટકો: યાત્રાળુઓનો ગામમાં પ્રવેશ અટકતા સ્થાનિક હોટલ, રેસ્ટોરન્ટ અને નાના વેપારીઓના ધંધા-રોજગાર ઠપ્પ થઈ ગયા છે. સીટી સર્વે રેકોર્ડ: 1922થી 1926ના રેકોર્ડ મુજબ આ સરકારી જાહેર રસ્તાઓ છે. ઈઝમેન્ટ એક્ટ: 100 વર્ષથી વધુ સમયથી વપરાતા આ રસ્તાઓ પર લોકોનો કાયદેસરનો 'ઈઝમેન્ટ રાઈટ' (વપરાશનો અધિકાર) છે. નગરપાલિકાની અવગણના: આ વિસ્તાર વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાની હદમાં આવે છે, તેમ છતાં નગરપાલિકાની મંજૂરી વગર આડશો ઉભી કરાઈ છે.

### પુણાની નિધિ ટેક્સટાઇલ માર્કેટમાં આગ

# ગ્રાઉન્ડ ફ્લોર પરના ખાતામાં આગ લાગતા અફરા તફરી, ફાયરની 20થી વધુ ગાડીઓ દોડી ગઈ

• સુરત

સુરતના પુણા વિસ્તારમાં આવેલી નિધિ ટેક્સ્ટાઈલ માર્કેટમાં આજે (8 ફેબ્રુઆરી) વહેલી સવારે આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. માર્કેટના ફર્સ્ટ બેઝમેન્ટમાં અચાનક આગ લાગવાની શરૂઆત થઈ હતી. બેઝમેન્ટમાં રહેલા વાયરિંગ અને મોટા પ્રમાણમાં લાકડાના સામાનને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ એટલી ભીષણ હતી કે તેનો કાળો ધુમાડો પાંચમા માળ સુધી પ્રસરી ગયો હતો, જેના કારણે જાણે આખી માર્કેટ સળગી રહી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

ઘટનાની જાણ થતા પાંચ ફાયર સ્ટેશનની 20થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. ચીફ ફાયર ઓફિસર સહિતના અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી ગયા હતાં. ફાયરના જવાનોએ બે કલાકથી વધુ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો છે. ધુમાડાને ફાયરના જવાનોને ઓક્સિજન માસ્ક પહેરી અંદર જવાની ફરજ પડી હતી. રવિવાર હોવાથી અહીં કોઈ વેપારીઓ કે કર્મચારીઓ હાજર નહોંતા. આ ઘટનામાં હાલ કોઈ જાનહાનિના સમાચાર નથી. શોર્ટસર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન છે. આગનું ચોક્કસ કારણ હજુ સામે આવ્યું નથી.

ઘટનાની જાણ થતા જ સૌ પ્રથમ પાંચ ફાયર સ્ટેશનની 10 ગાડીઓ રવાના કરવામાં આવી હતી. જોકે, પરિસ્થિતિની ગંભીરતા અને ધુમાડાના ગોટેગોટાને જોતા ચીફ ફાયર ઓફિસર દ્વારા તાત્કાલિક 'બ્રિગેડ કોલ' જાહેર કરવામાં આવ્યો હતો. ઘટનાસ્થળે શહેરના વિવિધ વિસ્તારોમાંથી 20થી 25 ફાયર ટેન્ડરો દોડી આવ્યા હતા. ધુમાડો એટલો પ્રચંડ હતો કે ફાયરના જવાનોએ ઓક્સિજન માસ્ક પહેરીને અંદર પ્રવેશ કરવો પડ્યો હતો. ફાયરના જવાનોની અંદાજે બે કલાકની ભારે



જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, આગ બેઝમેન્ટમાં આવેલા ઈલેક્ટ્રિક વાયરિંગમાં લાગી હતી, જે ત્યારબાદ મીટર પેટી સુધી પહોંચી હતી. વાયરિંગની સાથે ત્યાં પડેલો વુડન (લાકડાનો) સામાન આગની લપેટમાં આવતા ધુમાડો વધુ ફેલાયો હતો. હાલમાં ફાયર વિભાગ દ્વારા કુલિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ડિવિઝનલ ફાયર ઓફિસર ક્રિષ્ના મોઢે જણાવ્યું કે, નિધિ ટેક્સટાઈલ માર્કેટના બેઝમેન્ટમાં વાયરિંગની પ્લેટમાં આગ લાગી હતી. આ આગ પ્રસરતા વીજ મીટરોને પણ આગ લાગી ગઈ હતી અને તેના કારણે ખૂબ પ્રમાણમાં ધુમાડો નીકળ્યો હતો, જેના કારણે એવું લાગ્યું કે આખી બિલ્ડિંગમાં આગ પ્રસરી ગઈ. તપાસ કરતા બેઝમેન્ટનું ફાયર ટ્રેસ કર્યું હતું અને જેના કારણે 20થી 25 ગાડીઓ ઘટનાસ્થળે બોલાવી હતી. સવારે 7.30નો કોલ હતો અને આગને કાબૂમાં લેવામાં બે કલાકથી વધુનો સમય લાગ્યો હતો. હાલમાં આગ લાગવા પાછળનું કારણ અને કેટલું નુકસાન થયું છે તે જાણવા મળ્યું હતુ નથી. શોટ સર્કિટના કારણે આગ લાગી હોય તેવું પ્રાથમિક અનુમાન છે. બિલ્ડિંગમાં ફાયર સેફટીના તમામ સાધનો લગાવેલા છે અને તે ચાલુ હાલતમાં છે. 18 સપ્ટેમ્બરના વહેલી સવારે મિડાસ સ્ક્વેર પાછળના નવનિર્મિત નિધિ ટેક્સટાઈલ માર્કેટમાં આગની ઘટના બની હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ આગના કારણે માર્કેટમાં મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું.

આગ ઈલેક્ટ્રીક વાયરો દ્વારા ઝડપથી ત્રીજા માળ સુધી ફેલાઈ ગઈ હતી, જેના પગલે ત્રણ ફાયર સ્ટેશનની આઠ જેટલી ગાડીઓ દ્વારા દોઢ કલાક પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

નેપાળી ફિલ્મના અનુભવી અભિનેતા સુનીલ થાપાએ પણ ઘણી બોલિવૂડ ફિલ્મોમાં અભિનય કર્યો હતો

# મનોજ બાજપેયી ‘મેરી કોમ’ ફેમ સુનીલ થાપાને શ્રદ્ધાંજલિ આપી , પ્રિયંકા ચોપરા ભાવુક થઈ



નેપાળી ફિલ્મના અનુભવી અભિનેતા સુનીલ થાપાએ પણ ઘણી બોલિવૂડ ફિલ્મોમાં અભિનય કર્યો હતો. તેમણે પોતાના ઉત્તમ અભિનયથી દર્શકોને પ્રભાવિત કર્યા હતા. તેમના ઘણા બોલિવૂડ સેલિબ્રિટીઓ સાથે પણ સારા સંબંધો હતા. સુનીલ થાપાનું શુક્રવારે ૬૮ વર્ષની વયે અવસાન થયું. સુનીલ થાપાના નિધનના સમાચારથી પ્રિયંકા ચોપરા પણ દુ:ખી છે. તેણીએ તેના સહ-અભિનેતાના નામે એક ભાવનાત્મક પોસ્ટ શેર કરી. પ્રિયંકાની સાથે, મનોજ બાજપેયીએ પણ ઈન્સ્ટાગ્રામ પર સુનીલ થાપાના નિધન પર શોક વ્યક્ત કર્યો.

પ્રિયંકા ચોપરાએ ફિલ્મ ‘મેરી કોમ‘નો એક વિડીયો શેર કર્યો, જેમાં સુનીલ થાપા તેની સાથે જોવા મળે છે. ફિલ્મમાં, તેણે પ્રિયંકા ચોપરાના પાત્ર, મેરી કોમના કોચની ભૂમિકા ભજવી હતી. તેણીએ વિડીયો સાથે એક ભાવનાત્મક સંદેશ પણ લખ્યો. પોસ્ટમાં, તેણીએ લખ્યું, “તમે હંમેશા મારા કોચ રહેશો, સર.” જ્યારે મેં મારા પિતા ગુમાવ્યા, ત્યારે તમે મને ટેકો આપ્યો. તમે મને પ્રેમ કર્યો. તમે મને ઘણા મુશ્કેલ દિવસોમાં મદદ કરી અને મને ખ્યાલ પણ ન આવ્યો. તમારી હૂંફ, તમારું હાસ્ય હંમેશા મારી યાદોનો ભાગ રહેશે. ખૂબ જલ્દી ગયું, પણ ક્યારેય ભૂલાશે નહીં.’

તેણી આગળ લખે છે, ‘જ્યારે મારું હૃદય તૂટી ગયું હતું ત્યારે તમારા પ્રેમ બદલ આભાર. તમારા આત્માને શાંતિ મળે. મારા વિચારો અને પ્રાર્થનાઓ તમારા પરિવાર અને પ્રિયજનો સાથે છે.’

પ્રિયંકા ચોપરા ઉપરાંત, મનોજ બાજપેયીએ સુનીલ થાપાને શ્રદ્ધાંજલિ આપતા એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરી. તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું, ‘આ ખૂબ જ દુ:ખદ છે. તમારા આત્માને શાંતિ મળે, સાહેબ. તમારા કારણે, ‘ધ ફેમિલી મેન’ સીઝન ૩ ની મારી યાદો હંમેશા જીવંત રહેશે.’

અભિનેતા સુનીલ થાપાનું હૃદયરોગના હુમલાથી અવસાન થયું. તેમણે તેમના જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ ફિલ્મોને સમર્પિત કર્યો. તેમણે નેપાળી સિનેમામાં લગભગ ૩૦૦ ફિલ્મોમાં અભિનય કર્યો. તેમણે ભોજપુરી ફિલ્મોમાં પણ અભિનય કર્યો. સુનીલ થાપાએ ઘણી બોલિવૂડ ફિલ્મો અને વેબ સિરીઝમાં પણ કામ કર્યું છે. તેઓ તાજેતરમાં “ધ ફેમિલી મેન” અને “મેરી કોમ“ માં તેમના કામ માટે જાણીતા છે. તેમને “મેરી કોમ“ માટે ફિલ્મફેર નોમિનેશન પણ મળ્યું. તેમણે “એક દુજે કે લિયે” અને “આજ કી આવાઝ” જેવી બોલિવૂડ ફિલ્મોમાં પણ કામ કર્યું છે.

કારકિર્દીના મોરચે, પ્રિયંકા ચોપરા હોલીવુડ ફિલ્મ “ધ બ્લફ” અને રાજામૌલીની સમગ્ર ભારતમાં બનેલી ફિલ્મ “વારાણસી” નો ભાગ છે. તે “વારાણસી” ના શૂટિંગ અને પ્રમોશન માટે વારંવાર ભારતની મુલાકાત લે છે. આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થવાની ધારણા છે.

‘ભગમ ભાગ ૨’નું ડિરેક્શન રાજ શાંડિલ્ય કરશે

# ભાગમ ભાગ-૨માં ગોવિંદાની જગ્યાએ હવે મનોજ બાજપેયીની એન્ટ્રી



બોલિવૂડની લોકપ્રિય અને યાદગાર બનેલી કોમેડી ફિલ્મ ‘ભાગમ ભાગ’ની સિક્વલ ‘ભાગમ ભાગ ૨’ની કાસ્ટમાં એક મોટો ફેરફાર જોવા મળ્યો છે. પ્રોડક્શન શરૂ થવાની તૈયારીમાં છે, ત્યારે હવે તાજેતરના અહેવાલો અનુસાર ફિલ્મમાં હવે અક્ષય કુમાર અને પરેશ રાવલ સાથે મનોજ બાજપેયી જોડાવા જઈ રહ્યા છે, જ્યારે મૂળ ફિલ્મના મુખ્ય કલાકાર ગોવિંદા આ સિક્વલમાં જોવા મળશે નહીં.ઈન્ડસ્ટ્રીના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, “૨૦૦૬માં રિલીઝ થયેલી મૂળ ‘ભાગમ ભાગ’ ફિલ્મમાં અક્ષય કુમાર, ગોવિંદા અને પરેશ રાવલે યાદગાર કોમેડી રોલ કર્યા હતા. આ વર્ષો દરમિયાન આ ફિલ્મ કલ્ટ ફેવરિટ બની ગઈ છે. હવે ભાગમ ભાગની સિક્વલ પ્રોડક્શન તરફ આગળ વધી રહી છે, ત્યારે કાસ્ટિંગમાં ફેરફાર થતો જોવા મળી રહ્યો છે. કેટલાક અહેવાલો મુજબ, પ્રથમ ફિલ્મમાં મુખ્ય કોમેડી રોલ ભજવનાર ગોવિંદા ‘ભગમ ભાગ ૨’નો ભાગ નહીં બને. તેમની સાથે થયેલી ચર્ચાઓ અંતે કોઈ ચોક્કસ પરિણામ મળી શક્યું નહીં અને આ કારણે કાસ્ટિંગમાં આ ફેરફાર થયો હોવાના અહેવાલ છે.‘ભગમ ભાગ ૨’નું ડિરેક્શન રાજ શાંડિલ્ય કરશે, જેણે બોક્સ ઓફિસ પર સફળ કોમેડી ફિલ્મો આપી છે. ફિલ્મનું શૂટિંગ મુંબઈમાં ટૂંક સમયમાં શરૂ થવાની શક્યતા છે. ઘણા મહિનાઓની પ્રક્રિયાઓ બાદ હવે પ્રોડક્શન ઝડપી ગતિએ આગળ વધશે.અક્ષય કુમારની સામે ફીમેલ લીડ રોલમાં મીનાક્ષી ચૌધરીને કાસ્ટ કરવામાં આવી હોવાના અહેવાલ છે, જે ફિલ્મના એન્સેમ્બલમાં નવી તાજગી ઉમેરે છે. મનોજ બાજપેયીને ફિલ્મમાં સામેલ કરીને નિર્માતાઓ જૂની યાદોને જાળવી રાખતા નવી ક્રિએટિવ એનર્જીનો પ્રયાસ કરતા હોવાનું લાગી રહ્યું છે.પ્રિયદર્શને ડિરેક્ટ કરેલી પેહલી ‘ભાગમ ભાગ’ ફિલ્મમાં થિયેટર ટ્રુપની મિસએડવેન્ચર્સ પર આધારિત વાર્તા હતી, જેમાં સ્લેપસ્ટિક હ્યુમર અને પરિસ્થિતિજન્ય કોમેડીનું સુંદર મિશ્રણ જોવા મળ્યું હતું.

મારા નામે ક્લિકબેટ મારી ફિલ્મો કરતાં વધુ લોકપ્રિય : અનુરાગ


# દિગ્દર્શક અનુરાગ કશ્યપનું નામ એપ્સટિન ફાઈલ્સમાં ઉછળ્યું



છેલ્લા કેટલાક અઠવાડિયાથી એપ્સટિન ફાઈલ્સ વૈશ્વિક સ્તરે ધ્યાનનું કેન્દ્ર બની છે. જાતીય ગુનેગાર જેફરી એપ્સટિન સાથે જોડાયેલી આ ફાઈલોમાં અસંખ્ય દસ્તાવેજો, ફોટોગ્રાફસ અને વિડિઓઝ છે. આ રેકોર્ડ્સમાં ઘણા જાણીતા નામો બહાર આવવાથી આંતરરાષ્ટ્રીય તપાસ શરૂ થઈ છે. આમાંના કેટલાક વ્યક્તિઓ જાહેરમાં સામે આવ્યા છે, જેમાં ટેક અબજોપતિ બિલ ગેટ્સ અને ભારતીય-અમેરિકન લેખક દીપક ચોપરાનો સમાવેશ થાય છે. ફિલ્મ નિર્માતા અને અભિનેતા અનુરાગ કશ્યપનું નામ પણ આ યાદીમાં આવ્યું હતું, જેના કારણે તેમને વિવાદનો જવાબ આપવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. ઓનલાઈન ફરતા એક ઈમેઈલમાં અનુરાગ કશ્યપને બોલિવૂડ સ્ટાર અને પ્રખ્યાત બોલિવૂડ દિગ્દર્શક તરીકે વર્ણવવામાં આવ્યા હતા. ઈમેઈલમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેઓ ૨૦૧૭માં બેઈજિંગમાં આયોજિત એપ્સટિન કાર્યક્રમમાં ભાગ લેવા માટે સંમત થયા હતા. જો કે, અનુરાગ કશ્યપે આ દાવાઓને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે. તેમણે જણાવ્યું, “મને આ વિશે કોઈ જાણકારી નથી. મને દર મહિને લગભગ ૧૫ વક્તાઓના આમંત્રણો મળે છે. હું ભાગ્યે જ કોઈનો જવાબ આપું છું. ઉપરાંત, હું મારા જીવનમાં ક્યારેય બેઈજિંગ ગયો નથી.” મારા નામે ક્લિકબેટ મારી ફિલ્મો કરતાં વધુ લોકપ્રિય છે.યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે જેફરી એપ્સટિન સંબંધિત લાખો વધારાના રેકોર્ડ્સ બહાર પાડ્યા છે. આ રેકોર્ડ્સમાં તેમના ગુનાઓ અને પ્રભાવશાળી લોકો સંબંધિત ફાઈલોની માહિતી શામેલ છે. ડેપ્યુટી એટર્ની જનરલ ટોડ બ્લેન્ચે જણાવ્યું હતું કે શુક્રવાર, ૩૦ જાન્યુઆરીના રોજ ત્રણ મિલિયનથી વધુ પાનાના દસ્તાવેજો બહાર પાડવામાં આવ્યા હતા. આ રેકોર્ડ્સ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવ્યા હતા અને ડિસેમ્બરમાં અગાઉ પ્રકાશિત થયેલા સંગ્રહમાં સમાવિષ્ટ ન હોય તેવા મોટા સંગ્રહનો ભાગ છે. આ ખુલાસાઓ એપ્સટિન ફાઈલ્સ ટ્રાન્સપરન્સી એક્ટ હેઠળ કરવામાં આવ્યા હતા. આ કાયદો જાહેર અને રાજકીય દબાણ પછી પસાર કરવામાં આવ્યો હતો અને સરકારને એપ્સ્ટેઈન અને તેમના ભૂતપૂર્વ ભાગીદાર, ઘિસ્લેઈન મેક્સવેલ સંબંધિત ફાઈલો જાહેર કરવાની ફરજ પાડે છે.

ટી ૨૦ વર્લ્ડ કપને લઈને ઉત્સાહિત છે, ત્યારે ટેબલ પર એક વિવાદ પણ ચાલી રહ્યો છે

# હું ઈચ્છું છું કે પાકિસ્તાન શ્રીલંકામાં આવીને રમે. જો તેઓ ન રમે તો શું વાંધો છે : સુનિલ શેટ્ટી



જ્યારે ચાહકો ટી ૨૦ વર્લ્ડ કપને લઈને ઉત્સાહિત છે, ત્યારે ટેબલ પર એક વિવાદ પણ ચાલી રહ્યો છે. પાકિસ્તાને સ્પષ્ટપણે કહ્યું છે કે તે ટી ૨૦ વર્લ્ડ કપમાં ભારત સામે નહીં રમે. પાકિસ્તાન બાકીની મેચો શ્રીલંકામાં રમી રહ્યું છે. આ વર્લ્ડ કપ શ્રીલંકા અને ભારત સંયુક્ત રીતે યોજી રહ્યા છે. પાકિસ્તાની ટીમના આ નિર્ણય વચ્ચે, સુનિલ શેટ્ટીએ એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે.

સુનિલ શેટ્ટીએ મુંબઈમાં એક પુસ્તક વિમોચન કાર્યક્રમમાં હાજરી આપી હતી. અહીં, તેમણે ટી ૨૦ વર્લ્ડ કપ અંગે નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું, “હું ઈચ્છું છું કે પાકિસ્તાન શ્રીલંકામાં આવીને રમે. જો તેઓ ન રમે તો શું વાંધો છે? ભારત અને પાકિસ્તાન વચ્ચે ખૂબ જ સારી હરીફાઈ છે.” એશિઝમાં ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે જે હરીફાઈ છે તે જ હરીફાઈ છે.’ સુનીલ શેટ્ટી આમ ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચની ઈચ્છા રાખે છે. પાકિસ્તાન સરકારે નિર્ણય લીધો છે કે તેમની ટીમ ભારત સામે ટી ૨૦ મેચ નહીં રમે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ આ નિર્ણયનું પાલન કરી રહ્યું છે. હવે, આ મામલે આગળ શું થાય છે તે જોવાનું બાકી છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ દેશભરમાં અને વિશ્વભરમાં લાખો ક્રિકેટ ચાહકો દ્વારા જોવામાં આવે છે. સુનીલ શેટ્ટી પણ એક મોટા ક્રિકેટ ચાહક છે. તેમના જમાઈ, કેએલ રાહુલ, પણ ભારતીય ક્રિકેટ ટીમ માટે રમે છે. તેમણે તેમના દેશની ટીમને ટી ૨૦ મેચો માટે શુભકામનાઓ પાઠવી છે. તેઓ કહે છે, “જો ભારતીય ક્રિકેટ ટીમ જે રીતે રમી રહી છે તે રીતે રમશે, તો અમે ચોક્કસ જીતીશું.”

કાર્યક્રમના મોરચે, સુનીલ શેટ્ટી હાલમાં “હેરા ફેરી ૩” માટે સમાચારમાં છે. તેઓ ફિલ્મ “વેલકમ ટુ ધ જંગલ” માં પણ જોવા મળશે.

પ્રિયંકા આ ફિલ્મની સિરીઝના આગળના બે ભાગમાં પણ લીડ રોલમાં હતી

# હૃતિકની ‘ક્રિશ-૪’માં પ્રિયંકા ચોપરાને ફીમેલ લીડ તરીકે કાસ્ટ કરાઈ



આ વાત હવે નક્કી થઈ ગઈ છે! પ્રિયંકા ચોપરા જોનાસ બોલિવૂડમાં પરત ફરી રહી છે. પ્રિયંકાએ ‘ક્રિશ’ની છેલ્લી બે ફિલ્મોમાં પણ લીડ રોલ કર્યો હતો. ત્યારબાદ તે વૈશ્વિક સ્તરે કારકિર્દી બનાવવા અને લગ્ન માટે અમેરિકા સ્થાઈ થઈ હતી સૂત્રોએ ખાતરી આપી છે કે હૃતિક રોશનની ‘ક્રિશ’ ફ્રેન્ચાઈઝીની ચોથી ફિલ્મ ‘ક્રિશ ૪’માં પ્રિયંકાને લીડ રોલ માટે સાઈન લેવામાં આવી છે.પ્રિયંકાએ ‘ક્રિશ’ની છેલ્લી બે ફિલ્મોમાં પણ લીડ રોલ કર્યો હતો. ત્યારબાદ તે વૈશ્વિક સ્તરે કારકિર્દી બનાવવા અને લગ્ન માટે અમેરિકા સ્થાઈ થઈ હતી. હવે તે એસ. એસ. રાજામૌલીની ‘વારાણસી’ સાથે ઈન્ડિયન સિનેમામાં વાપસી કરી રહી છે અને હવે ‘ક્રિશ ૪’ દ્વારા ફરી એકવાર બોલિવૂડમાં પ્રવેશ કરી રહી છે. પ્રિયંકાની છેલ્લી બોલિવૂડ ફિલ્મ શોનાલી બોઝની ‘ધ સ્કાય ઈઝ પિંક’ (૨૦૧૯) હતી. ત્યારબાદ તે સંજય લીલા ભણસાલીની ‘ગંગુબાઈ કાઠિયાવાડી’ માટે ફાઈનલ તો થઈ હતી, પરંતુ છેલ્લી ઘડીએ આ રોલ તેનાં હાથમાંથી ગયો અને આલિયા ભટ્ટને મળી ગયો.અહીંથી જ એસ. એસ. રાજામૌલી અને મહેશ બાબુએ મહત્વની ભૂમિકા ભજવી. પ્રોજેક્ટ સાથે જોડાયેલા એક સૂત્રે આગળ ખુલાસો કરતા કહ્યું, “બોલિવૂડના અન્ય એ-લિસ્ટર્સથી અલગ, રાજામૌલી અને મહેશ બાબુને પ્રિયંકા સાથે કામ કરવામાં કોઈ જ ખચકાટ નહોતો. તેમણે તેને સાચી સિનેમા રોયલ્ટી તરીકે મહત્વ આપ્યું, પશ્ચિમમાં જે ફી તે મેળવે છે તે મુજબનું વેતન આપ્યું — જે તેણે આજ સુધી કોઈ હિન્દી ફિલ્મ માટે મેળવી નહોતી — અને તેઓ જોડાયા પછી તેની ભૂમિકાને વધુ વિસ્તૃત પણ કરી.”પ્રોજેક્ટના બહુ નજીકના એક સૂત્રે જણાવ્યું કે પ્રિયંકા હવે મહેશ બાબુ, તેમની પત્ની નમ્રતા અને તેમની દીકરી સિતારા સાથે પણ ખૂબ નજીક આવી ગઈ છે.“આ તેલુગુ સિનેમાના માધ્યમથી બોલિવૂડમાં પ્રિયંકાનું પ્રવેશદ્વાર છે. તેણે રાજામૌલીના સિનેમેટિક યુનિવર્સ દ્વારા વૈશ્વિક મંચ પર ભારતીય સિનેમાનું પ્રતિનિધિત્વ કરવાનું પસંદ કર્યું છે,” એમ એક જાણીતા બોલિવૂડ ફિલ્મમેકરે જણાવ્યું, જેમણે એ પણ સ્વીકાર્યું કે જ્યારે તેઓ પ્રિયંકા સાથે મહિલા એક્શન-હીરો પર આધારિત ફિલ્મ બનાવવા ઈચ્છતા હતા ત્યારે તેમને પ્રિયંકા ચોપરાને સાઈન ન કરવા માટે કહેવામાં આવ્યું હતું.

ફરાહ અને શાહરૂખ ૧૨ વર્ષ પછી ફરી એકવાર સાથે આવશે

# ફરાહ ખાનની ‘મૈં હૂ ના-૨’માં શાહરૂખ ખાન ડબલ રોલ કરશે



હાલ તો શાહરુખ ખાનની ‘કિંગ’ની ચર્ચાઓ અને તેની રીલિઝની રાહ જોવાઈ રહી છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે શાહરુખ આ ફિલ્મની રિલીઝ પછી ફરાહ ખાન સાથે ફરી એક વખત કામ કરવા જઈ રહ્યો છે. એવા અહેવાલ છે કે શાહરુખ અને ફરાહ ખાન હવે ‘મેં હું ના ૨’ પર કામ શરૂ કરી રહ્યાં છે.આ ફિલ્મ માટે શાહરુખ અને ફરાહ ૧૨ વર્ષે એકબીજા સાથે કામ કરશે, આ પહેલાં તેમણે ૨૦૦૭માં ‘ઓમ શાંતિ ઓમ’ અને ૨૦૧૪માં ‘હેપ્પી ન્યુ યર’માં છેલ્લે સાથે કામ કર્યું હતું. આ બંને ફિલ્મ બોક્સ ઓફિસ પર ઘણી સફળ રહી હતી. હવે નવી ફિલ્મ અંગે સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ફરાહ ખાન આ વખતે ડબલ રોલ કોન્સેપ્ટ સાથે કામ કરશે. સુત્રએ જણાવ્યું, “ફરાહ ખાનને શાહરુખ ખાન માટે એક સારો ડબલ રોલ વિષય મળી ગયો છે, જેને લઈને શાહરુખ પણ ઉત્સાહમાં છે. જેનાથી આ સિક્વલ વધુ ઈમોશનલ અને વધુ મજાની બનશે, આ સિક્વલમાં શાહરુખ બે બિલકુલ વિરોધાભાસી રોલમાં જોવા મળશે.”એટલું જ નહીં, આ સિક્વલમાં પહેલાં જેટલી જ ઈમોશનલ સ્ટોરી હશે, જોકે, ફિલ્મનો સ્કેલ પહેલાં કરતાં ઘણો મોટો હશે. આ વખતે પણ કોમેડી અને દેશભક્તિના મિશ્રણ સાથે દેશ સામે વધુ મોટો ખતરો ઉભો થશે, આ જ રીતની ફિલ્મ ૨૦૦૪માં ‘મેં હું ના’ પણ હતી. આટલું જ નહીં, આ ફિલ્મમાં પહેલી ફિલ્મની કાસ્ટ પણ ફરી એક વાર જોવા મળશે.આ ફિલ્મનો સ્ક્રીનપ્લે આકાશ કૌશિક દ્વારા લખવામાં આવી રહ્યો છે, જેના કેન્દ્રમાં શાહરુખ ખાન હશે. જુની કાસ્ટને ફરી સાથે લાવવા ઉપરાંત આ ફિલ્મ માટે ટીમ નવા ચહેરાઓને લાવવા પણ વિચારી રહી છે. જેથી ફિલ્મની જની યાદો તાજી પણ થાય અને તેની અપીલને વધારી પણ શકાય.જોકે, આ ફિલ્મ ક્યારે શરૂ થશે અને હાલ કયા તબક્કે છે તે અંગે કોઈ માહિતી જાહેર થઈ નથી

સિરીયલ ઝનકમાં સુમિત અનિરુદ્ધ બોઝનો રોલ કરતો હતો

# અભિનેતા તરીકેના મારા શરૂઆતના દિવસો હું ફરી જીવી રહ્યો છું : સુમિત સચદેવ



એક્ટર સુમિત સચદેવ ક્યુંકી સાસ ભી કભી બહુ થી સિરીયલમાં ગૌતમ વિરાણી એટલે કે ગોમઝીના રોલ માટે જાણીતો છે. તાજેતરની સિરીયલ ઝનકમાં તે અનિરુદ્ધ બોઝનો રોલ કરતો હતો. તેમાંથી તે હવે ફરી ક્યુંકી સાસ ભી કભી બહુ થીમાં ગૌતમ વિરાણી વકીલના રોલમાં પાછો ફર્યો છે. જે સિરિયલથી તેની ઓળખ બની તેવા શોમાં પાછા ફરવા અંગે સુમીત સચદેવે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું, “આ શોમાં પાછા ફરવું એ મારા માટે ઘરે પાછા ફરવા જેવું છે, જ્યાં એક કલાકાર તરીકેની મારી જુની અને શરૂઆતની યાદો હું તાજી કરી રહ્યો છું. હાલ હું ઝનક સાથે ઘણો વ્યસ્ક છું પરંતુ ક્યુંકી મારા દિલથી ઘણી નજીક છે.”દર્શકોને આ વખતે ગોમઝીમાં શું નવું જોવા મળશે એ અંગે સુમીતે જણાવ્યું, “હું જ્યારે પણ આવીશ, મને આશા છે કે એનાથી સ્ટોરીમાં ડામા તો ઉમેરાશે જ. ખાસ તો તેમાં માતા-દિકરા વચ્ચે જે ખટરાગ હતો, તે જોવામાં લોકોને મજા આવતી હતી અને મને એમાં ખાસ મજા આવતી હતી. તો હું આવીશ ત્યારે ફરી એ જ પ્રકારની સ્ટોરી આવશે. એક એક્ટર તરીકેની મારી સફરની શરૂઆત આ શોએ જ આપી છે, તેથી હું તેની સાથે લાગણીઓથી જોડાયેલો છું.”જ્યારે સ્મૃતિ ઈરાની સાથે કામ કરવા અંગે સુમીતે જણાવ્યું, “સ્મૃતિ સાથે હંમેશાની જેમ કામ કરવું પહેલાં જેટલું જ સહજ રહ્યું છે. ઘણો સમય વીતી ગયો છે, પણ એકબીજા માટે માન અને સહજ સમજણ પહેલાં જેવી જ છે. અમે જ્યાંથી છોડ્યું હતું, ત્યાંથી જ ફરી કામ શરૂ કરી દીધું છે.

વિજય સેતુપતિ રામાયણમાં વિભિષણનો રોલ કરવાનો હોવાની ચર્ચા

# રણબીર કપૂરની રામાયણમાં હવે વિજય સેતુપતિની એન્ટ્રી



નિતિશ તિવારીની રમાયણ એવી ફિલ્મ છે, જેની આ વર્ષે સૌથી વધુ રાહ જોવાઈ રહી છે. મહાકાય બજેટમાં બની રહેલી આ ફિલ્મની કાસ્ટની વાત હોય કે પછી તેની ટેક્નોલોજીની વાત, તેની ચર્ચાઓ ચાલ્યા જ કરે છે. આ ફિલ્મમાં પહેલાંથી જ મજબુત કાસ્ટ ચર્ચામાં છે, હવે તેમાં વધુ એક મજબુત કલાકાર જોડાયો હોવાની ચર્ચા છે. એવા અહેવાલો છે કે તમિલ સુપરસ્ટાર વિજય સેતુપતિ આ ફિલ્મમાં વિભિષણનો રોલ કરી શકે છે. આ અંગેના કેટલાક અહેવાલો અનુસાર, ફિલ્મના મેકર્સ રામાયણમાં વિભિષણના પાત્ર માટે વિજય સેતુપતિના નામ પર વિચાર કરી રહ્યા છે, જે લંકાપતિ રાવણનો નાનો ભાઈ હતો. રામાયણની કથામાં વિભિષણ સજ્જનતા અને સત્યના પક્ષે હીને ભગવાન રામ તરફથી રાવણ સામે યુદ્ધ લડ્યા હતા. અહેવાલો અનુસાર મેકર્સ વિજય સાથે વાટાઘાટો કો કરી રહ્યા છે પરંતુ હજુ સુધી કોઈ ઓફિશિયલ માહિતી જાહેર કરવામાં આવી નથી. આ ફિલ્મમાં રણબીર કપૂર અને સાઈ પલ્લવી રામ-સીતાના રોલમાં હોવાની વાત તો હવે જાહેર છે, સાથે જ આ ફિલ્મમાં યશ રાવણના રોલમાં , સન્ની દેઓલ હનુમાનજીના રોલમાં અને રવિ દુબે લક્ષ્મણના રોલમાં હોવાની ચર્ચા છે. તેમાં હવે વિજય સેતુપતિનું નામ પણ જોડાયું છે. આ ફિલ્મનું સંગીત એ.આર.રહેમાને આપ્યું છે અને તેણે હોલિવૂડના જાણીતા સંગીતકાર હંસ ઝીમર સાથે મળીને આ ફિલ્મનું સંગીત આપ્યું છે. ૨૭ માર્ચે રામનવમીના દિવસે આ ફિલ્મની પહેલી ઝલક જાહેર કરવાનો નિર્ણય લેવાયો છે. ગેટ વે ઓફ ઈન્ડિયા ખાતે એક ખાસ કાર્યક્રમમાં ફિલ્મની પહેલી ઝલક જોવા મળશે.

### આ પ્રકારની જીદ પાકિસ્તાની ક્રિકેટની એક આખી પેઢીને બરબાદ કરી શકે છે:પૂર્વ ખેલાડીઓ

# મેચ વિવાદ વચ્ચે BCB અધ્યક્ષ પાકિસ્તાન દોડ્યા

### ભારત-પાકિસ્તાન મુકાબલો આ ટુર્નામેન્ટનો સૌથી મોટો આકર્ષણનો સ્ત્રોત છે

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં પાકિસ્તાન દ્વારા ભારત સામેની મેચના બહિષ્કારના ડ્રામા વચ્ચે ક્રિકેટ જગતમાં મોટી હલચલ મચી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના ચીફ મોહસિન નકવીની જીદને શાંત પાડવા માટે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ના અધ્યક્ષ અમીનુલ ઈસ્લામ બુલબુલ તાબડતોબ લાહોર પહોંચ્યા છે.



પાકિસ્તાન દ્વારા ભારત સામેની મેચ ન રમવાના સંભવિત નિર્ણયને પગલે ક્રિકેટ જગતના સમીકરણો બગડી રહ્યા છે. આ સ્થિતિમાં બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના અધ્યક્ષની લાહોર યાત્રા અત્યંત મહત્ત્વની માનવામાં આવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અમીનુલ ઈસ્લામ અને મોહસિન નકવી વચ્ચેની આ મુલાકાત પાકિસ્તાનના વલણને નરમ પાડવા અને એશિયન ક્રિકેટના હિતોને જાળવી રાખવા માટે થઈ રહી છે.

સમગ્ર વિવાદને વણસતો જોઈને ICCએ એક ઈમરજન્સી બેઠકનું આયોજન કર્યું છે. આ બેઠકમાં ICCના CEO સંજોગ ગુપ્તા, PCB ચીફ મોહસિન નકવી અને BCB અધ્યક્ષ સામેલ થશે. ICCનો હેતુ કોઈપણ રીતે પાકિસ્તાનને મેદાન પર ઉતારવાનો છે, કારણ કે ભારત-પાકિસ્તાન મુકાબલો આ ટુર્નામેન્ટનો સૌથી મોટો આકર્ષણનો સ્ત્રોત છે. જો પાકિસ્તાન પોતાની જીદ નહીં છોડે, તો તેની સામે કડક આર્થિક દંડ અથવા પ્રતિબંધો પણ મુકાઈ શકે છે.ક્રિકેટના દિગ્ગજોનું માનવું છે કે પાકિસ્તાનની આ ડ્રામેબાજી લાંબી નહીં ચાલે. ભારત સામેની મેચમાં ન રમવાથી પાકિસ્તાનને આર્થિક રીતે મોટું નુકસાન થઈ શકે છે. પૂર્વ ખેલાડીઓએ પણ નકવીને ચેતવણી આપી છે કે આ પ્રકારની જીદ પાકિસ્તાની ક્રિકેટની એક આખી પેઢીને બરબાદ કરી શકે છે. હવે જોવાનું એ રહેશે કે આજની રાતની ICCની બેઠક બાદ પાકિસ્તાન નરમ પડે છે કે પછી વિવાદ વધુ વણસે છે.

#### ભારત સામેની મેચના બહિષ્કારનો નિર્ણય ખોટો : ICCના પૂર્વ ચેરમેન

આગામી ૧૫મી ફેબ્રુઆરીએ રમાનારી ભારત-પાકિસ્તાન મેચ પહેલા ક્રિકેટ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. પાકિસ્તાન સરકાર દ્વારા ભારત સામે મેદાનમાં ન ઉતરવાની સૂચના આપ્યા બાદ વર્લ્ડ કપના ભાવિ પર સવાલો ઊભા થયા છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદના પૂર્વ ચેરમેન એહસાન મણિએ મોટું નિવેદન આપતા જણાવ્યું છે કે, પાકિસ્તાનનો આ નિર્ણય અત્યંત 'નિરાશા' માંથી લેવામાં આવ્યો છૈ.ઝઝના પૂર્વ વડા એહસાન મણિએ વર્તમાન સંકટ માટે કોઈ એક પક્ષને દોષ દેવાને બદલે ''રાજકીય હસ્તક્ષેપ'' ને મુખ્ય કારણ ગણાવ્યું છે. તેમણે ચેતવણી આપતા કહ્યું કે, 'પરિસ્થિતિ એટલી વણસી ગઈ છે કે હવે ઉકેલ લાવવો મુશ્કેલ બની રહ્યો છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને એવું લાગી રહ્યું છે કે તેમની સતત અવગણના કરવામાં આવી રહી છે, જેની પ્રતિક્રિયા રૂપે આ કઠોર વલણ અપનાવવામાં આવ્યું છે.'



### ચિદંબરમ સ્ટેડિયમમાં થોડી ક્ષણ માટે ચાહકોમાં સન્નાટો વ્યાપી ગયો

# T20 વર્લ્ડ કપમાં મોટી દુર્ઘટના ટળી અચાનક એકબીજા સાથે ખેલાડી ટકરાયા

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ શરૂ થયાને બે દિવસ જ થયા છે, દરેક ટીમોનો જોશ હાઈ છે ત્યારે ટુર્નામેન્ટના પહેલા જ દિવસે બે મોટા ઉલટફેર થતાં થતાં રહી ગયા. જ્યારે બીજા દિવસે એક ખતરનાક દુર્ઘટના ટળી ગઈ, ટી૨૦ વર્લ્ડ કપની ચોથી મેચમાં ન્યૂઝીલેન્ડ અને અફઘાનિસ્તાન સામ સામે હતા. આ મેચમાં ન્યૂઝીલેન્ડની ટીમ પહેલા બોલિંગ કરી રહી હતી, ઈનિંગની ત્રીજી ઓવરમાં જ બે ખેલાડી સામ સામે ટકરાઈ ગયા, ટક્કર એટલી જોરદાર હતી કે થોડી ક્ષણ માટે ચાહકોમાં સન્નાટો વ્યાપી ગયો.



રવિવારે ૮ ફેબ્રુઆરીના રોજ ચેન્નાઈના એએમ ચિદંબરમ સ્ટેડિયમમાં ટી૨૦ વર્લ્ડ કપની ચોથી મેચ રમાઈ રહી હતી. જેમાં અફઘાનિસ્તાનની ટીમ પહેલા બેટિંગ કરી રહી હતી.રહમાનુંલ્લાહ ગુરબાઝ અને સદિલકુલ્લાહ અટલ ઓપનિંગ કરી રહ્યા હતા. બંને મોટા શૉટ મારવાની ફિરાકમાં પણ કનેક્શન બની રહ્યું ન હતું. તેવામાં ત્રીજી ઓવર આવી, ફાસ્ટ બોલર મેટ હેનરી બોલિંગ કરી રહ્યો હતો. ગુરબાઝ સ્ટ્રાઈક પર હતોઆ જ ઓવરની પાંચમી બોલ, જેના પર હેનરીએ બાઉન્સર નાખવાની કોશિશ કરી, ગુરબાઝે પુલ શૉટ લગાવ્યો પણ સફળ ન થયો, બેટના કિનારે અડકીને બોલ વિકેટની પાછળ હવામાં ઉછળ્યો, જેને પકડવા માટે ન્યૂઝીલેન્ડ ટીમના ત્રણ ખેલાડીઓ દોડ્યા, જેમાં વિકેટ કીપર સાઈફર્ટ પણ સામેલ હતો. જેવા કેચ લપકવાનો પ્રયાસ કર્યો ત્યારે સાઈફર્ટ અને ફીન એલન વચ્ચે જોરદાર ટક્કર થઈ ગઈ, બંને મેદાન પર ઢળી પડ્યા. આગળની કેટલી સેકન્ડ બંને એકબીજાને જોઈ રહ્યા.

### ગંભીરે મિટિંગમાં ક્યારેય કંઈપણ ઉલ્લેખ કર્યો નથી અને આ અફવાઓ સંપૂર્ણપણે ખોટી: BCCI સેક્રેટરી

# શું ગંભીરે કોહલીને ટેસ્ટમાંથી નિવૃત્તિ લેવા મજબૂર કર્યો? આખરે અફવાનું ખંડન કરાયું

### ઘણા લોકો ખોટી વાતો લખે છે. અમે આ બાબતો પર ટિપ્પણી નહીં કરીએ

રોહિત શર્મા અને વિરાટ કોહલી ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં સૌથી મોટા ખેલાડીઓમાંથી એક છે. જ્યારે ગૌતમ ગંભીર હેડ કોચ બન્યા બાદ એવી અફવાહ ઉડી રહી છે કે, રોહિત-વિરાટને ટીમ ઈન્ડિયાથી બહાર કરવા જોઈએ. જ્યારે કેટલાક લોકોનું તો કહેવું છે કે, ગંભીરે જ વિરાટ કોહલીને ટેસ્ટમાંથી નિવૃતિ લેવા માટે મજબૂર કર્યો. આ મામલે **BCCI** સેક્રેટરી દેવજીત સૈકિયાએ મોટો ખુલાસો કર્યો છે.




**BCCI** સેક્રેટરી દેવજીત સૈકિયાએ સ્પષ્ટ જણાવ્યું કે, ગૌતમ ગંભીર અને વિરાટ કોહલી વચ્ચે બધુ બરાબર છે. તેમણે કહ્યું કે, ''મે ક્યારે તેઓને લડતાં જોયા નથી. તેમના વચ્ચે સારા સંબંધ છે. લોકોને તેવુ લાગતું હશે પરંતુ વિરાટ હંમેશાથી ટીમ સાથે છે. ગંભીર પણ અહીં જ છે. તમે ક્યારેય જોયું છે કે, વિરાટ કોહલી ટીમનો ભાગ નથી?''વિરાટના ટેસ્ટમાંથી નિવૃત્તિના સવાલ પર સૈકિયાએ કહ્યું કે, ''કોઈપણ કોહલીના લેવલના ખેલાડીની આ પ્રકારનો નિર્ણય લેવા માટે મજબૂર નહીં કરી શકતું. તે સાધારણ ખેલાડી નથી. તે ભારતીય ક્રિકેટના દિગ્ગજ ખેલાડી છે. બોર્ડ કોઈ પ્લેયરના કરિયરમાં દખલગીરી નથી કરતું.''રોહિત શર્મા અને વિરાટ કોહલીના ટેસ્ટ નિવૃત્તિ પછી તેમના ૢૈ ભવિષ્ય અંગે પ્રશ્નો ઉભા થયા હતા. એવા અહેવાલો સામે આવ્યા હતા કે, હેડ કોચ ગૌતમ ગંભીર તેમને **ODI** ટીમમાં જોવા માંગતા ન હતા. મ્ઝ્ઝૈ સેક્રેટરીએ સ્પષ્ટતા કરી હતી કે, ગંભીરે મિટિંગમાં ક્યારેય કંઈપણ ઉલ્લેખ કર્યો નથી અને આ અફવાઓ સંપૂર્ણપણે ખોટી છે. સૈકિયાએ કહ્યું, ''ઘણા લોકો ખોટી વાતો લખે છે. અમે આ બાબતો પર ટિપ્પણી નહીં કરીએ. અમને આવું કંઈ દેખાતું નથી. મિટિંગમાં ક્યારેય આવો મુદ્દો ઉઠાવવામાં આવ્યો નથી.''

# બોલીવુડના એક અનુભવી દિગ્દર્શકનો પુત્ર પાકિસ્તાનમાં ક્રિકેટ રમશે

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે તાજેતરમાં પાકિસ્તાન સુપર લીગ ૨૦૨૬ ની હરાજી માટે નોંધાયેલા ખેલાડીઓની યાદી જાહેર કરી છે, જેના માટે કુલ ૮૭૯ ખેલાડીઓએ પોતાની અરજીઓ સબમિટ કરી છે. આ યાદીના પ્રકાશનથી પ્રખ્યાત બોલિવૂડ દિગ્દર્શક વિધુ વિનોદ ચોપરા ચર્ચામાં આવ્યા હતા. એવો દાવો કરવામાં આવ્યો હતો કે વિધુ વિનોદ ચોપરાના પુત્ર, અગ્નિ દેવ ચોપરા, જે અગાઉ ભારતીય સ્થાનિક ક્રિકેટમાં રમી ચૂક્યા છે, તેનું નામ પણ આ યાદીમાં સામેલ છે. આ દાવાઓએ હંગામો મચાવ્યો અને સોશિયલ મીડિયા પર વ્યાપક આક્રોશ ફેલાવ્યો. દરમિયાન, અગ્નિ ચોપરા અને તેની માતા અનુપમા ચોપરાએ પણ પ્રતિક્રિયા આપી છે



અને આ દાવાઓને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે. અગ્નિ ચોપરા કહે છે કે તેણે લીગ માટે નોંધણી કરાવી નથી અને તેની વિરુદ્ધ ફેલાવવામાં આવી રહેલા અહેવાલો ખોટા છે.

આખો વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે અગ્નિ દેવનું નામ પીએસએલની ૧૧મી આવૃત્તિ માટે નોંધાયેલા ખેલાડીઓની યાદીમાં દેખાયું. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ આ યાદીમાં અગ્નિ ચોપરાને અમેરિકન નાગરિક તરીકે દર્શાવવામાં આવી હતી, જેની મૂળ કિંમત ૬૦૦,૦૦૦ રૂપિયા હતી. આ યાદી સામે આવતાની સાથે જ અફવાઓ ફેલાઈ ગઈ હતી કે અગ્નિ ચોપરાએ આગામી પીએસએલ સીઝન માટે નોંધણી કરાવી છે, પરંતુ અગ્નિએ હવે આ દાવાઓને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે.અગ્નિ ચોપરાએ પીએસએલ માટે તેણીની નોંધણી અંગેના દાવાઓનો જવાબ આપતી તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરી હતી, જેને તેની માતા અને ફિલ્મ વિવેચક અનુપમા ચોપરાએ પણ ફરીથી શેર કરી હતી. પોતાની પોસ્ટમાં, અગ્નિ ચોપરાએ પીએસએલ ૨૦૨૬ માટે તેણીની નોંધણી અંગેના દાવાઓને નકારી કાઢ્યા હતા અને દાવો કર્યો હતો કે તેણી વિરુદ્ધ ખોટી માહિતી અને સમાચાર ફેલાવવામાં આવી રહ્યા છે. તેણીએ લોકોને આ દાવાઓ પર વિશ્વાસ ન કરવા પણ વિનંતી કરી હતી.તેમની પોસ્ટમાં અગ્નિએ લખ્યું, ''મારા નામે એક ટુર્નામેન્ટ અંગે ખોટા અને ભ્રામક સમાચાર ફેલાવવામાં આવી રહ્યા છે. હું સ્પષ્ટ કરવા માંગુ છું કે મેં પીએસએલ માટે નોંધણી કરાવી નથી. હું યુનાઈટેડ સ્ટેટ્સમાં મારા ક્રિકેટ કારકિર્દી અને લાંબા ગાળાના કારકિર્દીના લક્ષ્યો પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છું. હું દરેકને ખોટી માહિતીનો શિકાર ન બનવા વિનંતી કરું છું.''અનુપમા ચોપરાએ પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ ફરીથી શેર કરી. તેણીએ ટિપ્પણી કર્યા વિના તેને શેર કરી. અગ્નિના પિતા, બોલીવુડ દિગ્દર્શક વિધુ વિનોદ ચોપરાએ હજુ સુધી આ વિવાદનો જવાબ આપ્યો નથી.

### ભારતે T-20 વર્લ્ડ કપની શરૂઆત જીત સાથે કરી છે

# ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતની વિજયી શરૂઆત: USAને ૨૯ રને હરાવ્યું; કેપ્ટન સૂર્યાની ફિફ્ટી, સિરાજની 3 વિકેટ




ભારતે T-૨૦ વર્લ્ડ કપની શરૂઆત જીત સાથે કરી છે. શનિવારે છેલ્લી મેચમાં ટીમે અમેરિકાને ૨૯ રનથી હરાવ્યું હતું. મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ભારતે ટોસ હારીને પહેલા બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૬૨ રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયાની પહેલી ૪ વિકેટ માત્ર ૪૬ રનમાં પડી ગઈ હતી. કેપ્ટન સૂર્યકુમાર યાદવે ૪૯ બોલમાં ૮૪ રન બનાવીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી.૧૬૨ રનના ટાર્ગેટનો પીછો કરતા અમેરિકાની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૩૨ રન જ બનાવી શકી. શુભમ રંજને અને સંજય કૃષ્ણમૂર્તિએ ૩૭-૩૭ રન બનાવ્યા. જ્યારે મિલિંદ કુમારે ૩૪ રન બનાવ્યા. ભારત તરફથી મોહમ્મદ સિરાજે ૩ વિકેટ લીધી. અર્શદીપ સિંહ અને અક્ષર પટેલે ૨-૨ વિકેટ લીધી.

#### અમેરિકાના રાજદૂત સર્જિયો ગોર વાનખેડે સ્ટેડિયમમાં હાજર હતા અને અંબાણી દંપતી અને જય શાહ સાથે મુલાકાત કરી

ભારતમાં અમેરિકાના રાજદૂત અને દક્ષિણ અને મધ્ય એશિયા માટેના ખાસ દૂત સર્જિયો ગોર, શનિવારે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ભારત અને અમેરિકા વચ્ચેની ટી ૨૦ વર્લ્ડ કપ મેચમાં હાજર હતા. ગોરે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) ના પ્રમુખ જય શાહ સાથે મુલાકાત કરતા પહેલા શાનદાર ઉદઘાટન સમારોહ અને આતશબાજીનો આનંદ માણ્યો. ભારતના ભૂતપૂર્વ કેપ્ટન અને આ સિઝનના ટી ૨૦ વર્લ્ડ કપના બ્રાન્ડ એમ્બેસેડર રોહિત શર્મા પણ હાજર રહ્યા હતા.અગાઉ, ગોરે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે, ''હું ટી ૨૦ વર્લ્ડ કપ મેચ માટે મુંબઈ પહોંચ્યો છું. યુએસ ટીમ માટે મોટો દિવસ. યુએસ ટીમને શુભકામનાઓ.'' રાષ્ટ્રગીત દરમિયાન, ગોરે જય શાહની બાજુમાં ઊભા રહીને શ્રદ્ધાંજલિ આપી, અને તરત જ યુએસ ખેલાડીઓને મળ્યા. ભારત અને યુએસ વચ્ચેની આ માત્ર બીજી ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ હતી. ભારતે ૨૦૨૪ ટી ૨૦ વર્લ્ડ કપમાં બંને ટીમો વચ્ચેની પહેલી મેચ સાત વિકેટથી જીતી હતી. ભારત અને યુએસ ગ્રુપ છ માં છે, જેમાં નામિબિયા, નેધરલેન્ડ અને પાકિસ્તાન પણ શામેલ છે.ભારતે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ની પોતાની પહેલી મેચમાં યુએસને ૨૯ રનથી હરાવીને મજબૂત શરૂઆત કરી.



### નેપાળને હરાવતા ઈંગ્લેન્ડનો પરસેવો છૂટ્યો

# ટી-૨૦ વર્લ્ડ કપમાં નેપાળે છેલ્લા બોલ સુધી લડત આપી; ઈંગ્લિશ ટીમ માત્ર ૪ રનથી જીતી

T20 વર્લ્ડ કપ ૨૦૨૬નો પાંચમો મુકાબલો ઈંગ્લેન્ડ અને નેપાળ વચ્ચે રમાયો. જેમાં ઈંગ્લેન્ડની ટીમે માત્ર ૪ રનથી જીત મેળવી. આ મુકાબલો છેલ્લા બોલ સુધી ગયો. આ મેચ મુંબઈના વાનખેડે મેદાન પર થઈ. ઈંગ્લેન્ડની ટીમે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઈંગ્લેન્ડએ ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૮૪ રન બનાવ્યા હતા. પરંતુ નેપાળે છેલ્લા બોલ સુધી લડાઈ લડી અને માત્ર ૪ રનથી હાર મળી.

છેલ્લી બે ઓવર એટલે કે ૧૨ બોલમાં નેપાળને જીતવા માટે ૨૪ રનની જરૂર હતી. ૧૯મી ઓવરમાં વૂડના પહેલા બોલ પર ચોગ્ગો પડ્યો અને પછી સતત બે વાઈડ ગયા. બીજા બોલ પર કોઈ રન આવ્યો નહીં. પરંતુ ત્રીજા બોલ પર લોકેશે ફરી ચોગ્ગો ફટકાર્યો. ત્યારબાદ ફરી એક વાઈડ આવ્યો. ચોથા બોલ પર ૨ રન આવ્યા. ૫મા બોલ પર ૧ રન આવ્યો. અને ૧૯મી ઓવરના છેલ્લા બોલ પર ગુલશન ઝા બોલ્ડ થઈ ગયો. એટલે કે છેલ્લા ૬ બોલ પર જીતવા માટે નેપાળને ૧૦ રન જોઈતા હતા.૨૦મી ઓવરના પહેલા બોલ પર કોઈ રન આવ્યો નહીં. બીજા બોલ પર એક રન આવ્યો. ત્રીજા બોલ પર પણ એક રન આવ્યો. ચોથા બોલ પર લોકેશે ૨ રન લીધા. ત્યારે બે બોલમાં ૬ રન જોઈતા હતા. ૫મા બોલ પર લોકેશ રન બનાવી શક્યા નહીં. છેલ્લા બોલ પર ૬ રન જોઈતા હતા.

#### નેપાળની બેટિંગ આવી રહીં

૧૮૫ રનના જવાબમાં ઉતરેલી નેપાળની શરૂઆત ખૂબ જ શાનદાર રહી. પહેલો ઝટકો ચોથી ઓવરમાં લાગ્યો જ્યારે આશિક શેખની વિકેટ પડી. ત્યારે નેપાળનો સ્કોર ૩૭ રન હતો. ત્યારબાદ ૪૨ના સ્કોર પર કુશલ આઉટ થઈ ગયા. પરંતુ ત્યારબાદ રોહિત પૌડેલ અને દીપેન્દ્ર સિંહ વચ્ચે સારી ભાગીદારી થઈ. બંનેએ નેપાળનો સ્કોર ૧૨મી ઓવરમાં જ ૧૦૦ને પાર પહોંચાડી દીધો. પરંતુ આ ભાગીદારી તૂટી ૧૫મી ઓવરમાં જ્યારે ૧૨૪ના સ્કોર પર દીપેન્દ્ર સિંહની વિકેટ પડી. ત્યારબાદ રોહિત પર મોટી જવાબદારી હતી. પરંતુ ૧૬મી ઓવરમાં રોહિતની પણ વિકેટ પડી ગઈ. રોહિતની જ્યારે વિકેટ પડી ત્યારે નેપાળનો સ્કોર ૧૨૬ રન હતો. આરીફની વિકેટ પણ ૧૪૬ના ટોટલ પર પડી ગઈ.

# સૂર્યકુમાર યાદવની મોટી સિદ્ધિ, મહેન્દ્ર સિંહ ધોનીને પાછળ છોડીને, હવે યુવરાજ સિંહ પર નિશાન



આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ટીમ ઈન્ડિયાની પહેલી મેચમાં, કેપ્ટન સૂર્યકુમાર યાદવે એક એવી ઈનિંગ રમી જેણે ભારતને મુશ્કેલીમાંથી બચાવ્યું જ નહીં પરંતુ ભૂતપૂર્વ કેપ્ટન એમએસ ધોનીના પરાક્રમને પણ પાછળ છોડી દીધું. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં યુએસએ સામેની આ મેચમાં, સૂર્યકુમાર યાદવે ૪૯ બોલમાં અણનમ ૮૪ રનની શાનદાર ઈનિંગ રમી. આ તેની ટી ૨૦ કારકિર્દીની ૬૩મી અડધી સદી હતી. તેણે પોતાની ઈનિંગમાં ૧૦ ચોગ્ગા અને ચાર છગ્ગા ફટકાર્યા. ટી ૨૦ વર્લ્ડ કપમાં આ સૂર્યકુમાર યાદવની છઠ્ઠી અડધી સદી હતી. તે આ ટુર્નામેન્ટમાં ૫૦ થી વધુ ચોગ્ગા ફટકારનાર ચોથો ભારતીય બેટ્સમેન પણ બન્યો. તેણે ભારતીય બેટ્સમેનોમાં ટી ૨૦ વર્લ્ડ કપમાં ચોથો સૌથી વધુ વ્યક્તિગત સ્કોર પણ હાંસલ કર્યો.ટી ૨૦ વર્લ્ડ કપમાં સૌથી વધુ ઈનિંગ રમનારા ભારતીયો : સુરેશ રૈના - ૧૦૧,રોહિત શર્મા - ૯૨,વિરાટ કોહલી - ૮૯*,સૂર્યકુમાર યાદવ - ૮૪* આ મેચમાં શરૂઆતના પરાજયથી ભારતની ટીમ ખૂબ જ હચમચી ગઈ હતી. પાવરપ્લેમાં ચાર વિકેટ પડી ગઈ અને સ્કોર ૪૬/૪ થયો. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં, સૂર્યકુમાર યાદવે કમાન સંભાળી અને પોતાની આક્રમક છતાં જવાબદાર બેટિંગથી ભારતને ૧૬૧/૯ ના પડકારજનક સ્કોર તરફ દોરી ગયું.આ ઈનિંગ સાથે, સૂર્યકુમાર યાદવે ટી ૨૦ વર્લ્ડ કપ સ્ટેન્ડિંગમાં એમએસ ધોની અને ગૌતમ ગંભીરને પાછળ છોડી દીધા. સૂર્યાના હવે ૧૮ ટી ૨૦ વર્લ્ડ કપ મેચોમાં ૫૬૪ રન છે. આનાથી તે ટી ૨૦ વર્લ્ડ કપમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી તરીકે ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની અને ગૌતમ ગંભીરને પાછળ છોડી ગયો છે. વધુમાં, સૂર્યા એવા ભારતીય બેટ્સમેનોના જૂથમાં જોડાયો છે જેમણે વર્લ્ડ કપ જેવા મોટા સ્ટેજ પર ૫૦૦ થી વધુ રન બનાવ્યા છે. હવે, ભારતીય કેપ્ટન પાસે યુવરાજ સિંહને પાછળ છોડી દેવાની તક હશે.ટી ૨૦ વર્લ્ડ કપમાં સૌથી વધુ રન બનાવનારા ભારતીય બેટ્સમેન વિરાટ કોહલી - ૧૨૯૨,રોહિત શર્મા - ૧૨૨૦,યુવરાજ સિંહ - ૫૯૩,સૂર્યકુમાર યાદવ - ૫૬૪ મેચ દરમિયાન, સૂર્યકુમાર યાદવે અક્ષર પટેલ સાથે મહત્વપૂર્ણ ભાગીદારી કરી અને ટીમને ૧૦૦ થી વધુ રન બનાવ્યા. અંતિમ ઓવરોમાં, તેણે સૌરભ નેત્રાવલકરને સતત બાઉન્ડ્રી ફટકારીને સ્કોર મજબૂત બનાવ્યો. ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં, તેણે અત્યાર સુધીમાં ૯૯ ઈનિંગ્સમાં ૩૧૧૪ રન બનાવ્યા છે. ટી૨૦ ક્રિકેટમાં, સૂર્યાએ ૩૫૨ મેચોમાં ૯૩૦૧ રન બનાવ્યા છે.

### T20 વર્લ્ડ કપમાં ન્યૂઝીલેન્ડે પોતાનો હાઇએસ્ટ રનચેઝ કર્યો

# અફઘાનિસ્તાનને ૫ વિકેટથી હરાવ્યું; ટિમ સેફર્ટે તોફાની ફિફ્ટી ફટકારી, લોકી ફર્ગ્યુસને ૨ વિકેટ લીધી

ન્યૂઝીલેન્ડે ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં જીત સાથે શાનદાર પ્રારંભ કર્યો છે. ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં રમાયેલા આ મુકાબલામાં કિવી ટીમે અફઘાનિસ્તાનને ૫ વિકેટથી હરાવીને પોતાના અભિયાનની ધમાકેદાર શરૂઆત કરી. અફઘાનિસ્તાને ટૉસ જીતીને પહેલા બેટિંગ કરતા નિર્ધારિત ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવી ૧૮૨ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. જોકે, ન્યૂઝીલેન્ડના બેટર્સે આક્રમક વલણ અપનાવ્યું અને ૧૮૩ રનનો ટાર્ગેટ માત્ર ૧૭.૫ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો. ૨૦ વર્લ્ડ કપમાં કિવીઝે સૌથી મોટો રનચેઝ કર્યો છે. તેમણે અગાઉ ૨૦૨૧માં અબુ ધાબીમાં ઈંગ્લેન્ડ સામે ૧૬૭ રનનો ચેઝ કર્યા હતા.



ટીમ તરફથી ઓપનર ટિમ સેફર્ટ (૬૫) એ ફિફ્ટી ફટકારી, જ્યારે ગ્લેન ફિલિપ્સે ૪૨, માર્ક ચેપમેન ૨૮ અને ડેરીલ મિચેલે અણનમ ૨૫ રન બનાવ્યા.અગાઉ, અફઘાનિસ્તાને ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૮૨ રન બનાવ્યા. ગુલબદીન નઈબ ૬૩ રનની ઈનિંગ રમી. ન્યૂઝીલેન્ડ તરફથી સેદીકુલ્લાહ અટલે ૨૯, રહેમાનુલ્લાહ ગુરબાઝે ૨૭ અને દરવિશ રસૂલીએ ૨૦ રન બનાવ્યા. ન્યૂઝીલેન્ડ તરફથી લોકી ફર્ગ્યુસને ૨ વિકેટ લીધી. મેટ હેનરી, રચિન રવીન્દ્ર અને જેકબ ડફીએ ૧-૧ વિકેટ લીધી.